પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 07 February, 2020 Vol. 16, No. 06 Pages 24+8 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news



# ઓન્ટેરિયોમાં તપાસ દરમિયાન એ આર ૧૫ રાઈફલ મળી : બે શખ્સની ધરપકડ



## • ગોળીબારના કેસની તપાસ દરમિયાન બંદુકો અને દારૂગોળો પણ મળ્યો

ઓન્ટેરિયો : પીલ રીજિયોનલ પોલીસે જણાવ્યું હતું કે, બ્રામ્પટનમાં થયેલા ગોળીબારના કેસની તપાસ દરમિયાન જારી કરાયેલા સર્ચ વોરન્ટની બજાવણી કરતી વખતે પોલીસને કેટલીક બંદુકો અને દારૂગોળા સાથે એઆર -૧૫ રાઈફલ પણ મળી આવી હતી. સત્તાવાર અખબારી યાદીમાં પોલીસે જણાવ્યું હતું કે, એક સ્ત્રી અને પુરૂષ ઈંગ્લીશ સ્ટ્રીટપાર્કમાં ચાલીને જતા હતા. ત્યારે મેઈન સ્ટ્રીટ નોર્થ અને વિલિયમ્સ પાર્ક વે નજીકથી શનિવારની વહેલી સવારે ૧.૩૦ કલાકે ગોળીબાર થયો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, એ પછી એ બંને પોતાના વાહનમાં બેસીને એ વિસ્તાર છોડી ગયા હતા. પરંતુ પછીથી એ બંનેને પકડી પાડવામાં આવ્યા હતા. ગોળીબારમાં કોઈને ઈજા પહોંચી નહોતી. એ વ્યકિતના નામના સર્ચ વોરન્ટની બજાવણી થતાં એના ઘરમાંથી પોલીસને બે પિસ્તોલ અને એક એઆર -૧૫ રાઈફલ તથા સેંકડો રાઉન્ડ ગોળીઓ મળી આવી હતી. આ ઉપરાંત ૩૦૦૦ યુએસ ડોલરના મૂલ્યના ડ્રગ્સ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે, ૩૦ વર્ષીય લિયોનેલ વિલી અને ૨૪ વર્ષીય શમાસ બેરેન્ટુઓ નામના આ બંને બ્રામ્પટનના છે અને તેમની ધરપકડ કરવામાં આવી છે. આ બંને સામે બેફામ ગોળબાર કરવાના, ગુનાહિત આશય માટે હથિયાર રાખવાનો અને ગેરકાનૂની રીતે હથિયાર રાખવા જેવા અનેક ગુનાઓ નોંધવામાં આવ્યા છે. આ બંનેની જામીન અરજીની સુનાવણી રવિવારે અદાલતમાં થાય ત્યાં સુધી કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા.

# સેન્ટ કેથેરીન બેંક લૂંટમાં સંડોવાયેલા ત્રણ કિશોરોને પોલીસે ઝડપી પાડયા

ટોરન્ટો : નાયગ્રા પોલીસે શુક્રવારની નાટકીય સેન્ટ કેથેરીન બેંક રોબરીમાં સંડોવાયેલા ત્રણ કિશોરોને ઝડપી પાડયા હતા. જયારે આ ઘટનામાં સંડોવાયેલા ચોથા આરોપીની તપાસ પોલીસ કરી રહી છે. ૩૧મી જાન્યુઆરીની સાંજે ૪.૫૦ કલાકે નાયગ્રા રીજિયોનલ પોલીસ સર્વિસને મળેલી સેન્ટ કેથરીન બેંક રોબરીની જાણકારી બાદ કાર્યવાહી શરૂ થઈ હતી. અધિકારીઓને કહેવામાં આવ્યું હતું કે, કીંગ એન્ડ વિલીયમ સ્ટ્રીટ ખાતે આવેલી બેંક ઓફ મોન્ટ્રીયલને નકાબપોશ ઈસમોએ લૂંટી લીધી છે. એ પૈકીના એકના હાથમાં બ્રામ્ડીશ્ડ હેન્ડ ગન હતી. એક અખબારી અહેવાલ મુજબ ઘટના સ્થળે પહોંચેલા અધિકારીઓએ ત્રણ નકાબપોશોને કાળી વોકસવેગન કારમાં બેસતા જોયા હતા.

તેમણે એનો પીછો કરવાનું શરૂ કર્યુ હતું પરંતુ જાહેર સુરક્ષાને ધ્યાને લઈને પીછો કરવાનું બંધ કર્યુ હતું.પોલીસના જણાવ્યા મુજબ ટ્રાફિક પોલીસે એક વાહનને શંકાસ્પદ હાલતમાં થોડા સમય બાદ જ ડેકવી રોડ અને મેરીટવીલે હાઈ વે નજીક જોયું હતું. પોલીસના કાફલાએ ફરીથી એ વાહનનો પીછો કર્યો હતો. હાઈ વે ૪૦૬ અને સેન્ટ ડેવીડ રોડના જંકશન પર વોકસવેગનનું ટાયર ફાટી જતા એ લોકો પકડાઈ ગયા હતા. ત્રણ શકમંદોએ ભાગી છૂટવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોલીસે દોડીને એમને ઝડપી પાડયા હતા. ચોથા શકમંદની તપાસ માટે ઈમરજન્સી ટાસ્ક યુનિટ, કે ૯ યુનિટ અને સેન્ટ કેથરીન, વેલાન્ડ અને નાયગ્રાના પેટ્રોલીંગ અધિકારીઓ આસપાસના વિસ્તારમાં પહોંચી ગયા હતા. પકડાયેલાઓમાં એક પંદર વર્ષીય કિશોર મિસિસાગાનો રહેવાસી છે. જેની સામે હથિયારો રાખવાના અનેક કેસ છે.

બીજો ૧૬ વર્ષીય કિશોર ટોરન્ટોનો રહેવાસી છે. જેની સામે લૂંટ અને પ્રતિબંધિત હથિયાર રાખવાનો આરોપ છે. એક અન્ય ૧૮ વર્ષીય યુવાનને પણ ઝડપી પાડવામાં આવ્યો હતો.










Visitor's To Canada
SUPERVISA INSURANCE
MORTGAGE INSURANCE
Life Insurance
Critical Illness Plan
Disability Insurance
647-403-5560
jigarkumar7@yahoo.ca
www.saachinsure.com
JIGARKUMAR V. PATEL
Life Insurance Advisor
11 YEARS IN BUSINESS

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Buy • Sell • Invest
In Real Estate
Buy with Confidence, Sell with Success!
TUSHAR PATEL
REAL ESTATE SALESPERSON
HOMELIFE
416-500-2905

FRIDAY, 07 February, 2020 Vol. 16, No. 06 Pages 24+8 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# ચીનમાં કોરોના વાયરસનો કહેર ૫૯૩ના મોત, ૨૮૦૦૦ને અસર

## ચીનની એક કંપની ટેનસેન્ટનો આંકડો મોતના સત્તાવાર આંકડા કરતા ૮૦ ગણો વધારે બતાવ્યો



બેઈજિંગ :ચીનમાં ભારે હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસના કારણે મોતનો આંકડો વધીને હવે વધીને ૫૯૩ સુધી પહોંચી ગયો છે. બુધવારના દિવસે એક દિવસમાં જ વધુ ૭૩ લોકોના મોત થઈ જતા લોકોમાં દહેશત અકબંધ રહેલી છે. હજારો લોકો આના સકંજામાં છે. બીજી બાજુ તાઈવાનના સમાચાર પત્ર તાઈવાન ન્યુઝના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીની કંપની ટેનસેન્ટના કહેવા મુજબ કોરોના વાયરસના કારણે ૧૫૪૦૨૩ લોકો પ્રભાવિત છે. સાથે સાથે ૨૮૦૦૦ લોકોના મોત થઈ ચુક્યા છે. જો કે, મોડેથી ટેનસેન્ટે તેનો આંકડો સુધાર્યો હતો. ટેનસેન્ટનો આ આંકડો ચીનના સત્તાવાર આંકડા કરતા ૮૦ ગણો વધારે છે. ચીની રાષ્ટ્રીય આરોગ્ય પંચે તેના અહેવાલમાં કહ્યુ છે કે બુધવારના દિવસે ૭૩ લોકોના મોત થયા છે. જે પૈકી હુબેઈ પ્રાંતમાં ૭૦ લોકોના મોત થયા છે. જ્યાં સૌથી વધારે લોકોના મોત થયા છે. બુધવારના દિવસે નવા ૫૩૨૮ કેસો સપાટી પર આવ્યા હતા. જે પૈકી એકલા હુબઈ પ્રાંતમાં ૨૯૮૭ કેસ સપાટી પર આવ્યા છે. ચીનમાં બુધવારના દિવસે અસરગ્રસ્ત લોકોની સંખ્યા ૬૪૦ દર્શાવવામાં આવી હતી.

કોરોના વાઈરસ ઈફેક્ટ : વધુ અહેવાલ માટે જુઓ
પેજ નંબર ૨૨

| દેશ | કુલ કેસ | નવા કેસ | મોત |
|---|---|---|---|
| ચીન | ૨૮૦૧૮ | ૫૩૨૮ | ૫૭૦ |
| જાપાન | ૩૩ | ૧૩ | – |
| થાઈલેન્ડ | ૨૫ | ૦૬ | – |
| સિંગાપુર | ૨૪ | ૦૬ | – |
| હોંગકોંગ | ૧૮ | ૦૩ | ૦૧ |
| દક્ષિણ કોરિયા | ૧૮ | ૦૩ | – |
| ઓસ્ટ્રેલિયા | ૧૩ | ૦૧ | – |
| જર્મની | ૧૨ | – | – |
| તાઈવાન | ૧૧ | ૦૧ | – |
| અમેરિકા | ૧૧ | – | – |
| વિયતનામ | ૧૦ | ૦૨ | – |
| મલેશિયા | ૧૦ | ૦૨ | – |
| મકાઉ | ૧૦ | ૦૨ | – |
| ફ્રાંસ | ૦૬ | – | – |
| યુએઈ | ૦૫ | – | – |
| કેનેડા | ૦૫ | ૦૧ | – |
| ભારત | ૦૩ | – | – |
| ફિલિપાઈન્સ | ૦૨ | – | ૦૧ |
| બ્રિટન | ૦૨ | – | – |
| રશિયા | ૦૨ | – | – |
| ઇટાલી | ૦૨ | – | – |
| અન્ય દેશો | ૦૭ | ૦૧ | – |

## દુનિયાને કોરોના વાયરસથી સૌથી પહેલા ચેતવનારા ચીની ડોક્ટરનું મોત

કોરોના વાયરસને લઇને સૌથી પહેલા દુનિયાને ચેતવનારા ચીની ડૉક્ટર લી વેનલિયાન્ગનું ગુરૂવારનાં મોત થઈ ગયું છે. ચીનનાં સરકારી સમાચાર પત્ર ગ્લોબલ ટાઇમ્સ પ્રમાણે ડૉક્ટર લી વેનલિયાન્ગનું મોત કોરોના વાયરસનાં કારણે મોત થયું છે, જ્યારે ચીનનાં વુહાન શહેરમાં કોરાના વાયરસના સમાચાર છપાવવાનાં પ્રયત્ન થઈ રહ્યા હતા ત્યારે ડૉક્ટર લી વેનલિયાન્ગો હૉસ્પિટલથી વિડીયો પોસ્ટ કરીને લોકોને ચેતવ્યા હતા. ત્યારબાદ ચીનનાં સ્થાનિક સ્વાસ્થ્ય વિભાગે ૩૪ વર્ષનાં ડૉક્ટર લી વેનલિયાન્ગની પુછપરછ કરી હતી.

## વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ડોક્ટર લી વેનલિયાન્ગનાં મોત પર દુ:ખ વ્યક્ત કર્યું

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ચીની ડૉક્ટર લી વેનલિયાન્ગનાં મોત પર દુ:ખ વ્યક્ત કર્યું છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનાં સત્તાવાર ટ્વિટર હેન્ડલથી કરવામાં આવેલા ટ્વિટમાં કહેવામાં આવ્યું હતુ કે, 'અમે ડૉક્ટર લી વેનલિયાન્ગનાં નિધનથી દુ:ખી છીએ, આપણે તમામે તેમના દ્વારા કરવામાં આવેલા કાર્યનો જશ્ન મનાવવાની જરૂર છે.'

Ready to make a move?
Exceptional service from
TD Ready for you
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખજો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Save Up to 30% on your Auto Insurance
Save when you combine your Home and Auto Insurance
Desjardins Insurance
Call us today : (416) 431-6800
Li Chen Insurance and Financial Services Inc.
123-1200 Markham Road, Scarborough ON M1H 3C3
li.chen@desjardins.com - www.InsureOntario.ca
Auto • Home • Life • Business

RE/MAX CROSSROADS REALTY INC.
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# આતંક મચાવતા કોરોના વાયરસ માટે વન્ય જીવોનું ભક્ષણ કારણભૂત

તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

છેલ્લાં પખવાડિયાથી ચીનમાં કોરોના વાયરસને કારણે અફરાતફરીનો માહોલ છે. અત્યાર સુધીમાં આ વાયરસે હજારો લોકોને ચપેટમાં લીધા છે. જેને કારણે ગુરુવારે સાંજ સુધીમાં ૫૬૬ લોકોના મોત થયા હતા. જો કે, આ આંકડો સત્તાવાર રીતે સરકારે જાહેર કર્યો છે. પરંતુ બીજી બાજુ વાયરસને કારણે મોતની સંખ્યા હજારોને આંબી ગયાની વાત પણ છે. ચીનમાં ફેલાયેલી આ મહામારી પાછળનું કારણ હવે સમજવા જેવું છે. આમ તો ચીન ટેકનોલોજી ક્ષેત્રે ખૂબ આગળ છે. પરંતુ તેના સંશોધનો અને વૈજ્ઞાનિકોને તમાચો મારતા કોરોનો વાયરસે રીતસરનો આતંક મચાવી દીધો છે. ચીનની પ્રજા વન્ય જીવોના માંસની ખૂબ જ શોખીન છે. દુનિયાના માંસાહારીઓ ગાય, ભેંસ, ઘેટાં, બકરા અને મરઘાનું માંસ આરોગે છે. જયારે ચીનના લોકો હરણ, સાપ, વીંછી, દેડકા, કાચબા અને અજગર જેવા વન્ય જીવોનું માંસ આરોગે છે. ચીનની પ્રજા તો કુતરાં, બિલાડા અને કરચલાના માંસ સુદ્ધા ખાઈ જાય છે. ચીનના જે શહેરથી આ વાયરસ ફેલાયો છે ત્યાં તો વન્ય જીવોનું બજાર ભરાય છે. જયાં માંસાહારનો શોખીનો ટોળે વળે છે. જર્નલ ઓફ મેડિકલ

વાયરોલોજીમાં પ્રકાશિત થયેલાં સંશોધનપત્ર મુજબ કોરોના વાયરસ સૌથી પહેલાં ચાઈનીઝ ક્રેઈટ અને ચાઈનીઝ કોબ્રા નામની સર્પની બે જાતિમાં પેદા થયા હતા. ત્યારબાદ એવું તારણ નીકળ્યું કે, આ વાયરસ પહેલાં ચામાચિડિયાના શરીરમાં પેદા થયો હતો. ચીનના લોકો સાપ અને ચામાચિડીયા પણ ખોરાકમાં આરોગે છે. તેને કારણે તે વાયરસ માનવ શરીરમાં સહેલાયથી પ્રસરી ગયો હતો. કોરોનો વાયરસ અંગે ત્યાની સરકારની જાણ થઈ એટલે તરત જ વન્યજીવોના વેચાણ પર પ્રતિબંધ લાદી દીધો. આ સાથે જ વન્યજીવોના ઉછેર કેન્દ્રને પણ સીલ કરી દેવાયા છે. ચીનના વુહાન શહેરમાં વન્ય જીવો વેચાણ માટે જે માર્કેટ ધમધમતી હતી તેમાં બાંબુમાં થતાં ઉંદર, જીવતા વરુનું માંસ, ખિસકોલી, શિયાળ, જંગલી બિલાડા, મગર અને નોળિયા પણ વેચાતા હતા. ચીનમાં સત્તાવાર રીતે વન્ય જીવોના વેપાર પર પ્રતિબંધ છે. પણ ગેરકાયદે ધંધો ચાલી રહ્યો છે. ચીનમાં તો માંસ મેળવવા વાઘનો પણ ઉછેર કરાય છે. ચીની લોકો કીડી, મંકોડી, વાંદો અને ગરોળી સુદ્ધા ખાય જાય છે. એક અહેવાલ તો એવો છે કે, ભારતમાંથી પણ માંસના શોખીનો ચીનની નિયમિત મુલાકાત લે છે.

માંસાહારને કારણે ચેપી રોગોનો ઝડપથી ફેલાવો થતો હોય છે. ૨૦૦૦ના દાયકામાં યુરોપમાં મેડકાઉ નામના રોગે હાહાકાર મચાવ્યો હતો. કતલ માટે જે ગાયોનો ઉછેર કરવામાં આવતો હતો. કતલ માટે જે ગાયોનો ઉછેર કરવામાં આવતો હતો તેમને મટન, ચિંકન વગેરેનો આહાર કરવામાં આવતો હતો. ગાય મૂળભૂત રીતે શાકાહારી પ્રાણી હોવા છતાં તેને માંસાહાર કરાવવામાં આવતો હોવાથી તેમના શરીરમાં મેડકાઉ ડીઝીસ નામનો ચેપી રોગ પેદા થયો હતો. આ રોગ ગાયના મગજ પર અસર કરતો હોવાથી તેને મેડકાઉ ડીઝીસ તરીકે ઓળખાતો હતો. આવા સંજોગોમાં જો કોઈ મનુષ્ય આ પ્રકારની ગાયના માંસને આરોગે તેને આ રોગ થવાની સંભાવના વધી જતી હતી. આ રોગના ભયને કારણે ઈસ ૨૦૦૦માં યુરોપમાં લાખોની સંખ્યામાં ગાયની હત્યા કરી દેવાઈ હતી. ઈસ ૨૦૦૩માં ચીનમાં સાર્સ નામનો જીવલેણ રોગ જોવા મળ્યો હતો. તેના મુળમાં સિવેટ નામનું પ્રાણી હતુ. જે લોકો તેનો ખોરાકમાં ઉપયોગ કરતા તેના શરીરમાં સિવેટમાં રહેલો સાર્સ નામનો વાયરસ પ્રવેશી જતો. એટલે તે સમયે ચીનમાં કટોકટી જાહેર કરાઈ હતી. ચીનમાં ફેલાયેલો આ રોગ વિશ્વના બીજા કેટલાક દેશો સુધી પણ પહોંચ્યો હતો.

૨૦૦૫માં ભારતમાં બર્ડ ફલૂ નામનો ચેપી રોગ દેખા દીધો હતો. તેનું કારણ પક્ષીઓની હિંસા હતુ. પોલ્ટ્રી ફાર્મમાં મરઘા અને બતકને બિનઆરોગ્યપ્રદ રીતે રખતા હોવાથી આ વાયરસ ઉદ્‌ભવતો હતો. મરઘા બતકને એન્ટિ બાયોટિક દવાના ઈન્જેકટશનો આપવામાં આવે છે. ગીચતામાં રાખવામાં આવે છે. તેને કારણે આ વાયરસ ઝડપથી ફેલાઈ જતા માનવી સુધી પહોંચ્યો હતો. તે સમયે ભારતમાં પણ લાખો મરઘાઓનો વિના કારણે સંહાર કરવાની સરકાર અને તંત્રને ફરજ પડી હતી.

ઈસ ૨૦૦૯માં દુનિયામાં સ્વાઈન ફલૂ નામનો રોગ ફેલાતા માનવસમુદાય મુશ્કેલીમાં મુકાયો હતો. આ રોગ ફેલાવા પાછળ મેક્સિકોના ડુકકર ફાર્મમાં બિનઆરોગ્યપ્રદ રીતે રાખવામાં આવતા ડુકકરનું પરિબળ જવાબદાર હતુ. સ્વાઈન ફલૂને નિયંત્રણમા રાખવામાં આવેલા ડુકકરો હતા. સ્વાઈન ફલૂને નિયંત્રણમાં રાખવા દુનિયાના મોટાભાગના દેશોમાં ડુક્કરોને મોતને ઘાત ઉતારી દેવાયા. આ સમયે સ્વાઈન ફલૂની દવા બનાવતી કંપનીઓએ ધીકતી કમાણી પણ કરી. થોડા સમય પહેલાં જ આફ્રિકાથી સમાચાર આવ્યા કે ત્યાં ઈબોલા નામના વાયરસે હાહાકાર મચાવ્યો હતો. તેનું કારણ પણ ત્યાંના લોકોની કાચુ માંસ ખાવાની આદત જ જવાબદાર હતી. નિપા વાયરસ માટે ચામાચિડીયા જવાબદાર હતા.

મનુષ્ય મૂળભૂત રીતે શાકાહારી પ્રાણી છે. જો કે, સંજોગો વસાત કે પછી શોખ માટે તે માંસાહાર કરવા માંડ્યો છે. તેથી જગતમાં અનેક સમસ્યા સર્જાઈ રહી છે. લેટિન અમેરિકામાં ગાયોના ઉછેર માટે જંગલ બાળવામાં આવે છે. આ ગાયોની કતલ કરીને તેમાંથી માંસ મેળવવામાં આવે છે. મેક ડોનાલ્ડ કંપની જે હમ્બર્ગર બનાવે છે તે ગાયના માંસમાંથી બને છે. મેક ડોનાલ્ડ કંપની પોતાની માલિકીના એનિમલ ફાર્મ્સ પણ ધરાવે છે. તાજેતરમાં બ્રાઝિલમાં જે લાખો હેકટર જંગલો બાળવામાં આવ્યા તેની પાછળ પણ માંસાહારનો ઉદ્યોગ જ કારણભૂત હોવાનું ચોક્કસપણે મનાય છે. કોઈ પ્રાણીની હાજરીમાં બીજા પ્રાણીની કતલ કરવામાં આવે તેને કારણે તે પ્રાણીમાં ભય પેદા થતાં તેના શરીરમાં એક હાનિકારક હોર્મોન્સ પેદા થાય છે. આ હોર્મોન માંસનો આહાર કનારા લોકોમાં સરળતાથી પ્રવેશે છે. તેથી મનુષ્ય રોગનો શિકાર બને છે. કતલ કરવા માટે જે ગાયોનો ઉછેર કરવામાં છે, તેના જતન માટે જે જંગલ બને છે તેને પણ નાશ કરાતા કાર્બનડાયોકસાઈડ સહિતના ઝેરી વાયુ વાતાવરણમાં ભળતા પર્યાવરણને નુકસાન પહોંચે છે. ચીનના વુહાન શહેરની વસતી આશરે ૧.૧૦ કરોડની છે. હાલમાં ત્યાં કોરોનો વાયરસનો પહેલો કેસ નોંધાયો હતો. આ શહેર શિક્ષણ માટે વિખ્યાત છે એટલે દુનિયાભરમાંથી અભ્યાસ માટે વિદ્યાર્થીઓ અહીં આવે છે. વુહાન શહેર સીકુડના શોખીનો માટે પણ જાણીતુ છે. ત્યાંના બજારમાં તમામ પ્રકારના દરિયાઈ જીવો વેચાણ માટે લવાય છે. વુહાનની રેસ્ટોરન્ટમાં જીવતા દરિયાઈ જીવો રાંધીને પીરસવામાં આવે છે. જો કે, આ વખતે આ જ શહેરથી કોરોના વાયરસ માત્ર ચીન જ નહીં, સમગ્ર વિશ્વમાં ફેલાયો છે. આજે આ શહેર ભૂતિયા શહેર જેવું બની ગયું છે. સરકારે લોકોને પોતાના ઘરમાં જ પુરાઈ રહેવાનો પણ આદેશ કર્યો છે. કાર, બસ, ટ્રેન વગેરે બંધ કરવા પડ્યા છે. અત્યાર સુધીમાં ચીનમાં આ વાયરસને કારણે ૫૯૩ લોકોના જીવ ગયા છે. જયારે આ પ્રકારના રોગના દર્દીઓની સંખ્યા સરકારી ચોપડે ૨૮૩૬૮ નોંધવામાં આવી

અનુસંધાન પેજ નં. ૧૫

મનોજ ગાંધી
manoj1968@yahoo.ca






# SkyRoute

## TRAVEL SERVICES INC.




AIR CANADA

QATAR AIRWAYS القطرية

Lufthansa

Emirates

الاتحاد ETIHAD AIRWAYS

| | | |
|---|---|---|
| AHMEDABAD | → | $1159 |
| DELHI | ← | $999 |

| | | |
|---|---|---|
| VADODARA | → | $1199 |
| MUMBAI | ← | $989 |

24

24

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Jasleen Walia – Ext.550*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Mitesh Shrimali – Ext. 506*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*

CONSUMER PROTECTION BC

IATA

tico.ca
Travel Industry Council of Ontario
Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com

www.buymytrip.com

106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**

Toll Free **1-877-go to sky**

*we will beat any advertized fares by 10% of the difference*

### OFFICE IN AHMEDABAD

SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

### SPECIAL FARES FROM

Edmonton, Calgary, Ottawa,
Montreal, Regina, Winnipeg,
Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# અર્થતંત્રમાં આશ્ચર્યજનક વૃદ્ધિ : સ્ટેસ્ટિક કેનેડાનું તારણ

## મધ્ય કેનેડામાં આવેલી અણધારી શીતલહેરને કારણે ઉપયોગી ઉપકરણોનું વધુ વેચાણ વધતાં ફાયદો થયો

ઓટાવા : શુક્રવારે જાહેર થયેલા સ્ટેસ્ટીક કેનેડાના ડેટામાં જણાવાયું હતું કે, કેનેડીયન અર્થતંત્રએ નવેમ્બર માસમાં આશ્ચર્યજનક ૦.૧ ટકાની વૃદ્ધિ મેળવી હતી. જો કે, એનું કારણ મધ્ય કેનેડામાં આવેલી અણધારી શીતલહેરને કારણે ઉપયોગી ઉપકરણોના વધુ વેચાણ હોવાનું માનવામાં આવે છે.

રોઈટર્સ પોલના વિશ્લેષકોએ એવી આગાહી કરી હતી કે, ઓકટોબરમાં આવેલા ૦.૧ ટકાના ઘટાડાને કારણે કોઈ ફેરફાર નહીં થાય. સ્ટેટકેનના કહેવા મુજબ ૨૦ ઔદ્યોગિક સેકટર્સ પૈકી ૧૫ સેકટર્સે મેન્યુફેકચરીંગ અને સવર્સિ ક્ષેત્રમાં ૦.૧ ટકાની વૃદ્ધિ નોંધાવી હતી. જીડીપીમાં વૃદ્ધિ બાદ કેનેડીયન ડોલરે એના અવમૂલ્યનને થોડું અટકાવ્યું હતું અને યુ.એસ. ડોલર સામે ૧.૩૨૨૭ની સપાટી મેળવી હતી. અથવા તો ૭૫.૬૦ યુ.એસ.સેન્ટનો સુધારો મેળવ્યો હતો. આ સર્વાનુમતીથી વૃદ્ધિમાં અવરોધક પાઈપલાઈન લીકેજ,




રેલવે હડતાળ અને વિપરીત હવામાન જેવા તત્વો અને બેંક ઓફ કેનેડાના ચોથા ત્રિમાસિક ગાળાની આગાહીમાં દર્શાવેલા જોખમોને કાબુમાં આવવાની શકયતા વધી છે, એમ સીઆઈબીસીના વરીષ્ઠ અર્થશાસ્ત્રી રોયસ મેન્ડેસે કેપીટલ માર્કેટની નોંધમાં જણાવ્યું હતું. ગયા અઠવાડિયે બેંક ઓફ કેનેડા જે છેલ્લા એકવર્ષથી વધુ સમયથી બીજી બેંકોથી પાછળ રહી ગઈ હતી તેણે રાતોરાત વ્યાજ દરમાં સ્થિરતા મેળવી લીધી હતી. પરંતુ ભવિષ્યમાં વ્યાજદર ઘટવાની શકયતા ઉભી થઈ છે. જે ઘરેલું વિકાસમાં અવરોધક બની શકે છે. ધી સેન્ટ્રલ બેંકો પણ ચોથા ત્રિમાસિક ગાળાના વાર્ષિક વિકાસની વૃદ્ધિનો અંદાજ ૦.૩ ટકાનો દર્શાવ્યો હતો જે ઓકટોબરમાં ૧.૩ ટકા હતો. સેન્ટ્રલ કેનેડામાં કમોસમી શીતલહેરને કારણે જે ૨.૧ ટકાનો ઉછાળો, ઉપયોગી ઉપકરણોના વેચાણને કારણે જોવા મળ્યો એ છેલ્લા એક વર્ષનો સૌથી વધુ ઉછાળો હતો. ખાણ ઉદ્યોગ, કવોરી અને ઓઈલ એન્ડ ગેસ સેકટરમાં મંદી હોવા છતાં નવેમ્બરનો જીડીપી પણ વધ્યો હતો. એ જ રીતે આઠ દિવસની રેલવે હડતાળને કારણે ટ્રાન્સપોર્ટેશન અને વેરહાઉસીંગ સેકટરમાં પણ મંદી હતી.

# કેનેડામાં વર્ષ ૨૦૨૧થી પ્લાસ્ટીક બેગ્સ અને સ્ટ્રો પર પ્રતિબંધ લાદવા તૈયારી

- **પહેલી એપ્રિલ સુધી લોકો પાસેથી અભિપ્રાયો મેળવવામાં આવશે : વ્યવસાયીઓને અન્ય ધંધામાં જવા માટે સમય અપાશે**

ઓટાવા : કેનેડાના પર્યાવરણ વિભાગના મંત્રી જોનાથન વિલ્કીન્સને ગુરૂવારે સરકારના એક અહેવાલને ટાંકીને કહ્યું હતું કે, આવતા વર્ષથી દેશમાં સિંગલ યુઝ પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ જાહેર કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે,' આપણે પર્યાવરણને નુકસાનકારક સિંગલ યુઝ પ્લાસ્ટીકના વપરાશ પર આવતા વર્ષે પૂર્ણ પ્રતિબંધ લાદીશું.' ફેડરલ લિબરલ્સે ગયા જુનમાં એવી ખાતરી આપી હતી કે, તેઓ પ્રતિબંધ માટેના પ્લાસ્ટીક ઉત્પાદનો નક્કી કરશે. જેમાં સ્ટ્રો, કેરી બેગ અને ગ્રોસરી બેગ્સનો સમાવેશ થશે. આ પ્રતિબંધ કેનેડીયન એન્વાયર્મેન્ટલ પ્રોટેકશન એકટ હેઠળ આવશે જેને માટે સમસ્યાના વૈજ્ઞાનિક આકલન જરૂરી હશે.

આ આકલનનો ડ્રાફટ ગુરૂવારે જાહેર કરવામાં આવ્યો હતો. પહેલી એપ્રિલ સુધી લોકો પાસેથી અભિપ્રાયો મેળવવામાં આવશે. અહેવાલમાં જણાવાયું હતું કે, ૨૦૧૬માં ૨૯ હજાર ટન પ્લાસ્ટીકનો કચરો જોવા મળ્યો હતો એમાં લગભગ ૨.૩ બિલીયન જેટલી સિંગલ યુઝ પ્લાસ્ટીકની વોટર બોટલ્સ હતી. જે કેનેડાના દરિયા કાંઠા, બગીચાઓ, તળાવો અને કયાંક તો હવામાં પણ જોવા મળી હતી. આ પ્લાસ્ટીક કચરો પાંચ મી.મી.થી સહેજ મોટો હોય છે. જેને મેક્રોપ્લાસ્ટીક કહેવાય છે. પણ એમાં વપરાતું પ્લાસ્ટીક જોઈ શકાય એવું હોય છે. જેને માઈક્રો પ્લાસ્ટીક અને માઈક્રોફાઈબર્સ કહેવાય છે.






# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# કેલગેરીમાં બનશે સોલાર પાવર સ્ટેશનઃ બે સ્થળની પસંદગી થઈ




## ● દિવસે સારે સૂર્યપ્રકાશ હોવાથી સોલાર સિસ્ટમ થતી ૬૦ મેગાવોટ વીજળી ઉત્પાદન કરી શકાશે

કેલગેરી : આયરલેન્ડ સ્થિત રીન્યુએબલ એનર્જી કંપની, ડીપી એનર્જીએ કેલગેરીના દક્ષિણપૂર્વમાં ઔદ્યોગિક ધોરણે બે મોટા સોલાર ફાર્મ માટે જગ્યાઓ લીધી છે. આ વિસ્તારો ભૂતકાળમાં ફર્ટીલાઈઝરના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાતા હતા અને ભવિષ્યમાં ત્યાં જમીન સુધારણાની જૂજ શકયતાઓ છે. આ જમીન સમતળ છે એટલે કંપનીએ સોલાર ફાર્મ માટે એને પસંદ કરી છે. કેલગેરી પુરતા સૂર્યપ્રકાશ માટે જાણીતું હોવાથી આ શહેર સોલાર ડેવલપમેન્ટ માટેનું મહત્વનું સ્થાન છે.

જો આ બંને જગ્યાઓને મેળવીને જોઈએ તો એ કેનેડાનો સૌથી મોટો સોલાર પ્લાન્ટ બની શકે છે. જે ૬૦ મેગાવોટની ક્ષમતા ધરાવશે. જે અંદાજે ૧૪૦૦૦ મકાનો માટે વિજળી પુરી પાડી શકશે.

આ પ્રોજેકટને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. અલ્બર્ટા યુટીલીટીસ કમિશન તરફથી પરવાનગી મળી ચૂકી છે અને પ્લાન્ટનું બાંધકામ ૨૦૨૦માં શરૂ થશે. ૨૦૨૧ સુધી આ પ્લાન્ટ કાર્યરત થઈ જશે. આનાથી રીન્યુએબલ એનર્જી સેકટરમાં લોકોનો રસ વધશે.

# મૂળ કેનેડાવાસી તેમજ ઈમિગ્રન્ટસ વચ્ચે રોજગારીના પ્રમાણ વચ્ચેનો તફાવત ઘટ્યો

## ● કેનેડામાં વસ્તી વધારામાં ઈમિગ્રન્ટસની મહત્વની ભુમિકા




ઓન્ટેરિયો : તાજેતરમાં કેનેડાની વસ્તીમાં જે વધારો જોવા મળ્યો છે એ ઈમિગ્રન્ટસને આભારી છે અને એને પરિણામે દેશ વિવિધતાભર્યો બની ગયો છે. મૂળ કેનેડાવાસી અને ઈમિગ્રન્ટસ વચ્ચેનું રોજગારીના પ્રમાણનું અંતર ઘટી રહ્યું છે. સ્ટેસ્ટીકસ કેનેડાના જણાવ્યા મુજબ ૨૦૧૮ અને ૨૦૧૯ વચ્ચેના વસ્તી વધારમાં ૮૨ ટકા ઈમિગ્રન્ટસનો ફાળો છે.

કેનેડાના ઘણાં પ્રાંતો વસ્તી વધારા માટે ઈમિગ્રન્ટસને પ્રોત્સાહન આપે છે. કુદરતી ક્રમમાં વસ્તી વધારાનો ગ્રાફ તો નીચો જવાના વલણવાળો છે. એટલે વસ્તી વધારા માટે ઈમિગ્રન્ટસનો જ ફાળો ગણી શકાય.

મૂળ કેનેડાના વતની અને ઈમિગ્રન્ટસ વચ્ચેનો રોજગારીનો તફાવત પણ છેલ્લા દાયકામાં સૌથી ઓછો થયો છે.

૨૦૧૦માં આ અંતર ૧૯ ટકા હતું એ ૨૦૧૮માં ઘટીને ૧૩ ટકા જોવા મળ્યો હતો. નવા આવેલા ઈમિગ્રન્ટસને રોજગારીમાં મળતી તકોમાં પણ ઉછાળો ૭.૭ ટકા સુધી પહોંચ્યો છે જે ૨૦૧૦માં ૨.૧ ટકા હતો. અડધાથી વધુ ઈમિગ્રન્ટસ કમસે કમ બેચલર ડીગ્રી ધરાવે છે.

૨૫ વર્ષથી ૬૪ વર્ષના વયજુથના આ લોકો પાસે સાયન્સ, ટેકનોલોજી, એન્જીનીયરીંગ અને મેથેમેટીકસની ડીગ્રી છે. દેખીતી રીતે જ મોટા શહેરોમાં લઘુમતી વસ્તીનું પ્રમાણ વધતું જવાની સંભાવના છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૫ વર્ષથી ૬૪ વર્ષના વયજુથની વસ્તી અંદાજે ૪૦ ટકા સુધી પહોંચશે જે દેખીતી રીતે લઘુમતીના હશે.

# પ્રવાસીએ કોરોના વાઈરસનો ચેપ હોવાનું જણાવતા જ વિમાનને પાછું ટોરન્ટો લવાયું

જાહેરાત બાદ તરત જ પ્રવાસીને વિમાનના પાછળના ભાગમાં લઈ જવાયો

પ્રવાસીએ મજાક કર્યાનું બહાર આવતા અન્ય કેટલાક નારાજ થયા






ટોરન્ટો : સોમવારે ટોરન્ટોથી મોન્ટેગો બે જમૈકા જતી વેસ્ટજેટની ફલાઈટ રવાના થયાના બે કલાક બાદ અચાનક એક પ્રવાસીએ ઉભા થઈને એવી જાહેરાત કરી કે, એને કોરોના વાઈરસનો ચેપ લાગ્યો છે. તેણે એમ કહ્યું હતું કે, તે તાજેતરમાં ચીનના પ્રવાસે ગયો હતો અને કોરોના વાઈરસનો ચેપ લાગ્યો હતો. પીલ રીજિયોનલ પોલીસે જણાવ્યું હતું કે, વેસ્ટજેટની ફલાઈટ ડબલ્યુએસ ૨૭૦૨ના ક્રુ સભ્યોએ આ જાહેરાતની જાણ કેપ્ટનને કરતા જ ફલાઈટને પાછી ટોરન્ટો લઈ જવાનો નિર્ણય લેવાયો હતો. વિમાનની એક પ્રવાસી જયુલી એને બ્રોડરીકે કહ્યું હતું કે ચાલુ ફલાઈટમાં આવી જાહેરાત થતાં જ હું અને મારો પરિવાર ચિંતામાં પડી ગયા હતા. અમે હજુ ફલોરીડા પરથી પસાર થઈ રહ્યા હતા અને અચાનક વિમાન નાટયાત્મક રીતે પાછુ ટોરન્ટો તરફ વાળવામાં આવ્યું, એટલે અમે મુંઝવણમાં પડી ગયા અને ચિંતા કરવા માંડયા હતા.

તેણે એમ પણ કહ્યું કે, તેણે એક વ્યકિતને સેલ્ફી લેતાં લેતાં બધાને કહેતો હતો કે, એને કોરોના વાઈરસનો ચેપ લાગ્યો છે. તેણે આમ કહેતા જ ફલાઈટના એટેન્ડન્ટ આવી પહોંચ્યા હતા અને તેને માસ્ક અને મોજા આપી એને વિમાનના પાછલા ભાગમાં લઈ ગયા હતા.

વેસ્ટજેટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ફલાઈટના ક્રુ સભ્યોએ ચેપી રોગ વિશેના તમામ ધારાધોરણોનું પાલન કર્યું હતું અને એ પ્રવાસીને બધાથી અલગ પણ પાડયો હતો.

કેપ્ટને વિમાનના પ્રવાસીઓને જણાવ્યું હતું કે, આ ઘટનાને કારણે તેઓ જમૈકા કે અમેરીકા ખાતે ઉતરાણ કરી નહીં શકે અને પાછા ટોરન્ટો જવું પડશે.

કેપ્ટને એમ પણ કહ્યું હતુ કે, બ્રોડરીકે જણાવ્યા મુજબ તો આ ઘટનાને માત્ર ક્રૂર મજાક જ માની શકાય. કેમકે તેણે ભલે મજાક માટે આવું કર્યું હોય તો પણ એ ભારે વિચિત્ર હતું.

અમે બધા જ નિરાશ થઈ ગયા હતા. કેમ કે વિમાનમાં તે સમયે ૨૪૦ વ્યકિતઓ હતા. અમારે તો અમારા વેકેશનનો એક દિવસ ગુમાવવો પડયો છે. વિમાને બપોરે બે વાગ્યા બાદ ટોરન્ટોમાં ઉતરાણ કર્યું હતું. મજાક કરનાર ૨૯ વર્ષીય વ્યકિત થોર્નહીલ નજીકનો હતો. એની ધરપકડ કરવામાં આવી હતી. એને માર્ચની નવમી તારીખે હાજર કરાશે. વેસ્ટજેટે વિમાનના ૨૪૩ પ્રવાસીઓની માફી માંગી હતી અને અસરગ્રસ્તો માટે મંગળવારે એક વધારાની ફલાઈટ ઉમેરવાની જાહેરાત કરી હતી.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગાંધીનગર પાલિકાની સભામાં કોંગ્રેસના વોકઆઉટ બાદ હદ વિસ્તરણને મંજૂરી

**• ભારે વિરોધના પગલે મેયરે દરખાસ્ત વોટીંગ ઉપર મુકતાં કોંગી કોર્પોરેટરો સુત્રોચ્ચાર સાથે બહાર નીકળી ગયા**

ગાંધીનગર : ગાંધીનગરના હદ વિસ્તરણ માટે આજે મળેલી સામાન્ય સભામાં શરૂઆતથી જ કોંગ્રેસ આક્રમક રહયું હતું અને આ દરખાસ્તનો વિરોધ કર્યો હતો. મેયરે આ દરખાસ્તને વોટીંગ ઉપર મુકતાં કોંગ્રેસના કોર્પોરેટરો ભારે સુત્રોચ્ચાર સાથે સભામાંથી વોકઆઉટ કરીને બહાર નીકળી ગયા હતા અને ભાજપે બહુમતિથી આ દરખાસ્તને પસાર કરાવી દીધી હતી.

વર્ષ ૨૦૧૧માં ગાંધીનગર મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવી ત્યારે સે-૧થી ૩૦ની સાથે પેરેફરી વિસ્તારના સાત ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જો કે શરૂઆતથી જ ગાંધીનગર કોંગ્રેસની વોટબેંક રહી છે અને તેના કારણે પ્રથમ ચૂંટણીમાં જ ૧૮-૧૫થી કોંગ્રેસનો વિજય થયો હતો. ત્યારબાદની ચુંટણીમાં પણ ભાજપ અને કોંગ્રેસને સરખી સીટો મળી હતી. ૧૬-૧૬ સીટો મળતાં ચિઠ્ઠી ઉછાળીને મેયર નક્કી કરવાના હતા અને તે જ સમયે કોંગ્રેસના કોર્પોરેટરને ભાજપે મેયરપદની લાલચ આપી સત્તા હાંસલ કરી હતી. ગાંધીનગરમાં સીધી રીતે ભાજપે બહુમતિ મેળવી નથી ત્યારે આગામી વર્ષ ૨૦૨૧ની કોર્પોરેશનની ચૂંટણીને ધ્યાને રાખી ભાજપે નવો જ પ્લાન ઘડયો અને ભાજપ શાસિત પેથાપુર નગરપાલિકા સહીત ૧૭ ગ્રામ પંચાયતોને કોર્પોરેશન વિસ્તારમાં ભેળવી દેવામાં આવે તો ભાજપને સીધો ફાયદો થાય તેવું ગણિત માંડવામાં આવ્યું જેના પગલે સ્થાયી સમિતિમાં હદ વિસ્તરણની દરખાસ્ત મંજુર કરી દેવામાં આવી અને આ દરખાસ્તને આજે કોર્પોરેશનની સામાન્ય સભામાં મુકવામાં આવી હતી.

# વિસનગરમાં વેવાણથી કંટાળીને વેવાઈનો આપઘાત, ૩ સામે ગુનો

વિસનગર : વિસનગરમાં ડાહ્યાભાઈ જોઈતારામ પટેલના પુત્ર ચેતક પટેલના લગ્ન પીંડારીયા રોડ ઉપર આશાપુરી સોસાયટીમાં રહેતા જગદીશકુમાર પટેલની દિકરી પૂજા સાથે થયા હતા. એક વર્ષ અગાઉ રમીલાબેન પટેલની પુત્રવધુ પૂજા પિયર બાધા કરવાનું જણાવી ગઈ હતી. ત્યારબાદ પરત સાસરે આવી નહોતી. આ દરમિયાન રમીલાબેન પટેલના પતિ અને પૂજા પટેલના સસરા ડાહ્યાભાઈ જોઈતારામ પટેલે ઝેરી દવા પી આત્મહત્યા કરી હતી. મરણ પ્રસંગ બાદ મૃતકની એક્ટીવાની ડેકીમાંથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં લખેલી વિગત ચોંકાવનારી હતી. દિકરા ચેતકની વહુ પૂજા પિયરમાં જતા લગ્નમાં લાવેલ વસ્તુઓ લઈ જતી હતી. તેને કહેવા જતા બોલાચાલી થઈ હતી. જેને લેવા જતા પૂજાના માસી ચંદ્રીકાબેન પટેલ, મામા વિપુલકુમાર પટેલ અને મમ્મી જ્યોત્સનાબેન પટેલ ત્રણેય પૂજાને ચઢામણી કરી આવવા દેતા ન હોતા. જેઓ ત્રણેય પૂજાના છુટાછેડા લેવાની વાત કરતા હતા. જે બાદ પુત્રવધુની માસી, મામા અને મમ્મી ત્રણેય આવી ધમકી આપી હતી કે ૧૦ લાખ આપી દિકરાનું છુટું લઈ જાઓ. આથી પોલીસે વિપુલકુમાર બાબુલાલ, પટેલ ચંદ્રીકાબેન નિતીનકુમાર તથા પટેલ જ્યોત્સનાબેન વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

# વડોદરામાં ફેંટો બાંધી દુલ્હને વાજતગાજતે વરઘોડો કાઢ્યો

વડોદરા : વડોદરાના ગોત્રી વિસ્તારમાં વરઘોડો નહી પરંતુ યુવતીના કુટુંબીજનોએ ધામધૂમથી કન્યાને બગ્ગીમાં બેસાડી વરઘોડો કાઢતા ગોત્રી ગામમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

ગોત્રી ગામમાં રહેતા પ્રવિણભાઈ બ્રહ્મભટ્ટ સરકારી કર્મચારી છે તેમને સંતાનમાં એક માત્ર પુત્રી પ્રાચી છે. જો કે પ્રવિણભાઈએ પુત્રીને પુત્ર માની જ તેનો ઉછેર કર્યો હતો. પુત્રીને ગ્રેજ્યુએટ સુધી અભ્યાસ કરાવ્યો હતો અને બાદમાં વડોદરાના યુવાન સાથે જ તેના લગ્ન નક્કી થયા હતાં. લગ્ન વસંત પંચમીના દિવસે ગોઠવાયા હતાં પરંતુ તે પહેલા પ્રવિણભાઈની ઈચ્છા પુત્રીનો વરઘોડો કાઢવાની હોવાથી તે ઈચ્છાને સૌ કુટુંબીજનોએ વધાવી લીધી હતી. વસંત પંચમીના દિવસે લગ્નની આગલી રાત્રે ગોત્રી ગામમાં પ્રવિણભાઈના ઘેરથી તેમની પુત્રી પ્રાચીનો વાજતે ગાજતે વરઘોડો નીકળ્યો હતો. માથે ફેંટો બાંધીને પ્રાચી બગ્ગીમાં બેસી ગોત્રીના માર્ગો પર નીકળી ત્યારે તેને નિહાળવા લોકો હરખથી ઉભા રહ્યા હતાં. વરઘોડામાં જાનૈયાઓ હોશભેર નાચે તેવી રીતે માંડવિયા (કન્યા પક્ષના સભ્યો) હર્ષભેર હિન્દી ફિલ્મી ગીતોના તાલે નાચ્યા હતા અને ગરબે પણ ઘુમ્યા હતાં.

# અમેરિકામાં મહેસાણાના કંથરાવી ગામની ૨૧ વર્ષીય દિકરીની આર્મીમાં પસંદગી

મહેસાણા : ઉત્તર ગુજરાતને ગૌરવ થાય તેવા એક સમાચાર મળી રહ્યા છે. મહેસાણાની દીકરીની અમેરિકન આર્મીમાં સૌ પ્રથમવાર પસંદગી થતા સમગ્ર જિલ્લા સહિત રાજ્ય માટે ગૌરવની વાત છે. મહેસાણા તાલુકાના કંથરાવી ગામની ૨૧ વર્ષીય નેવીયા પટેલ અમરેકિન આર્મીમાં પસંદગી પામી છે. અમેરિકામાં મહેસાણાના મોટાભાગના લોકો ત્યાં વસેલા છે, ત્યારે કંથરાવીની દીકરીએ ેંજી આર્મીમાં પસંદગી પામતા વતનમાં લોકોમાં ખુશીનો માહોલ છે. નેવીયાના પિતા






અમેરિકામાં રેસ્ટોરાંના બિઝનેસમાં છે. ૨૧ વર્ષીય નેવીયા રસિકભાઈ પટેલની પસંદગી અમેરિકન આર્મીમાં કરવામાં આવી છે. મહેસાણાના દીકરી અમેરિકન આર્મીમાં જોડાતા તેણે પોતાનું જ નહીં પણ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

મહેસાણાની નેવીયા પટેલની વાત કરીએ તો, નેવીયા પટેલ મૂળ મહેસાણાના કંથરાવી ગામની વતની છે. નેવીયા પટેલે ધો.-૧થી ધો.૭ પંચગીની મહારાષ્ટ્રમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ ધો.૧૧ં૨, ૧૨ં૨ અને કોલેજનો અભ્યાસ અમેરિકામાં કર્યા બાદ આર્મીની તાલીમ લીધી હતી. મહેસાણાની દીકરી નવીયા પટેલનો પરિવાર અલબામા સ્ટેટના મોન્ટગોમેરીમાં રહે છે. તેના પિતા રસિક પટેલ રેસ્ટોરાંનો બિઝનેસ છે.







# દીક્ષા મહોત્સવ : ૧૦૦ મુમુક્ષોએ સંયમનો માર્ગ સ્વીકાર્યો

સુરત : જૈન સમુદાયમાં દીક્ષાનગરી તરીકે જાણીતા સુરત શહેરમાં શનિવારનો દિવસ ઐતિહાસિક રહ્યો થયો હતો. દરમિયાન શહેરમાં ત્રણ જુદા જુદા સ્થળે આયોજીત સામૂહિક દીક્ષા સમારોહમાં કુલ ૧૦૦ મુમુક્ષુઓએ દીક્ષા અંગિકાર કરી હતી. વેસુ બલર હાઉસમાં ૭૭, પાલ ઓમકારનગરીમાં ભક્તિયોગાચાર્ય યશોવિજયસૂરીની નિશ્રામાં ૧૮ મુમુક્ષુઓ અને પાલ ગુરુરામ પાવનભૂમિ ખાતે ગચ્છાધિપતિ અભયદેવસૂરીશ્વરની નિશ્રામાં ૫ મુમુક્ષુઓએ સંસારી જીવનનો ત્યાગ કરીને સાધુતાનો સ્વિકાર કર્યો હતો. શનિવારે ૧૦૦ દીક્ષાનો જયકારો બોલાવાની સાથે જ હજારો શ્રાવકો ઓળઘોળ થઈ ગયા હતા. ૯ વર્ષના ભવ્યકુમારથી માંડીને ૮૪ વર્ષના કાન્તાબેને સંયમ જીવનનો સ્વિકાર કર્યો હતો. શનિવારે વહેલી સવારે મુમુક્ષુઓના મંડપમાં પ્રવેશથી માંડીને રજોહરણ સુધીની દિક્ષાવિધિમાં શ્રાવકોએ ઉત્સાહભેર હાજરી પુરાવાની સાથે જ આનંદનો માહોલ છવાયો હતો.

વેસુ બલર હાઉસમાં ૫૨૮ વર્ષ પછી શનિવારે ઐતિહાસિક ૭૭ દીક્ષા થઈ હતી. આટલા વર્ષો બાદ મોટી સંખ્યામાં મુમુક્ષુઓ દીક્ષા અંગિકાર કરવાના હોય જૈન સમુદાયમાં અનેરો માહોલ છવાયો હતો. ઐતિહાસિક દીક્ષા સમારોહ માટે ૧ લાખ ફૂટનો રત્નત્રયી સમર્પણ મંડપ બનાવવામાં આવ્યો હતો. તેમાં ૧૦ વર્ષના ભવ્યાકુમારથી માંડીને ૮૪ વર્ષના કાન્તાબેને શનિવારે દીક્ષા અંગિકાર કરી હતી. ૭૭ દીક્ષામાં ૨૦ બાળ મુમુક્ષુ હતા. જ્યારે ૩૪ જેટલા મુમુક્ષુની ઉંમર ૨૦થી ૪૦ વર્ષની હતી.



# ભરૂચ જિ. ભાજપ પ્રમુખનું કોકડું હવે દિલ્હી ચૂંટણી બાદ ઉકેલાશે

**• પંચાયતોની ચૂંટણી છતાં પ્રમુખની નિમણૂક વિલંબમાં**

ભરૂચ : ભરૂચ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખની નિમણુંક અંગે ઘણા લાંબા સમયથી કવાયત ચાલી રહી છે. હજી પણ પ્રમુખ કોણ બનશે તે અંગે કોઈ નિર્ણય લેવાયેલ નથી જેમ જેમ દિવસો લંબાતા ગયા તેમ તેમ પ્રમુખ પદના દાવેદારો વધતા ગયા તેવી પરિસ્થિતિ સર્જાય હતી. પરંતુ હવે એવી ચર્ચા પણ વહેતી થઈ છે કે, જેને પ્રમુખ બનાવવા હોય તેને બનાવી દો જેથી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી અંગેની કામગીરી કરી શકાય તેવી ચર્ચા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોમાં થઈ રહી છે. હવે દિલ્હી ચુંટણી અને તેના પરિણામો બાદ જ પ્રદેશ નવા સંગઠનની રચના અને જિલ્લા ભાજપ પ્રમુખની જાહેરાત થાય તેવી સંભાવના છે. હાલ ભરૂચ જિલ્લા ભાજપાના પ્રમુખ પદ માટે દુષ્યંત પટેલ તેમજ ધર્મેશ ભટ્ટ આમને સામને છે તેમની વચ્ચે છત્રસિંહ મોરી, બળવંતસિંહ ગોહિલ જેવા આગેવાનો પણ પોતાની લોબી ચલાવી રહ્યા છે. પરંતુ કોઈ અગમ્ય કારણોસર આજથી એક મહિના પહેલા પ્રમુખ પદના દાવેદારો જે તીવ્રતાથી ગતિવિધિ કરી રહ્યા હતા તે ગતિવિધિઓ શાંત પડી ગઈ છે.

# સુરતના રેપ કેસમાં આરોપીને ફાંસી આપવા સાબરમતી જેલમાં તૈયારી, સમારકામ શરૂ

**• ગુજરાતમાં છેલ્લે રાજકોટમાં ૧૯૮૯માં ફાંસી આપવામાં આવી હતી**

સુરત : સુરતની ત્રણ વર્ષની બાળકી પર દુષ્કર્મ મામલે આરોપી અનિલ યાદવને ૨૯ ફેબ્રુઆરીએ અમદાવાદની સાબરમતી જેલમાં ફાંસી આપવામાં આવશે. આ આરોપીની ફાંસીની સજાને હાઈકોર્ટની બહાલીથી સેસન્સ કોર્ટે ફાંસીની સજા યથાવત રાખી છે. ડેથ વોરંટ જાહેર થતાં જ અમદાવાદની સાબરમતી જેલમાં ફાંસી માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

એકબાજુ દિલ્હીમાં નિર્ભયા રેપ કેસનાં આરોપીઓને ફાંસી આપવા માટે ડેથ વોરંટ જાહેર થઈ ગયું છે. પણ કાયદાકીય ગુંચવણોને કારણે તમામ આરોપીઓની ફાંસી પર તારીખ પે તારીખ જેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. આખો દેશ રાહ જોઈ રહ્યો છે કે આખરે ક્યારે નિર્ભયાના દોષીઓને ફાંસી અપાશે. તે વચ્ચે સુરતમાં ત્રણ વર્ષની બાળકી પર દુષ્કર્મ અને હત્યા કેસ મામલે અનિલ યાદવની ફાંસીની સજાને હાઈકોર્ટની બહાલીથી સેસન્સ કોર્ટે ફાંસીની સજા યથાવત રાખી છે.

૨૯મી ફેબ્રુઆરીએ ફાંસી આપવા કોર્ટે ડેથ વોરંટ જાહેર કરતાં અમદાવાદની સાબરમતી જેલમાં આરોપીને ફાંસી આપવા માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ઘણાં વર્ષો બાદ સાબરમતી જેલમાં કોઈ આરોપીને ફાંસીની સજા આપવામાં આવશે. અમદાવાદની સાબરમતી જેલમાં વર્ષોથી જર્જરીત અવસ્થામાં મૂકાયેલી ફાંસીની ખોલીનું સમારકામ અને કલરકામ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. ગુજરાતમાં છેલ્લે રાજકોટમાં ૧૯૮૯માં ફાંસી આપવામાં આવી હતી. ૫૬ વર્ષ બાદ સાબરમતી સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવશે. ગુજરાતમાં વર્ષોથી જલ્લાદ જ નથી.

# વાપી હાઈવે પર બે કાર વચ્ચે ટક્કર થતાં ભાઈ-બહેનનાં મોત, ૭ લોકો ઈજાગ્રસ્ત

વલસાડ : વાપીમાં સીએની પ્રેક્ટિસ કરતા અને પારડી ખાતે રહેતા દેવાંગભાઈ ભટ્ટના પત્ની પ્રતિક્ષાબેન દેવાંગભાઈ ભટ્ટ (ઉંમર વર્ષ ૫૦) તેમનો દીકરો વેદાંત દેવાંગભાઈ ભટ્ટ (ઉંમર વર્ષ ૧૭)ને પોતાની કારમાં પ્રતિક્ષાબેન તેમના ભાઈ આનંદકુમાર રમેશભાઈ પુરોહિત સાથે વાપી રેલવે સ્ટેશને મુકવા આવ્યા હતા. તેમનો પુત્ર અમદાવાદ હોસ્ટેલમાં રહીને ભણે છે. દરમિયાનમાં પારડી ખડકી ગામની હદમાં હેપી કલ હોટલની સામે બપોરે ૩.૩૦ના સુમારે એક ટ્રકચાલકે તેમની કારને જોરદાર ટક્કર મારતા કાર ફંગોળાઈને સામેના ટ્રેક ઉપર ધસી ગઈ હતી અને સામેથી આવતી કાર સાથે ધડાકાભેર અથડાઈ જતા અકસ્માત થયો હતો. જેમાં બંને કારમાં સવાર સાત વ્યક્તિઓને ઈજા પહોંચી હતી, જેમાં પ્રતિક્ષાબેન ભટ્ટ તથા તેમના ભાઈ આનંદકુમાર પુરોહિતનું ગંભીર ઈજાને કારણે મોત નીપજ્યું હતું.



જ્યારે તેમના પુત્ર વેદાંત તથા સામેની કારમાં સવાર નેહલ નિસર્ગ પટેલ, નિસર્ગ ભરત પટેલ, ધવલ બાબુભાઈ પટેલ, ઉર્વશી ધવલ પટેલને નાની મોટી ઈજાઓ પહોંચી હતી.

# સુરતમાં ફિયાન્સી સાથે કારમાં બેસેલાં યુવાનની લૂંટી લેવાયો

સુરત : વેસુમાં પોતાની ફિયાન્સી સાથે કારમાં બેસેલાં યુવાનને લૂંટી લેવાની ઘટના સામે આવી છે. બે શખ્સોએ કારમાં બેસેલાં યુવાનની માથે બંદૂક રાખી તેની કાર એટીએમ સુધી લઈ ગયા હતા. અને પાસવર્ડ જાણીને પૈસા ઉપાડી લીધા હતા. તો કારમાં બેસેલાં એક લૂંટારાએ યુવતીની સાથે છેડછાડનો પ્રયાસ કર્યો હતો. ખટોદરામાં રહેતો યુવાન પોતાની ફિયાન્સી સાથે વેસુ વીઆઈપી રોડ સ્થિત મણીબા પાર્ટી પ્લોટ પાસે બેઠો હતો. યુવક અને તેની મંગેતર સાથે કારની પાછળની સીટમાં બેસીને વાતો કરતો હતો. અને યુવાન કારને લોક કરવાનું ભૂલી ગયો હતો. તે સમયે બાઈક પર બે હિન્દી ભાષી લૂંટારૂઓ ત્યાં આવ્યા હતા. અને કારનો દરવાજો ખોલી યુવાનનાં માથા પર બંદૂક મૂકી દીધી હતી. અને કહ્યું હતું કે, જો હો વો નિકાલ કે દેદે નહીં તો ઠોક દુંગા.

બંને લૂંટારાઓથી ગભરાયેલાં યુવાને ખિસ્સામાંથી પોતાનું પર્સ આપી દીધું હતું. જે બાદ વોલેટમાં રહેલાં પાંચ હજાર રૂપિયા કાઢી લીધા હતા. તો એટીએમ કાર્ડ જોતાં જ લૂંટારાઓએ કાર્ડનો પાસવર્ડ પૂછ્યો હતો. જે પાસવર્ડ લઈને બીજો લૂંટારો એટીએમ પર જઈને ૧૦ હજાર રૂપિયા ઉપાડી લીધા હતા.

# સુરત પાલિકાનો ભાજપના કોર્પોરેટરનો નશામાં નાચતો વીડિયો વાઈરલ થયો

સુરત : રાજસ્થાનનાં સીએમ અશોક ગેહલોત અને ગુજરાતનાં સીએમ વિજય રૂપાણી વચ્ચે દારૂબંધીની બાબતે બરાબરની જામી હતી. જેમાં અશોક ગેહલોતનાં ગુજરાતમાં દારૂ પીવાય છે તેવાં નિવેદન પર સીએમ રૂપાણીને ખોટું લાગી ગયું હતું. પણ ખુદ ભાજપનાં જ નેતા અને કોર્પોરેટરો સીએમ વિજય રૂપાણી અને ગુજરાતની ઈજ્જતને કાઢી રહ્યા છે. સુરતમાં દારૂની પાર્ટી માણતા કોર્પોરેટરનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. સુરતનાં સગરામપુરાના ભાજપનાં કોર્પોરેટરનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. દારૂના નશામાં ચકચૂર થઈને પિયુષ શિવશક્તિવાળા નારગોલમાં દારૂની મહેફિલ માણી રહ્યા છે. નારગોલમાં પંચાયતનું મકાન ભાડે રાખી ભાજપ કોર્પોરેટર પોતાના સાથીઓ સાથે મહેફિલની મજા માણી હતી. દારૂ પાર્ટીની અંદરનો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ ગયો હતો.

# વસિમ બિલ્લા હત્યા કેસઃ વહોરા સમાજના ૩ શકમંદોની પૂછપરછ

નવસારી : સુરતથી તડીપાર કરાયેલા વસીમ શેખ ઉર્ફે વસીમ બિલ્લાની ફાયરિંગ કરી નવસારીમાં હત્યા કરી દેવાઈ હતી. આ બનાવમાં મૃતક વસીમના ભાઈ ફિરોઝ શેખે ચાર શૂટરો ઉપરાંત, સાત શકમંદોનાં નામ પણ પોલીસ ફરિયાદમાં લખાવ્યા હતાં.

જેથી હત્યાના બીજા જ દિવસે નવસારી એલસીબીએ ૭ પૈકી ૩ શકમંદોને ઊંચકી લીધા હતા. સતત એક અઠવાડિયા સુધી પૂછપરછ કર્યા બાદ કોઈ નક્કર કડી કહો કે પુરાવા નહિ મળતાં પોલીસે ૩ શકમંદોને છોડી મૂક્યા હતા. જ્યારે અન્ય ચાર શકમંદો વ્હોરા સમાજના અગ્રણી કમ બિલ્ડર બદરી લેસવાલા, અલી અસગર, અબ્બાસ મીઠાઈવાલા તથા અકુલા મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરીને ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. દરમિયાન નવસારી પોલીસે વ્હોરા સમાજના ત્રણ શકમંદો અલી અશગર, અબ્બાસ મીઠાઈવાલા તથા અકુલા ઉર્ફે મુસ્તુફાને મંગળવારે અટકાયતમાં લઈ પૂછપરછ હાથ ધરી છે.

આ હત્યામાં મૃતક બિલ્લાના પરિવારજનોને જેના ઉપર સૌથી વધુ શંકા છે તે બદરી લેસવાલા હજુ સુધી પોલીસને હાથ નહિ લાગતા તરેહતરેહની ચર્ચાએ વેગ પકડયો છે. બીજી તરફ ચકચારી હત્યાકાંડમાં નવસારી પોલીસે ગુરુવારે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી.

# બીટકનેકટ કૌભાંડમાં સતિષ કુંભાણી સહિત ત્રણને હાઈકોર્ટના શરતી જામીન

સુરત : કરોડો રૂપિયાના બીટકનેકટ કૌભાડમાં સી.આઈ.ડી ક્રાઈમે ૪૦૦૦ પાનાની દમદાર ચાર્જશીટ રજુ કર્યા બાદ આ કેસના મુખ્ય સુત્રધાર સતીષ કુંભાણી, સુરેશ ગોરસીયા અને ધવલ માવાણીને ગુજરાત હાઈકોર્ટે જામીન મુકત કરવાનો હુકમ કર્યો છે. સરથાણાના અશ્વીન વાલજી લિંબાચીંયાએ ૨૧-૭-૧૮ રોજ સી.આઈ.ડી ક્રાઈમ બ્રાન્ચમાં બીટકનેકટ કૌંભાડની ફરિયાદ નોંધાવી હતી. જેમાં સતીષ કુંભાણી, સુરેશ ગોરસીયા, ધવલ માવાણીએ મોટા વરાછા સ્થિત એન્જલ સ્કેવર માનવ ડિજીટલ માર્કેટીગ કંપની શરૂ કરી બીટકનેકટ માં રોકાણ કરાવીને ઉંચા વ્યાજની લાલચ આપી શહેરમાંથી કરોડો રૂપિયા ઉસેટયા હતા. આ કંપનીમાં સતીષ કુંભાણી પ્રમોટર, સુરેશ ગોરસીયા વહીવટકર્તા અને ધવલ માવાણી ડેવલોપર હતા. પોલીસ ફરિયાદ નોંધાયા બાદ ૧૧ મહિના ભૂગર્ભમાં રહયાં બાદ ત્રણેય સતીષ, સુરેશ અને ધવલ માવાણી કોર્ટમાં હાજર થયા હતા.

# તારીખ પે તારીખ : ગુજરાતની નીચલી અદાલતોમાં ૧૬.૧૧ લાખ કેસ પડતર

ગાંધીનગર : ગુજરાતમાં સેશન્સ કોર્ટ સહિતની તમામ નીચલી અદાલતોમાં ૨૯મી જાન્યુઆરી ૨૦૨૦ની સ્થિતિએ ૧૬.૧૧ લાખ કેસ પેન્ડિંગ છે, જેમાં લોકો ન્યાય મળે તેનો ઈન્તેજાર કરી રહ્યા છે. નીચલી અદાલતોમાં પેન્ડિંગ કેસોની સંખ્યા મામલે ગુજરાત દેશમાં છઠ્ઠા ક્રમે આવે છે, સૌથી વધુ ઉત્તર પ્રદેશમાં ૭૬.૯૦ લાખ કેસો નીચલી અદાલતોમાં પડતર છે. જ્યારે ગુજરાત હાઈકોર્ટમાં અત્યારે ૧.૨૯ લાખ કેસ પેન્ડિંગ છે. દેશની નીચલી અદાલતોમાં ૩.૧૯ કરોડ કેસ પડતર છે. રાષ્ટ્રીય ન્યાયિક ડેટા ગ્રીડ ઉપર આ લેટેસ્ટ આંકડા અપાયા છે.

ગુજરાતની નીચલી અદાલતોમાં જે ૧૬.૧૧ લાખ કેસ પેન્ડિંગ છે તેમાં દીવાની પ્રકારના ૪.૨૮ લાખ કેસ, ૧૧.૮૩ લાખ ફોજદારી કેસ સામેલ છે. મોટા ભાગના કેસ એવા છે જેમાં દસથી પાંચ વર્ષથી ન્યાય માટે રાહ જોવી પડી રહી છે. ગુજરાત સરકારના કાયદા વિભાગના સૂત્રો કહે છે કે, કેસોના ઝડપી નિકાલ માટે પ્રયાસો કરાઈ રહ્યા છે, પોક્સો સહિતના વિવિધ કેસોના નિકાલ માટે ખાસ કોર્ટોની રચના કરાઈ છે, ગુજરાતમાં કાર્યરત્ ૬૬૦ આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટરને કોર્ટની કામગીરીમાં ઉપયોગી વિષયોની તાલીમ અપાશે, જેનો આજે બુધવારથી જ પ્રારંભ થયો છે.

**નીચલી અદાલતોમાં પેન્ડિંગ કેસ**

| રાજ્ય | પેન્ડિંગ કેસ |
|---|---|
| ઉત્તર પ્રદેશ | ૭૬.૯૦ લાખ |
| મહારાષ્ટ્ર | ૩૭.૬૬ લાખ |
| બિહાર | ૨૮.૭૫ લાખ |
| પ.બંગાળ | ૨૨.૯૦ લાખ |
| રાજસ્થાન | ૧૬.૯૯ લાખ |
| ગુજરાત | ૧૬.૧૧ લાખ |
| કર્ણાટક | ૧૫.૫૫ લાખ |

# IIIT સુરતને ઈન્સ્ટિટયૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સનો દરજ્જો

સુરત : સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ટેક્નિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક હજારો વિદ્યાર્થીઓ માટે ખુશીના સમાચાર છે કે, સુરત સહિત દેશનાં પાંચ શહેરોમાં આઈઆઈઆઈટીને ઈન્સ્ટિટયૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સનો દરજ્જો આપવા કેન્દ્રીય કેબિનેટે મંજૂરી અપાઈ છે. સુરતમાં એસવીએનઆઈટીને સમકક્ષ રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાની જાહેરાત થવાની સાથે જ શિક્ષણવર્તુળમાં પણ ચર્ચાનું મોજું ફળી વળ્યું છે. સુરતમાં દેશની ટોચની ટેક્નિકલ સંસ્થાઓ પૈકીની એક એવી એસવીએનઆઈટી કાર્યરત છે. આ સંસ્થામાં ચાર હજાર વિદ્યાર્થીઓ વિવિધ ઉચ્ચ ટેક્નિકલ અભ્યાસક્રમોનું શિક્ષણ મેળવી રહ્યા છે. જોકે, હવે ઉચ્ચ ટેક્નિકલ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના ધસારાને જોતા સુરતમાં આઈઆઈઆઈટી (ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી)ને પણ રાષ્ટ્રીય કક્ષાએ માન્યતા આપી દેવામાં આવી છે. કેન્દ્ર સરકારની યુનિયન કેબિનેટ દ્વારા આઈઆઈઆઈટી લોવ્સ બીલ ૨૦૨૦ને મંજૂરી આપવામાં આવી છે. જેને આધીન સુરત, ભોપાલ, ભાગલપુર, અગરતાલા અને રાઈચૂરમાં લોકભાગીદારી એટલે કે પીપીપી મોડથી આઈઆઈઆઈટી આકાર પામશે.

# બોગસ બિલિંગ કૌભાંડમાં રાજેશ મુન્દ્રાની ધરપકડ

અમદાવાદ : સ્ટેટ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ વિભાગે, સુરતમાં કાપડની આયાત- નિકાસકારો પરના દરોડામાં ૧,૨૦૦ કરોડના બોગસ બિલિંગ અને ખોટી રીતે રૂ. ૬૨કરોડની ઈન પુટ ટેક્સ ક્રેડિટ અને આફ્રિકા, અફઘાનિસ્તાન, વગેરે દેશોમાં કરોડોની નિકાસ દર્શાવીને આઈડીએસટી મેળવવાના કૌભાંડના માસ્ટર માઈન્ડ રાજેશ મુન્દ્રાની ધરપકડ કરી છે. તાજેતરમાં એસજીએસટીની ટીમો દ્વારા સુરતમાં કાપડની આયાત અને નિકાસ કરતા ૪૭ જેટલા ટેક્ષ્ટાઈલ યુનિટના ૯૦ સ્થળે એકસામટા દરોડા પાડયા હતા. કરોડોના કૌભાંડ આચરવા ૩૫ જેટલી કંપનીઓ ઉભી કરાઈ હતી.

# અમરેલી માર્કેટયાર્ડમાં ચેરમેનની ચૂંટણી, ૧૪ વર્ષ પછી નવો ચહેરો મોહન નાકરાણી

- ૨૦૦૮થી સતત ચેરમેન પદે ચૂંટાતા સોજીત્રાએ સૂકાની પદ અન્યને સોંપ્યું
- હરીફમાં એકપણ ફોર્મ ન ભરાતા મતદાન ટળી ગયું

અમરેલીઃ અમરેલી માર્કેટયાર્ડના ચેરમેનની અઢી વર્ષની મુદત પૂરી થતાં યોજાયેલી ચૂંટણી બાદ મોહનભાઈ નાકરાણીની ચેરમેન તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. યાર્ડમાં સતત ૧૪ વર્ષથી ચેરમેન તરીકે પી. પી. સોજીત્રા ચૂંટાતા હતાં તેના બદલે વર્ષો પછી ચહેરો બદલાયો છે.

અમરેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેનનો અઢી વર્ષનો સમયગાળો પૂર્ણ થતાં નવા ચેરમેનની વરણી માટે ચૂંટણી અધિકારી તરીકે જિલ્લા રજિસ્ટ્રારની ઉપસ્થિતીમાં નવા ચેરમેનની વરણી માટે ચૂંટણી યોજવામાં આવી હતી. અમરેલી માર્કેટયાર્ડમાં ૨૦૦૮ના વર્ષથી ચેરમેન તરીકે સતત પી. પી. સોજીત્રા ચૂંટાતા આવ્યાં છે. ગત ટર્મમાં જ્યારે ચેરમેનની ચૂંટણી યોજવામાં આવી ત્યારે તેમના દ્વારા આગામી ટર્મથી પોતે ચેરમેન નહીં બને તેવી જાહેરાત કરવામાં આવી હતી. આ વખતે જ્યારે ચૂંટણી યોજાઈ ત્યારે સતત ૧૪ વર્ષથી ચૂંટાતા આવતા ચેરમેન પી. પી. સોજીત્રાએ ઉમેદવારી નોંધાવી નહોતી અને ચેરમેન તરીકે પોતાના બદલે સહકારી ક્ષેત્રના પીઢ આગેવાન એવા મોહનભાઈ નાકરાણીના નામની દરખાસ્ત મૂકી હતી. આ કાર્યક્રમમાં યાર્ડના પૂર્વ ચેરમેન પી. પી. સોજીત્રાએ જણાવ્યું કે, ૨૦૦૪થી તેમણે સહકારી ક્ષેત્રમાં ઝંપલાવવાનો પ્રયાસ કર્યો હતો અને ત્યારે અમરેલી યાર્ડમાં જુદા જુદા ચાર ગૃપ હતાં. અમરેલી યાર્ડમાં ગુજરાતનું પ્રથમ માર્કેટયાર્ડ છે અને ગુજરાતનું પ્રથમ કોર્પોરેટ માર્કેટયાર્ડ પણ બન્યું છે. રુ. ૧૨૫ કરોડના ખર્ચે કોર્પોરેટ માર્કેટયાર્ડનું વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# 'લંગુરો'ના ત્રાસથી અમદાવાદ એરપોર્ટે તહેનાત કર્યું 'રીંછ'

અમદાવાદઃ અમદાવાદ એરપોર્ટ પર હાલ ખુલ્લેઆમ એક વિશાળ રીંછ ફરતું જોવા મળી રહ્યું છે, પરંતુ તેનાથી ડરવાની જરૂર નથી. વાનરોના હુમલાથી યાત્રિકોની સુરક્ષાને ધ્યાનમાં લઈ અમદાવાદ એરપોર્ટ પર એક નવી રીત અપનાવવામાં આવી છે. એરપોર્ટ પ્રશાસને એક વિશાળ રીંછને તહેનાત કર્યું છે તે અસલી રીંછ નહીં, પરંતુ તેના ડ્રેસમાં અમદાવાદ એરપોર્ટનો એક કર્મચારી છે જે માનવરીંછ બની વાનરોને ભગાડવાનું કામ કરી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી એરપોર્ટ પાસે વાનરોનું તોફાન વધી જતાં ઓથોરિટીએ આ યુક્તિ અજમાવી છે.

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
Web: www.siis.ca
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
Express Entry and all PNP
Early childhood educator | Medical lab technician
Account technician | Computer programmers and
Interactive media developers | Social workers
STUDY VISA | VISITOR VISA (TRV) | SUPER VISA
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
VADODARA OFFICE
2/A, Wagheshwary Society,
Vip Road, Vadodara.
CANADA OFFICE
94-499 Main Street South;
Brampton, Ontario, Canada.
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca
Website.: www.siis.ca

SHARP TRAVEL

Lowest and Special Fares to
Ahmedabad / Vadodara / Mumbai & Delhi
વ્યાજબી ભાડું... શ્રેષ્ઠ સેવા... વર્ષોનો અનુભવ

Air Ticket
Cruises
Vacation Packages
Insurance
info@sharptravel.ca
www.sharptravel.ca
tico.ca
Ph : 905-230-7855
Shoppers World Mall 94 - 499
Main St S Brampton L6Y1N7
BRITISH AIRWAYS JET AIRWAYS AIR CANADA KLM Emirates ETIHAD

# ISI જાસૂસી કાંડ: આંધ્ર ATSની ટીમે ભુજનાં ત્રણ લોકોની પૂછપરછ કરાઈ

ભુજન : આંધ્રપ્રદેશ પોલીસની એટીએસ ટીમ દ્વારા ગત બે દિવસથી કચ્છમાં ચાલી રહેલી તપાસ પૂર્ણ થઈ છે. જે ત્રણ શખસોની તપાસ થઈ હતી તેમાંના એક શખસના તાર તાજેતરમાં જ આંધ્રપ્રદેશમાં આઈએસઆઈ વતી જાસૂસી કરતા ઝડપાયેલા ભારતીય નૌકાદળના જવાનો સાથે તેના સંપર્ક હોવાની શંકા હતી. જે મામલે તેની પૂછપરછ કરવામાં આવી હતી. જો કે, તેની શું પૂછપરછ થઈ ? તે અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. તેમજ તેની પૂછપરછ વખતે સ્થાનિક એસઓજીને પણ અળગી રાખવામાં આવી હતી. સૂત્રોનું માનીએ તો તેની કોઈ નક્કર સંડોવણી કે તેના વિરુદ્ધ ફળદાયી હકીકત નહીં મળતા આંધ્રપ્રદેશની એટીએસ ટીમ રવાના થઈ હતી. તાજતેરમાં જ આંધ્રપ્રદેશમાં ભારતીય નૌકાદળમાં ફરજ બજાવતા આઠેક જેટલા જવાનોની પાકિસ્તાન વતી જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી. તેમની પૂછપરછ દરમિયાન અબડાસા તાલુકાના બરંદા ગામનો એક શખસ અને તેનો ભાઈ તેમજ તેમનો એક મિત્ર ઉપરાંત ભુજના પણ ત્રણેક લોકો શંકાના દાયરામાં આવ્યા હતા. સૂત્રોનું માનીએ તો બરંદાના આ શખસ સાથે જાસૂસી કરતા ઝડપાયેલા લોકો પૈકી અમુક તેના સંપર્કમાં હતા જે ને પગલે સ્થાનિક એટીએસની મદદ માટે બે શખસોને બોલાવી પૂછપરછ આદરવામાં આવી હતી. જો કે, ત્રીજો શખસ હાથમાં આવ્યો નથી, પરંતુ પૂછપરછ બાદ ટીમ રવાના થઈ ગઈ હતી, જેનો અર્થ એ પણ થાય કે તેમની કોઈ ભૂમિકા સાબિત થતી નથી.

# હાર્દિક પટેલ સહિત ચાર સામે બિનજામીનપાત્ર વૉરન્ટ ઈશ્યુ

મોરબી : જિલ્લાના ટંકારા તાલુકામાં વર્ષ ૨૦૧૭માં જાહેરનામાભંગ કેસની મુદત હોઈ જેમાં હાર્દિક પટેલ સહિતના ચાર આરોપીઓએ હાજરી નહિ આપતા ટંકારા કોર્ટે બિનજામીનપાત્ર વૉરંટ ઈસ્યુ કર્યું હતું. તો પૂર્વ પાસ અગ્રણી રેશમા પટેલ, વરુણ પટેલ સહિતનાઓએ કોર્ટની મુદતમાં હાજરી આપી હતી.

ટંકારામાં વર્ષ ૨૦૧૭માં મંજૂરી ના હોવા છતાં સભા કરવામાં આવી હોવાથી હાર્દિક પટેલ, લલિત વસોયા સહિત ૩૪ સામે જાહેરનામાભંગનો ગુનો નોંધાયો હતો જે કેસમાં મુદત હોવાથી ટંકારા કોર્ટમાં ગીતાબેન પટેલ, રેશમા પટેલ, કિશોર ચીખલિયા, લલિત કગથરા સહિતના ૨૯ લોકોએ કોર્ટમાં હાજરી આપી હતી. જોકે કોર્ટની મુદત હોવા છતાં હાર્દિક પટેલ, લલિત વસોયા, મનોજ કાલરિયા અને અમિત ઠુંમર એ ચાર આરોપી ઉપસ્થિત રહ્યા ના હતા જેને પગલે ટંકારા કોર્ટે ચારેય આરોપી સામે બિનજામીનપાત્ર વૉરંટ ઈસ્યુ કર્યા હતાં. પૂર્વ પાસના અગ્રણીઓએ ટંકારા કોર્ટમાં પાટીદારો સામેના કેસો પરત ખેંચ્યા હોય તેવી રજૂઆત કરી હતી. જોકે બચાવ પક્ષે ઝેરોક્ષ રજૂ કરી હતી.

# રાહ જોનારા ભૂલી જાય, પિતા પછી પણ હું જ ચૂંટણી લડીશ : રાદડિયા

- લોકસભાની ટિકિટ પડાવી લેનારા ભાજપના જ જુથ સામે જયેશનો બળાપો

રાજકોટઃ વડોદરા, ભરૂચ પછી હવે સોરાષ્ટ્રમાં પણ ભાજપનો આંતરીક જુથવાદ સપાટીએ પહોંચ્યો છે. જેતપુરના એક કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી જયેશ રાદડિયાએ ''આ ક્ષેત્ર મારા પિતાએ ૩૦ વર્ષથી વાવેલું ખેતર છે, તેમના પછી હું જ ઉત્તરાધિકારી છું અને કોઈ બીજા રાહ જોતા હોય તો ભૂલી જજો. અહીં તો હું જ ચૂંટણી લડવાનો છું' આવા હુંકાર ભર્યો હતો.

કેબિનેટ મંત્રી જયેશે 'મારા ખેતરમા હું કોઈને ઘુસવા નહી દઉ' એવી ચિમકી આપીને પોતાના પરીવારના વિરોધીઓને ચેતવ્યા પણ હતા. તેમણે 'પવન પોરબંદરથી ઉપડે કે ગમે તે બાજુથી અહીં ભલભલા વાવાઝોડા શાંત થઈ ગયા છે' એમ પણ કહ્યુ હતુ.

રાદડિયાએ અચાનક જ આ પ્રકારનો બળાપો કેમ ઠાલવ્યો તેને લઈને ભાજપમાં તરેહતરેહની ચર્ચાઓ શરૂ થઈ છે. જયેશ રાદડિયા કોંગ્રેસના ધારાસભ્યપદેથી રાજીનામું આપીને પિતા વિઠ્ઠલ રાદડિયાની સાથે ભાજપમાં આવ્યા હતા. ગતવર્ષે લોકસભા ચૂંટણી વખતે પોરબંદર બેઠક માટે વિઠ્ઠલભાઈના પત્ની અને જયેશના માતા ચેતનાબહેનનું નામ છેક સુધી ફાઈનલ હતુ.

# સાઢુએ પત્નીની મજાક ઉડાવતાં વિફરેલાં પતિએ લગ્નપ્રસંગમાં છરી ઝીંકી દીધી

- બંનેને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા
- આરોપી ચંદ્રકાંતને પકડીને પોલીસને સોંપાયો

રાજકોટ : રાજકોટના ગોંડલરોડ પર પુનીતનગરમાં તપન હાઈટસમાં રહેતા મામાજી સસરા રમેશ જીવરાજભાઈ લાઠીયાના પુત્રના લગ્નમાં ધારીની નવી વસાહતમાંથી આવેલા ચંદ્રકાંત બટુક જોટાંગીયાએ આંકોલવાડી ગીરમાંથી આવેલા સાસુ સમજુબેન મધુભાઈ નળીયાપરા ઉ.વ.૬૫ સુરતથી આવેલા રત્નકાર મોટા સાઢુ અરવિંદ કેશુભાઈ પોરીયા ઉ.વ.૪૭ (રહે. વરાછા શાંતિનિકેતન સુરત) પર ચંદ્રકાતે છરી વડે ખૂની હૂમલો કરતા લગ્નપ્રસંગમાં અફરાતફરી થઈ પડી હતી. આરોપી ચંદ્રકાંતને પકડીને પોલીસને સોંપાયો હતો.

સમજુબેન તેની બંને દિકરીઓ, જમાઈ અને પુત્ર બધા લગ્નમાં એકઠા થયા હતા. અગાઉ ચંદ્રકાંતની પત્ની રસિલાની સાઢુ અરવિંદે મજાક કરી હતી. જે તે સમયે માથાકુટ બાદ સમાધાન પણ થઈ ગયું હતું પરંતુ ચંદ્રકાંત અચાનક બહાર ગયો હતો અને બહારથી આવી સીધા સાઢુને પેટના ભાગે છરી ઝીંકી દીધી તેમજ સાસુને પેટ, કપાળ છાતીના ભાગે છરીના ઘા ઝીંકી દીધા હતા.

જાન જવાની હતી તેની કલાકો પહેલા જ માંડવા નીચે ચંદ્રકાંતે લોહી વહાવ્યું હતું. લગ્નની હશીખુશીમાં રહેલા સગા સ્નેહીઓ હુમલાથી હતપ્રત બની ગયા હતા. આરોપી ચંદ્રકાંતને પકડીને પોલીસ બોલાવાઈ હતી. ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડાયા હતા. ઈજાગ્રસ્ત સમજુબેનના પુત્ર મનોજે બનેવી ચંદ્રકાંત સામે ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે ધરપકડ કરી હતી. ઘટનાના પગલે ભારે ચકચાર જાગી હતી.

# માસુમ બાળકને ફાડી ખાનારી નરભક્ષી સિંહણ ૨ સિંહબાળ સાથે પાંજરે પૂરાઈ



ખાંભાઃ રાજુલાના ઉચૈયામાં સિંહણ દ્વારા પાંચ વર્ષના માસુમ બાળકને ફાડી ખાવાની ઘટના બાદ વન વિભાગની ટીમો દ્વારા સિંહણને પકડવા માટે આખી રાત રેસ્કયુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને વહેલી પરોઢે સિંહણને તેના બે બચ્ચાઓ સાથે પકડી પાડવામાં સફળતા મળી છે.

આ અંગે વન વિભાગના સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ રાજુલાના ઉચૈયા ગામની સીમમાં રાત્રીના સમયે ઝૂંપડામાં સુતેલા પરિવારના પડખામાંથી સિંહણ પાંચ વર્ષના માસુમ બાળકને ઉપાડી ગઈ હતી અને ફાડી ખાધો હતો. સામાન્ય રીતે સિંહો મનુષ્ય ઉપર હુમલો કરતા નથી પણ આ સિંહણ દ્વારા દીપડાની જેમ માણસનો શિકાર કરવામાં આવ્યો હતો. આ સિંહણ માણસો માટે જોખમી હોવાથી વન વિભાગની ટીમો દ્વારા તેને પકડવા માટે જુદા જુદા પિંજરાઓ મૂકવામાં આવ્યાં હતાં અને રાતભર જાગીને વન વિભાગના અધિકારીઓ દ્વારા સિંહણને પકડવા માટે રેસ્કયુ ઓપરશન હાથ ધરવામાં આવ્યું હતું. વન વિભાગ દ્વારા ખાસ રીંગ પાંજરું મૂકવામાં આવ્યું હતું.

# ભાવનગર જિલ્લામાં વન્યપ્રાણીઓનું વધી રહેલું વિચરણ ભારે ચિંતાજનક

- જેસર, પાલિતાણા, મહુવા, તળાજામાં આવજાવ વધુઃ ૧૮ વ્યક્તિ પર હુમલો

ભાવનગર : જંગલ વિસ્તારોનું કદ ઘટતા પશુઓનું આવાગમન વધી રહ્યું છે અને એક તબક્કે તાજેતરમાં વન વિભાગના એક તારણ મુજબ ભાવનગર જિલ્લાના વિવિધ તાલુકાના અંતરિયાળ વિસ્તારો અને જંગલ પ્રદેશમાં અંદાજીકત ૧૨૩ દીપડા વિચરણ કરી રહ્યાં હોવાનું અને વર્ષ-૨૦૧૯ દરમિયાન કુલ ૧૮૩ મારણ નોંધાવા પામ્યાં છે. વન્ય શ્રૂષ્ટી પર માનવીય જીવોનું અતિક્રમણ દિવસે ને દિવસે વધતું જાય છે અને તેના પરિણામે જંગલ વિસ્તાર ઘટતો જાય છે. આ ઘટી રહેલા જંગલ વિસ્તારના કારણે જ પ્રાણીઓની સ્થળાંતર પ્રવૃત્તિ છેલ્લા પાંચ-દસ વર્ષોમાં વધી છે. આ વન્ય પ્રાણીઓનું સંતુલન રાખવા પણ પ્રકૃતિને અજબ-ગજબના ચોગઠા ગોઠવી જ રાખ્યા છે. જે સમય પ્રમાણે પોતાનું કામ કરી પ્રકૃતિનું બેલેન્સ આપોઆપ જાળવી રાખે છે. કોઈ એક ચોક્કસ પ્રાણીનો વસ્તી વિસ્તાર મોટો ન બની જાય તે માટે નાના પર મોટાનો શિકાર કુદરતી રીતે હોય જ છે. ભાવનગર જિલ્લાની જો વાત થાય તો નીલગાય અને જંગલી ભુંડને કન્ટ્રોલ કરવા શિયાળ, (વુલ્ફ) અને દીપડાની જાતીની હાજરી પણ જરૂરી છે અને હાલ જંગલ વિસ્તારમાં આ બેલેન્સની કાર્યવાહી આપોઆપ થઈ રહી છે. ભાવનગર જિલ્લાના તાજેતરમાં હાથ ધરેલ એક સર્વેમાં તાલુકાના છેવાડાના જંગલ પ્રદેશ, ડુંગરાળ પ્રદેશ, વાડી વિસ્તાર કે બનજર વિસ્તારોમાં ભુંડ અને નિલગાયની હાજરી તમામ તાલુકામાં મળી આવી છે.










હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


### પાંચ વર્ષમાં જમ્મુ કાશ્મીરમાં ૫૦ આતંકવાદીનો સફાયો કરનારા સીઆરપીએફના અધિકારીની દાસ્તાન

# નરેશ કુમાર: સળગતા કાશ્મીરના જાબાંઝ અધિકારી

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

જમ્મુ કાશ્મીર આઝાદી બાદ આટલા વર્ષો સુધી ભારતનો હિસ્સો હોવા છતાં તેના અલાયદા અધિકારો -સત્તા હતી. જેને કારણે આ પ્રદેશ દેશથી વિમુખ રહ્યો. જો કે, મોદી સરકારે ૩૭૦ની કલમ દૂર કર્યા બાદ હવે ધીમે ધીમે સ્થિતિ બદલાય રહી છે. આમ તો વર્ષોથી આ વિસ્તારમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદની મોટી સમસ્યા છે. જેને કારણે અત્યાર સુધીમાં ભારતે પોતાના હજારો જવાનો ગુમાવ્યા છે. કાશ્મીર ઘાટીમાં ધર્મને નામે ચાલતી હાટડીઓ અને સ્થાનિક નેતાઓની ભારત પ્રત્યેના રાગદ્રેષને કારણે આતંકવાદ વર્ષો પછી પણ નાથી શકાયો નથી. આવા સંજોગોમાં ભારત સરકારે અહીં સુરક્ષા વ્યવસ્થામાં પોતાના બજેટનો મોટો હિસ્સો ખર્ચ કરવો પડી રહ્યો છે. કાશ્મીરમાં જવાન કે પોલીસ તરીકે કામગીરી કરવી અત્યંત કપરી બાબત છે. અહીં જરા પણ ચુક સુરક્ષા જવાન કે પોલીસ જવાનને મોત સુધી ખેંચી જાય છે.

આવા સંજોગોમાં પણ કેટલાય દેશપ્રેમી જવાનો જીવના જોખમે ફરજ બજાવી મા ભારતીનું ઋણ અદા કરી રહ્યા છે. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના જાંબાઝ ઑફિસર નરેશ કુમાર એવા જ એક અધિકારી છે. નરેશ કુમાર માટે ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૮નો દિવસ કાયમનું સંભારણું બની ગયો છે. કારણ કે, એક તો બીજે દિવસે વેલેન્ટાઈન્સ ડે હોવાથી નરેશ કુમારે પત્ની માટે એક ગિફ્ટ લઈ રાખી હતી અને એથીય વધુ મહત્ત્વની વાત એ હતી કે, ૧૩મી તારીખે એક કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવાની અગત્યની જવાબદારી તેમને સોંપવામાં આવી હતી. કોઈ પણ સૈનિકના જીવનમાં દુશ્મનનો ખાત્મો કરવાથી વધુ અગત્યનું કે મહત્ત્વનું કશું નથી હોતું. મહત્વની વાત તો એ છે કે, નરેશ કુમારનાં પત્ની શીતલ રાવત પણ સીઆરપીએફ સાથે સંકળાયેલાં છે. તેઓ આસિસ્ટન્ટ કમાન્ડન્ટનો હોદ્દો ધરાવે છે. એમનું પોસ્ટિંગ નરેશ કુમાર કાશ્મીરમાં હતા ત્યારે એમની સાથે જ થયું હતું. નરેશ કુમારના પિતા પણ ભારતીય લશ્કરના નિવૃત્ત અધિકારી છે.

ભારતના સુરક્ષા બળમાં આ વર્ષે બહાદુરી માટે સન્માન મેળવવામાં સીઆરપીએફ ૭૬ મેડલ સાથે બીજા ક્રમે છે. પહેલા ક્રમે ૧૦૮ મેડલ સાથે જમ્મુ ઍન્ડ કાશ્મીરની પોલીસ છે. નરેશ કુમારે તેમની ચાર જ વર્ષની સર્વિસમાં છ મેડલ મેળવ્યા છે. આ સન્માનની વિગતો આપતા નરેશ કુમાર કહે છે કે, ૨૦૧૬માં શ્રીનગરમાં કરેલા એક ઑપરેશન માટે ૨૦૧૭માં તેમને પહેલો મેડલ મળ્યો હતો. એ સમયે બે વિદેશી આતંકવાદીઓ કોઈ ઘટનાને અંજામ આપે તે પહેલાં જ અમે તેમની યોજના નિષ્ફળ કરી હતી. હિઝબુલ મુજાહિદ્દીનના બે કમાન્ડરને જેર કરી દેવા બદલ ૨૦૧૮માં તેમને બે પીએમજી એનાયત થયા હતા. આ ઉપરાંત ગયા વર્ષે ૨૬ જાન્યુઆરીએ અને ૧૫ ઑગસ્ટે પણ તેમને એક-એક મેડલ એનાયત થયો હતો. વર્ષ ૨૦૧૮માં નોંધપાત્ર કામગીરી બદલ નૅશનલ સિક્યોરિટી એડવાઈઝર અજિત ડોભાલની પ્રશંસા મેળવનાર નરેશ કુમારને આ છ મેડલ ઉપરાંત ૧૧ ડીજી સીઆરપીએફ કમેન્ડેશન ડિસ્ક, બે જે-કે પોલીસ મેડલ અને બીજા કેટલાક શિરપાવથી પણ અલગ અલગ પ્રસંગોએ સન્માનિત કરવામાં આવ્યા છે.

પંજાબના હોશિયારપુરમાં લશ્કરી અધિકારીના ઘરે જન્મેલા નરેશ કુમારે ગ્રેજ્યુએશન કર્યું છે. બી.ટેક.ની ડિગ્રી મેળવ્યા પછી લશ્કરી દળમાં જોડાવા માટેની એન્ટ્રેન્સ એક્ઝામ આપવાની તેમણે શરૂઆત કરી હતી. પિતા આર્મીમાં હતા એટલે લશ્કરી માહોલ, એની સંસ્કૃતિથી નરેશ કુમાર સારી રીતે પરિચિત હતા. ૨૦૧૩ના માર્ચ મહિનામાં નરેશકુમાર સીઆરપીએફમાં જોડાયા. તેઓ સાત વર્ષથી સીઆરપીએફમાં છે અને એમાંથી છ વર્ષ તો તેમણે કાશ્મીરમાં ફરજ બજાવી છે. મતલબ કે, ટ્રેઈનિંગ પૂરી થતાની સાથે તેમને કાશ્મીર મોકલી દેવામાં આવ્યા હતા. એમના ગણવેશ પર શોભા દેતા છ વીરતા પદક તેમની શૌર્ય ગાથાનું વર્ણન કરે છે. નરેશ કુમાર કાશ્મીરની સ્થિતિ અંગે કહે છે કે, તેમનાં પત્ની શીતલ રાવત પણ સીઆરપીએફ સાથે સંકળાયેલાં છે અને આસિસ્ટન્ટ કમાન્ડન્ટનો હોદ્દો ધરાવે છે. એમનું પોસ્ટિંગ નરેશ કુમારની સાથે જ થયું હતું. નરેશ કુમાર સહભાગી હતા એવું અન્ય એક મહત્ત્વનું એન્કાઉન્ટર જમ્મુ નજીક આવેલા અરવાનીનું હતું. હિજબુલ મુજાહિદ્દીનના બે કમાન્ડર એક ઘરમાં છુપાયા હોવાની માહિતી તેમને મળી હતી. એ સંદર્ભે તેમણે જણાવ્યું કે 'એ વિસ્તારના લોકો ઉશ્કેરાયેલા હતા. આખું ઘર ઉડાડી નાખવાની યોજના બનાવી હતી. જો કે, એમ કરવાથી આસપાસમાં રહેતા હજારો લોકોને નુકસાન થવાનો ભય ઝળુંબતો હતો. પછી વૈકલ્પિક યોજના તૈયાર થઈ અને રૂમમાં ઘૂસી જવાનો નિર્ણય કરાયો. જે માટે માટે ક્વિક ઍક્શન ટીમની પસંદગી કરાઈ.

અમારા હાથમાં જવાબદારી આવી એની થોડી મિનિટોમાં જ અમે એ ઘરમાં ઘૂસી ગયા અને ત્રાસવાદીને ખતમ કરી નાખ્યો.' આ ઓપરેશને નરેશ કુમારને બીજો બહાદુરીનો અવૉર્ડ અપાવ્યો.



કાશ્મીરમાં આતંકવાદીઓ સામેના ઓપરેશન સમયે પત્ની દ્વારા અપાતી હિંમત નરેશ કુમાર માટે પ્રેરકબળ રહી, પરિણામે તેને ચાર વર્ષમાં ૬ મેડલ મળ્યા

આ ઉપરાંત તેમણે બડગામમાં પણ પોતાની કાબેલિયતનો પરચો આપ્યો હતો. ૨૦૧૫થી અત્યાર સુધીમાં તેમની ટીમે પચાસેક આતંકવાદીઓના બદઈરાદા નિષ્ફળ બનાવી દીધા છે. એપ્રિલ ૨૦૧૫થી કાશ્મીરમાં ફરજ બજાવી રહેલા નરેશ કુમારની આવડતનો, તેમની બહાદુરીનો પ્રથમ પરિચય ૨૦૧૬માં થયો હતો. એ સમયે એક એન્કાઉન્ટર પછી સીઆરપીએફ દ્વારા કમાન્ડોની ક્વિક ઍક્શન ટીમ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો અને એના નેતૃત્વની જવાબદારી નરેશ કુમારને સોંપવામાં આવી હતી. આ ટીમ તૈયાર થયાના બે-ત્રણ મહિનામાં જ એની કસોટીનો સમય આવ્યો. કેટલાક આતંકીઓએ પોલીસ ટીમ પર હુમલો કર્યો હતો. જોકે, કુમારના નેતૃત્વ હેઠળ ગણતરીની મિનિટોમાં જ એ આતંકવાદીઓનો સફાયો થઈ ગયો અને સીઆરપીએફની તાકાત ચડિયાતી છે એ વાત સાબિત થઈ ગઈ. ત્યારબાદ શહેરી વિસ્તારોમાં લશ્કર અને જમ્મુ-કાશ્મીરની પોલીસ સાથે નરેશ કુમારની ટીમે કેટલાંક ઑપરેશન કરીને દુશ્મનોનો સફાયો કર્યો. ૨૦૧૬ની એ બહાદુરી બદલ મિસ્ટર કુમારને પ્રથમ વાર પીએમજી મેડલ એનાયત થયો હતો. જે બાદ ૨૦૧૮માં કાશ્મીરમાં ક્વિક ઍક્શન ટીમનું સફળતાપૂર્વક નેતૃત્વ કરી ચૂકેલા કુમારને એક કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે ખાસ દિલ્હીથી બોલાવવામાં આવ્યા હતા. તે સમયે એટલે કે, ૨૦૧૮ની ૧૦ ફેબ્રુઆરીએ વહેલી પરોઢે જમ્મુના સુંજુવાન સ્થિત કરણ નગર વિસ્તારમાં આવેલી ભારતીય લશ્કરની છાવણી પર જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. આ હુમલામાં છ ભારતીય જવાન શહીદ થયા હતા અને ૧૪ સૈનિક સહિત ૨૦ જણને ઈજા થઈ હતી. એક અવાવરુ મકાનમાં આતંકવાદીઓ સંતાઈને બેઠા હતા અને સતત ગોળીબાર ચાલી રહ્યો હતો. પરિસ્થિતિ જાણતા નરેશ કુમાર એ વાતથી વાકેફ હતા કે, મામલો ગંભીર છે અને જીવને જોખમમાં મુકીને પણ આ ઓપરેશન પાર પાડવાનું છે.

જોકે, પત્નીએ આંખોથી આપેલી હિંમત એમના માટે પ્રેરકબળ હતી. કરણ નગરમાં તેમણે ગોળીઓની ઝડી વરસાવીને આતંકવાદીઓને ખતમ કરવાનો પ્રયાસ કર્યો. જો કે, કેટલાક કલાકો સુધી અવિરત ચાલેલા ગોળીબારથી પણ કોઈ પરિણામ ન આવ્યું, ત્યારે આ ઑફિસરે વ્યૂહ બદલ્યો. તેમણે છ જણની એક ટીમ બનાવી અને યોજના ઘડી બિલ્ડિંગને ઘેરી લઈને એમાં ઘૂસી ગયા. એ સમયે બિલ્ડિંગમાં એક જ આતંકવાદી જીવિત હતો જેનો ખાતમો બોલાવી દેવાયો.

# સ્વદેશ

## આલિયા ભટ્ટ સડક-૨ને લઈ વ્યસ્ત બની



મુંબઈ : બોલિવુડ અભિનેત્રી આલિયા ભટ્ટ યુવા પેઢીમાં સૌથી લોકપ્રિય બની છે. હાલમાં તે આદિત્ય રોય કપુર સાથે પોતાના હોમ પ્રોડક્શનની વિતેલા વર્ષોની સુપરહિટ ફિલ્મ સડકના નવા ભાગને લઈને વ્યસ્ત છે. આ ફિલ્મનુ શુટિંગ હવે પૂર્ણ થવા આવ્યુ છે. ફિલ્મ ૨૦મી જુલાઈના દિવસે રજૂ કરવામાં આવનાર છે. હોમ પ્રોડક્શનની ફિલ્મને લઈને તે ખુબ ખુશ છે. તેની પાસે અન્ય કેટલીક ફિલ્મો છે જેમાં આરઆરઆરનો સમાવેશ થાય છે. ગંગુબાઈ નામની ફિલ્મ પણ તે કરી રહી છે. હાલમાં તેની તમામ ફિલ્મો સુપરહિટ સાબિત થઈ છે. તેની તમામ ફિલ્મો તરફ લોકોનુ ધ્યાન ખેંચાયુ છે. જેમાં રાજી, ગલ્લી બોય, કલંક ફિલ્મનો સમાવેશ થાય છે. તેની પાસે મોટી સંખ્યામાં ફિલ્મો ઉપરાંત અનેક જાહેરાતમાં પણ કામ કરી રહી છે. તે હાલમાં ચાર ફિલ્મો હાથમાં ધરાવે છે. હાલમાં રણબીર કપુર સાથે ડેટિંગ કરી રહેલી આલિયા ભટ્ટથી પ્રભાવિત રહેલી યુવા અભિનેત્રીઓમાં અક્સરાનો પણ સમાવેશ થાય છે. એક અભિનેત્રી તરીકે તે જે રીતે આગેકુચ કરી રહી છે તેના કારણે તે ખુબ ખુશ છે. સાથે સાથે ઓન સ્કીન તે ખુબ ખુબસુરત પણ દેખાય છે.

# પ્રેક્ષકો કોઈનીય શેહશરમ રાખતા નથી! : અલાયા બેદી




મુંબઈ : પૂજાબેદીની દિકરી અલાયા બેદીને ઘણી મહેનત બાદ સૈફ અને તબ્બુની ફિલ્મ જવાની જાનેમન મળી. ફિલ્મમાં અભિનેત્રીએ ખાસ્સી મહેનત પણ કરી છે. આ વિષે પૂછવામાં આવતા તેણે જણાવ્યું હતું કે, તેણે જ્યારે હિન્દી ફિલ્મોમાં કામ કરવાનું નક્કી કર્યું તો એને આશા હતી કે પૂજા બેદીની દીકરી અભિનય કરવા માગે છે એવી બધાને ખબર પડશે કે તરત બે-ચાર ફિલ્મની ઓફર તો આવી જ જશે. પણ એવું કશું ન થયું. ખાસ્સી રાહ જોયા પછી આખરે અલાયાને રિયલાઈઝ થયું કે કામ માગવા તેણે જ સામેથી બધે જવું પડશે. જોકે એના કારણે ઓ એ ગર્વથી કહી શકે છે કે તે સંઘર્ષ કરીને સફળ થઈ છે. એ કામ માગવા નીકળી ત્યારે પણ તેને હતું કે તે જેની ઓફિસે પહોંચીને વાત કરશે અને કહેશે કે હું પૂજા બેદીની દીકરી છું તો તેને કામ મળવાના ચાન્સીસ વધી જશે. અલાયા માને છે કે બીજાઓએ રિજેક્શન કર્યુ એટલે જ તેને સૈફ તથા તબ્બુ જેવા ઘડાયેલા કલાકારો સાથે કામ કરવાની તક મળી.

અલાયા શરૂઆતમાં અભિનેત્રી બનવા માગતી નહોતી. તેણે દિગ્દર્શિકા બનવાનું નક્કી કર્યું હતું. એ માટે તે ન્યૂયોર્ક યુનિવર્સિટીમાં ફિલ્મ મેકિંગનો ચાર વર્ષનો કોર્સ કરવા જોડાઈ હતી. એ કોલેજના અભ્યાસક્રમના ભાગરૂપે એક ગ્રૂપ એક્ટિવિટીમાં તેને તેના એક સહાધ્યાયીએ તેની ફિલ્મ માટે અભિનય કરવાની રિક્વેસ્ટ કરી. અલાયાએ એ ફિલ્મ માટે અભિનય કર્યો તો એને લાગ્યું કે તેને દિગ્દર્શન કરતાં અભિનયમાં જ વધુ મઝા આવે છે. ત્યારબાદ મમ્મી પુજાએ તેને અહીં અભિનયનો બે વર્ષનો કોર્સ કરવા મોકલી દીધી. સાથે નૃત્ય પણ શીખવાડયું અને હિન્દી ઉચ્ચારો માટે ખૂબ જ મહેનત કરાવડાવી. બધું શીખી લીધા પછી અલાયા કામ માગવા નીકળી હતી. એને કોઈ કહે કે અહીં પરિવારવાદ નથી ચાલતો તો એ નિખાલસતાથી કહે છે, એવું પણ નથી. પરિવારની, માતા-પિતાની ઓળખાણથી અમારી સ્ટ્રગલ થોડી સરળ બને છે. મને જેટલો વખત સંઘર્ષ કરવો પડયો એના કરતાં બહારથી આવનારને કદાચ દસ ગણો સંઘર્ષ કરવો પડયો હોત. એ પછીય એને આવા મોટા બેનરની ફિલ્મ ન મળી હોત! જોકે એનો અર્થ એવોય નથી કે ઓળખાણની લાગવગથી કામ ચાલી જાય છે. પડદા પર કૌવત તો બતાવવું જ પડે છે. પ્રેક્ષકો કોઈનીય શરમ રાખતા નથી!

## હાઉસફુલ-૪ બાદ કૃતિ સેનોનની માંગમાં વધારો થયો



મુંબઈ : બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી કૃતિ સનુન હાઉસફુલ-૪ બાદ તેને વધુ ફિલ્મોની ઓફર આવી રહી છે. અભિનેત્રી પાસે હાલ ડ્રામા ફિલ્મ મીમી અને અક્ષય કુમારની ફિલ્મ બચ્ચન પાન્ડે છે. તેની પાસે કેટલીક નવી નવી ઓફર પણ આવી રહી છે. તે છેલ્લે અક્ષય કુમારની હાઉસફુલમાં નજરે પડી હતી. તેના ચાહકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સોશિયલ મિડિયા પર તેની બોલબાલા વધી રહી છે. સોશિયલ મિડિયા પર પણ તેની મજબુત છાપ ઉભી કરી રહી છે. તેની પાસે એકબાજુ નવી નવી ફિલ્મો આવી રહી છે. બીજી બાજુ સોશિયલ મિડિયા પર તેના ચાહકો સતત વધી રહ્યા છે. વર્ષ ૨૦૧૫માં સોશિયલ મિડિયા સાથે જોડાઈ ગયા બાદ તેના ચાહકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. હવે ઈન્સ્ટાગ્રામ પર તેના ચાહકોની સંખ્યા ૨૪ મિલિયન અથવા તો ૨.૪ કરોડ સુધી પહોંચી ગઈ છે. હાલમાં પણ તે અનેક મોટી ફિલ્મોમાં કામ કરી રહી છે. કૃતિએ ફેન્સની સંખ્યા ૨.૪ કરોડના આંકડા સુધી પહોંચી ગયા બાદ ફોટો જારી કરીને ખુશી વ્યક્ત કરી છે. કૃતિએ તેની કેરિયરની શરૂઆત હિરોપંતિ ફિલ્મ સાથે કરી હતી.

## આમિર ખાનને પગલે હવે સલમાન ખાનની પણ હોલીવુડ ફિલ્મો પર નજર



મુંબઈ: બોલીવુડના મિ. પર્ફેક્સનિસ્ટ એવા આમિર ખાનને પગલે હવે સલમાન ખાન પણ હોલીવુડ જેવા વિષયો પર ફિલ્મો બનાવવાનું વિચારી રહ્યો છે. સલમાન ખાનની નજર હોલીવૂડની ૮૦ના દાયકાની સફળ ફ્રેન્ચાઈજી 'ઈન્ડિયાના જોન્સ' પર પડી છે. સલમાન ' ઈન્ડિયાના જોન્સ' પરથી નવી ફ્રેન્ચાઈઝી બનાવાનો વિચાર કરી રહ્યો છે. આમિર ખાન પણ હોલીવૂડની સુપરહિટ ફિલ્મ ' ફોરેસ્ટ ગમ્પ'ની રીમેક બનાવી રહ્યો છે. સલમાનની નજીકના એક સૂત્રે જણાવ્યું છે કે, સલમાનની ટીમ આ લોકપ્રિય એકશન હીરો ઈન્ડિયાના જોન્સને ફક્ત એક આધાર તરીકે ઉપયોગ કરી રહી છે. સલમાનની ફિલ્મો ઈન્ડિયાના જોન્સની ફિલ્મોના મૂળ રૂપથી પ્રેરિત હશે. સીધી રીતે સલમાનની ફિલ્મોનો ઈન્ડિયા જોન્સ સાથે કોઈ સંબંધ નહીં હોય. ઈન્ડિયાના જોન્સના અભિનેતા ગેરિસન ફોર્ડ એક પુરાતત્વ અને સાહસિક સાધકના પ્રોફેસરની ભૂમિકા નિભાવતો જોવા મળે છે. જ્યારે સલમાનની ફિલ્મમાં આ પાત્ર અને વ્યવસાયને બદલી નાખવામાં આવશે. સૂત્રે વધુમાં જણાવ્યું હતુ કે, ફિલ્મની ઘણી વિશેષતાઓને બદલાવવામાં આવશે.

## યશરાજ ફિલ્મ્સની બિગબજેટ ફિલ્મ ધૂમ-૪ માટે અક્ષયના નામની ચર્ચા



મુંબઈ : અક્ષય કુમાર પાસે હાલ બહેતરીન પ્રોજેક્ટસની ભરમાર છે. પરંતુ તેનો આગામી પ્રોજેક્ટ આ વરસનો સૌથી મોટો ધમાકો હશે. કહેવાય છે કે, અક્ષય કુમાર 'ધૂમ ૪' માં વિલન તરીકે ફાઈનલ થઈ ગયો છે. રસપ્રદ વાત તો એ છે કે, તે ફક્ત વિલન જ હશે અન્ય ધૂમ ફિલ્મોની માફક પછીથી હીરો સાબિત નહીં થાય. સત્તાવાર રીતે જલદી જ ઘોષણા થાય તેવી શક્યતા છે. સૂત્રની વાત સાચી માનીએ તો યશરાજ ફિલ્મસની 'ધૂમ ૪' માટે અક્ષય કુમારનું નામ વિલન તરીકે બોલાઈ રહ્યું છે. કહેવાય છે કે, અત્યાર સુધીની 'ધૂમ' ની ત્રણેય ફ્રેન્ચાઈઝીમાં વિલન જ ખરા અર્થમાં હીરો હોય છે અને ફિલ્મ પૂરી થતા થતા તેના પ્રત્યે સહુને સહાનુભૂતિ આવતી હોય છે. પરંતુ આ વખતે આવું નહીં થાય.આ ફિલ્મ પર હાલ કામ ચાલી રહ્યું છે, અને એની સત્તાવાર ઘોષણા જલદી કરવામાં આવશે. રિપોર્ટના અનુસાર, 'ધૂમ ૪'માં અક્ષય કુમારનું પાત્ર સંપૂર્ણ રીતે નકારાત્મક જ હશે. તેમાં કોઈ પોઝિટીવ એન્ગલ હશે નહીં. છેલ્લી ધૂમ ફિલ્મ સાત વરસ પહેલા રિલીઝ થઈ હતી.

## બોલીવૂડમાં હિરોઈનોની બ્રાન્ડ વેલ્યુ ઓછી છે



મુંબઈ : જાહ્નવી કપૂર હાલ પોતાની બીજી ફિલ્મ 'ગુંજન સકસેનાઃ ધ કારગિલ ગર્લ'ની રિલીઝને લઈને ઉત્સાહિત છે. ઉપરાંત તે 'દોસ્તાના ટુ'નું શૂટિંગ કરી રહી છે. બોલીવૂડમાં હિરોઈનોને હીરોની સરખામણીમાં મળતા ઓછા મહેનતાણાથી જાહ્નવી નારાજ છે. "મારા હિસાબે એક આઈડિયલ વર્લ્ડમાં એક એકટર અથવા એકટ્રેસને તેનું મહેનતાણું, એક ફિલ્મમાં જેટલા દિવસનું કામ હોય એના હિસાબે મળવું જોઈએ. ફિલ્મમાં તેની બ્રાન્ડ વેલ્યુ પર આધારિત હોવી જોઈએ. દીપિકા પદુકોણ એક સોલો ફિલ્મમાં બોક્સ ઓફિસ પર જેટલી સફળ થઈ શકે છે, જે ઘણા હીરો કરી શકે એમ નથી. જોકે દીપિકાની ફી વિશે હું જાણતી નથી. પરંતુ દરેકને બોક્સ ઓફિસ ઓપનિંગ હિસાબથી પેમેન્ટ મળવું જોઈએ. હું આ વાત એક ઉદાહરણ તરીકે કહું છું," તેમ જાહ્નીએ કહ્યું હતું. તેણે વધુમાં ઉમેર્યુ હતુ કે, " ભવિષ્યમાં જો હું ટોચની અભિનેત્રી બનીશ તો હું મારી રીતે ફીની માંગણી કરીશ. સલમાન અને શાહરૂખ આજે બોક્સ ઓફિસના એક્કા ગણાય છે. તેમની ફિલ્મોનું કલેકશન પહેલા જ દિવસે ગેરન્ટી માનવામાં આવે છે. તેથી તેમના પર પૈસા લગાવવામાં કોઈ નિર્માતાને ખચકાટ થતો નથી થતો. તેમની ફિલ્મોનું આઉટકમ ગેરન્ટીવાળું હોય છે."

# ડકોટા જોન્સન કોમેડી ફિલ્મમાં ચમકશે



લોસએન્જલસ : હોલીવુડની સુપરસ્ટાર અભિનેત્રી ડકોટા જોન્સનની કોમેડી ફિલ્મ કવર્સને લઈને ચાહકો ભારે ઉત્સુક દેખાઈ રહ્યા છે. આ ફિલ્મ આઠમી મેના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં તેની સાથે ટ્રેસ ઈલિસ પણ નજરે પડનાર છે. તેની પાસે હાલમાં અન્ય કેટલીક ફિલ્મો પણ રહેલી છે. તે પહેલા જેશન સેગલ અને કેસી એફલેકની જોડી સાથે ડકોટા જોન્સન નજરે પડી હતી. ગેબ્રિલા દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં અભિનેત્રી જેસન સાથે નજરે પડી હતી. હવે કવર્સ ફિલ્મને રજૂ કરવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે. ફિલ્મનુ શુટિંગ પૂર્ણ કરી લેવામાં આવ્યુ હતુ. શુટિંગ બાદના પાસા પર અભ્યાસની પ્રક્રિયા ચાલી રહી છે. ફેન્ડ ફિલ્મમાં નિકોલ અને મેથ્યુની લાઈફ સ્ટાઈલને અભૂતપૂર્વરીતે રજૂ કરવામાં આવી હતી. ડકોટા જોન્સન અને કેસી એફલેકે આ ફિલ્મમાં ચાવીરુપ ભૂમિકા અદા કરી હતી. આ ફિલ્મમાં ડકોટા જોન્સનની ખુબ જ પડકારરુપ ભૂમિકા હતી. બીજી બાજુ ફિલ્મ સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે, આ ફિલ્મમાં લવ સ્ટોરીને પણ જોરદારરીતે રજૂ કરવામાં આવી હતી. લાંબા ગાળા બાદ આ ફિલ્મ મારફતે ડકોટા જોન્સન ફરીવાર નજરે પડનાર છે. આ એક કોમેડી ફિલ્મ હોવાથી લોકોને ગમી જશે. ડકોટા જોન્સને પોતાની કેરિયરમાં અનેક યાદગાર ભૂમિકાઓ અદા કરી છે જે પૈકી ફિફ્ટી સેડ સિરીઝની તમામ ફિલ્મોમાં તેની યાગદાર ભૂમિકા રહી છે. આ ફિલ્મ હોલીવુડની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મો પૈકીની એક તરીકે રહી છે. ડકોટા જોન્સન હાલમાં હોલિવુડની સૌથી મોંઘી સ્ટાર પૈકી એક તરીકે રહી છે. તેની સૌથી વધારે માંગ રહી છે.

# ડ્રગ લીધા પછી હું ભાનમાં ન હતીઃ પાલ્ટ્રો



લોસએન્જલસ : હોલીવુડની ટોચની અભિનેત્રી અને ગાયિકા ગ્વિનિથ પાલ્ટ્રોએ ડ્રગ લીધું હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે. ડ્રગ લીધાની આ વાત ખુદ અભિનેત્રીએ સ્વીકારી છે. ડ્રગ લીધા પછી તે ભાનમાં પણ ન હતી. તેના પતિ બ્રૈડ ફાલચુકે ગ્વિનિથે તેને આ સ્થિતિમાં ખૂબ સાચવી હતી. વાત એવી હતી કે, ગ્વિનિથ અને ફાલચુક મેક્સિકોમાં રજા માણવાં ગયાં હતાં. રજા ગાળવા આવ્યાં હોય એટલે સ્વાભાવિક છે કે એન્જોયમેન્ટ તો રહેવાનું. ત્યારે ગ્વિનિથે એમ.ડી. એમ.એ. ડ્રગ લીધું હતું. એ પછી તે ખૂબ જ ભાવુક બની ગઈ હતી. ત્યારે ફાલચુકે તેને સાચવી હતી. જ્યારે તેને ડ્રગનો નશો ઊતર્યો તો તેણે સ્વીકાર્યું કે, ડ્રગ લેવાથી તેનામાં મનોવિકૃતિ આવી ગઈ હતી. ડ્રગ લીધા પછી તે બેભાન થઈ ગઈ હતી. સારું થયું કે ફાલચુક સાથે હતો. નહીં તો મારી હાલત શું થાત ! તે ખૂબ જ સમજદાર, બુદ્ધિમાન અને વિવેકી વ્યક્તિ છે.

# અમેરિકન પોપસિંગર મેડોનાએ લંડનમાં યોજાનાર શો રદ કર્યો



મુંબઈઃ અમેરિકન સિંગર મેડોનાએ બીમારી અને ઈજાને કારણે લંડનમાં મેડમ એક્સ ટૂરનો પહેલો શો રદ કર્યો છે. તબિયત તરફ ધ્યાન આપવા માટે ડોકટરે તેને કડક સૂચના આપી હતી. એક વેબસાઈટના જણાવ્યા મુજબ ગાયકનું લંડન પેલેડિયમ ખાતે પર્ફોમન્સ થવાનું હતું, પરંતુ તે બીમાર અને ઈજાગ્રસ્ત હોવાને કારણે રજૂઆત કરી શકશે નહીં. મેડોના (૬૧) એ શનિવારે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોસ્ટ કરી હતી કે તે ઘાયલ છે અને ડોક્ટરોએ તેમને થોડા દિવસ આરામ કરવાની સલાહ આપી છે. તેમણે લખ્યું, "૨૭ જાન્યુઆરી લંડનનો આ શોને રદ કરવા બદલ મને ખૂબ જ દુઃખ થયું છે. મને ડોકટરોની દેખરેખ હેઠળ થોડા દિવસ આરામ કરવાનું કહેવામાં આવ્યું છે."


ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest

✔ Mice
✔ Rat
✔ Cockroach
✔ Bedbug
✔ Animal Control
✔ Bird Control
✔ Wasps &
✔ Hive Removal



*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***

Written Guarantee And Discounted Rates

We speak English, Gujarati & Hindi

CPMA - ACGP
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION Inc. International

SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator

647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca

24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal


# જસ્ટિન બીબરની પત્નીએ રસ્તા પર શર્ટ ઉતારી બોલ્ડ પોઝ આપ્યા



લોસએન્જલિસ : પોપસ્ટાર જસ્ટીન બીબરની પત્ની હેલી બાલ્ડવિન હંમેશાં બોલ્ડ તસવીરોના કારણે ચર્ચામાં રહે છે. ત્યારે હવે લોસ એન્જલસના રસ્તા પર તેણે શર્ટ ઉતારીને પોઝ આપ્યો હતો. હેલીએ ગ્રે સ્પેગિટી ટોપ સાથે બ્લેક ટ્રાઉઝર પહેર્યું હતું. ટોપની ઉપર તેણે ચેક્સ શર્ટ પહેર્યો હતો. આ શર્ટ તેણે એક બાજુથી ઉતારીને રાખ્યો હતો. આ પોઝમાં તે ખૂબ જ સ્ટાઈલિશ લાગી રહી હતી. તેણે આ સ્ટાઈલ ખાસ પોઝ આપવા કરી હોય એવું લાગી રહ્યું હતું. જસ્ટીન બીબર ૨૦૧૬થી હેલીને ડેટ કરી રહ્યો છે. ગયા વર્ષે ૭મી જુલાઈએ જ બંનેએ સગાઈ કરી હતી. વેલ, હેલી આમ પણ સ્ટાઈલિશ લાગે છે અને હંમેશાં તે સોશિયલ મીડિયામાં તેના ફોટા શેર કરતી હોય છે. તેણે શેર કરેલી તેની તસવીરો મોટા ભાગે બોલ્ડ જ હોય છે. એટલે તેની તસવીરો પણ જલદી વાઈરલ થઈ જાય છે. આવા ફોટા શેર કરવાના કારણસર ક્યારેક સોશિયલ મીડિયામાં તે ટ્રોલ પણ થઈ છે.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla

416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE

MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# માનુનીઓમાં વધ્યો ડિઝાઈનર બ્લાઉઝનો ક્રેઝ



યુવાન હોય કે વયસ્ક સૌ કોઈ સુંદર દેખાવા માંગે છે અને સુંદરતા વધારવામાં ફેશનનું મોટું યોગદાન હોય છે. ફેશનમાં સૌથી અગત્યના હોય છે પરિધાનો. કપડાં આકર્ષક હોવા અત્યંત જરૂરી છે. પારંપારિક પરિધાનની વાત કરીએ તો સાડીનું નામ સૌથી મોખરે આવે છે. તે હંમેશાં નવા ટ્રેન્ડમાં સામેલ રહે છે અને તેને વધારે આકર્ષક બનાવે છે તેનો બ્લાઉઝ.

આજકાલ ડિઝાઈનર બ્લાઉઝનો ક્રેઝ છે. દરમિયાન તેમને લાગ્યું કે બધી સ્ટાઈલ બદલાતી રહે છે, પરંતુ સાડીનો ક્રેઝ ક્યારેય ખતમ નથી થતો. બ્લાઉઝમાં થોડા ફેરફાર કરીને તેને હંમેશા પહેરી શકાય છે. વિદેશમાં રહેતી મહિલાઓ પણ ભારતીય બ્લાઉઝની ખરીદી વધારે કરે છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય પરંપરાને નવો લુક આપવાનો હોય છે.



પ્રસંગો અને હવામાનનો પણ ખ્યાલ દેવારુન જણાવે છે કે આજકાલ મહિલાઓ સાડી ઓછી પહેરે છે, પણ ખાસ પ્રસંગ કે તહેવારોમાં તે સાડી ખાસ પહેરે છે. તેનું બજાર ક્યારેય ખતમ નથી થતું. જોકે આજકાલ કોન્ટ્રાસ્ટ પહેરવાનું ચલણ છે, પરંતુ બ્લાઉઝની પસંદગી કરતી વખતે આટલી બાબતો જરૂર ધ્યાનમાં રાખોઃ

★ જો કાળા રંગના શિફોન બ્લાઉઝ પર ગોલ્ડન વર્ક કરવામાં આવ્યું હોય, તો તે કોઈપણ રંગની સાડી સાથે પહેરી શકાય છે.

★ તહેવારોના સમયે ડાર્ક કલરના બ્લાઉઝ વધારે પોપ્યુલર બને છે, જેમાં રેડ, બ્લૂ, ઓરેન્જ, ગ્રીન, એમરલ્ડ ગ્રીન, વાયોલેટ વગેરે બધા કલરના બ્લાઉઝ બજારમાં ઉતારવામાં આવે છે.

★ ગરમીની સીઝનમાં લાઈટ કલર, જેમાં પિંકની ઉપર સિલ્વર વર્ક, એમ્બ્રોઈડરીનું કામ, વાઈટ, ઓફ વાઈટ, ટર્ક્વોઈઝની ઉપર સિલ્વર વર્ક ખૂબ પોપ્યુલર છે. આ બ્લાઉઝને તમે સિલ્ક, શિફોન,જોર્જેટ વગેરે તમામ સાડીઓ પર પહેરી શકો છો.

★ મોટાભાગના બ્લાઉઝ પારંપારિક અને એથનિક લુક ધરાવતા હોય છે. તેની કિંમત રૂા.૪ હજારથી શરૂ કરીને લાખોમાં હોય છે. જો વર્ક વધારે હોય તો કિંમત વધારે અને વર્ક ઓછું હોય તો કિંમત પણ ઓછી હોય છે. આ સિવાય બ્લાઉઝમાં વાપરવામાં આવેલા કપડાંના આધારે પણ તેની કિંમત નક્કી કરવામાં આવે છે.



દેવારુને જણાવ્યા પ્રમાણે આ કિંમતી બ્લાઉઝોને ખૂબ સાચવીને રાખવા પડે છે. તેને મલમલના કપડાંમાં લપેટીને તિજોરીમાં રાખો. જો બ્લાઉઝ પરસેવાથી ભીનો થઈ જાય તો હવામાં સૂકવીને જ કબાટમાં મૂકો. ડિઝાઈનર બ્લાઉઝને હંમેશાં ડ્રાયવોશ કરવો.

**વિદેશમાં મહિલાઓ પણ ભારતીય બ્લાઉઝની ખરીદી વધારે કરે છે**

## હૂડી સાથે દેખાઓ સ્ટાઈલિશ

પાતળા-લાંબા હાથ-પગ ધરાવતી યુવતીઓ સ્પોર્ટી હૂડી પહેરી શકે. આ હૂડી શોટ્ર્સ પર પહેરીને તેના ઉપર ડેનિમ જેકેટ પહેરી લેવામાં આવે તો ટાઢથી બમણું રક્ષણ મળે અને સ્ટાઈલિશ પણ દેખાય. તમે આવી હૂડી જિમથી લઈને એરપોર્ટ સુધી, ગમે ત્યાં પહેરી શકો. જોકે તેની સાથે સ્પોર્ટ્ શૂઝ વધુ સારાં લાગશે. સ્પોટ્ર્સ હૂડી સ્લીવલેસ હોવાથી પુષ્ટ હાથ અને નિતંબ ધરાવતી યુવતીએ તે પહેરવાનું ટાળવું. છેલ્લા ઘણાં સમયથી ઓવરસાઈઝ, એટલે કે એકદમ ખુલતી બાંયવાળા વસ્ત્રોની ફેશન પૂરબહારમાં ખીલી છે. હવે હૂડી પણ તેમાંથી બાકાત નથી રહી. હળવા ફેબ્રિકમાંથી બનાવેલી ઓવરસાઈઝ સ્લીવ્ઝની હૂડી એકદમ ડ્રામેટિક દેખાશે. મઝાની વાત એ છે કે તમે ઊનાળામાં તડકાથી બચવા પણ તેનો ઉપયોગ કરી શકો. સાંજના સમયે ફરવા જતી વખતે કે લંચ માટે બહાર જાઓ ત્યારે આવી હૂડી સરસ દેખાશે. હા, આવી હૂડી ઊંચી પામેલાઓને જ સારી લાગશે. ઠીંગણી છોકરીઓની ઊંચાઈ તેમાં વધુ ઓછી લાગશે. આવી હૂડી ખુલતા પાયજામા કે સ્કર્ટ પર પહેરી શકાય. તેની સાથે પગમાં સ્નીકર પહેરવા. વિમાન પ્રવાસ દરમિયાન ઓવરસાઈઝ હૂડી સ્ટાઈલિશ અને કમ્ફર્ટેબલ રહેશે. આ હૂડી ઘૂંટણની લગોલગ આવે એટલી હોવી જોઈએ. તમે તેને શોટ્ર્સ અને ટી-શર્ટ પર પહેરી શકો. અલબત્ત, માત્ર છોકરીઓનું જૂથ ફરવા નીકળ્યું હોય ત્યારે પણ ઓવરસાઈઝ હૂડી ખૂબ જચે. આવી હૂડી સાથે સ્પોટ્ર્સ શૂઝ કે સફેદ સ્નીકર્સ સરસ લાગશે. તમે ચાહો તો તમારી હૂડીના રંગના જ સ્નીકર્સ પણ પહેરી શકો.



# શરીરમાં પગપેસારો કરી લેતી સમસ્યા એલર્જી

સિઝન બદલાય એટલે શરીરમાં એલર્જી તેનાં લક્ષણો બતાવવા લાગે છે. આજકાલના જમાનામાં ખૂબ જલદી શરીરમાં પગપેસારો કરી લેતી શારીરિક સમસ્યા છે એલર્જી. જ્યારે આપણું શરીર કોઈ પદાર્થ પ્રત્યે વધારે પડતી સંવેદનશીલતા બતાવે ત્યારે તેને એલર્જી કહેવામાં આવે છે. તે કોઈપણ પદાર્થથી થઈ શકે, બદલાતી ઋતુના કારણે થઈ શકે અથવા તો ઘણાં કિસ્સામાં આનુવંશિક એલર્જી પણ જોવા મળતી હોય છે. તે થવાનાં મુખ્યો કારણોને એકવાર તપાસીએ તો આપણને ખ્યાલ આવશે કે ધૂળ, ધુમાડો, માટીના કણો, જાનવરોના સંપર્કમાં આવવાથી, સૌંદર્ય પ્રસાધનોથી, જીવડાંઓના કરડવાથી, અમુક ખાદ્યપદાર્થથી, દવાઓના કારણે થતી હોય છે. સામાન્ય રીતે એલર્જી નાક, આંખ, શ્વસનની પ્રણાલી, ત્વચા અને ખાનપાન સંબંધિત હોય છે. આ એલર્જી ઘણીવાર આખા શરીરને પણ નુકસાન કરતી હોય છે.

## શરીરના કયા કયા અંગોને વધુ એલર્જી થઈ શકે છે



**નાકની એલર્જી :** નાકમાં ચળ આવવી, છીંકો આવવા લાગવી, નાકમાંથી પાણી નીકળવું, નાક બંધ થઈ જવું અને વારંવાર શરદી થઈ જવી. આવાં લક્ષણો નાકની એલર્જીનાં હોય છે.



**ત્વચાની એલર્જી :** આ પ્રકારની એલર્જી ખૂબ જ કોમન છે. ખાસ કરીને વરસાદની સિઝનમાં તે ખૂબ થતી હોય છે. તેમાં ચામડી ઉપર ચળ આવવી, ઝીણી ફોલ્લી થવી, ફોતરી ઉખડવી વગેરે લક્ષણો જોવા મળે છે.

**સંપૂર્ણ શરીરની એલર્જી :** ઘણીવાર અમુક લોકોમાં એલર્જીથી ગંભીર સમસ્યા ઉત્પન્ન થાય છે. ઉદાહરણ તરીકે ઘણાં લોકોને અમુક ખાદ્ય પદાર્થની એલર્જી હોય તો તે ભૂલેચૂકે પણ ખાવામાં આવી જાય તો આખું શરીર અચાનક ફુલાવા લાગે છે,



અચાનક આખું શરીર લાલ થવા લાગે છે. આવા સમયે તરત ડોક્ટરનો સંપર્ક કરવો જરૂરી છે. આ જ રીતે સુગંધની પણ એલર્જી ઘણાં લોકોમાં જોવા મળતી હોય છે. વધારે પડતી ડાર્ક સુગંધ આવે તો ઘણાં લોકોને શ્વાસ લેવામાં તકલીફ થતી હોય છે.



**શ્વાસની એલર્જી :** આમાં ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ અને અસ્થમા જેવી ગંભીર બીમારીઓ થઈ શકે છે.




**ખાદ્ય પદાર્થથી એલર્જી :** લોકોને ખાવાપીવાની વસ્તુઓથી એલર્જી થતી હોય છે. જેમાં ઠંડાં પીણાં, ઈંડાં, માછલી, ઘઉંનો સમાવેશ થાય છે.



**આંખની એલર્જી :** આંખો લાલ થઈ જવી, પાણી આવવું, બળવા લાગવી, ચળ આવવી વગેરે જેવાં લક્ષણો આંખની એલર્જીનાં છે.

## કઈ રીતે બચવું

1 જો તમને ખબર પડે કે તમને કોઈ વસ્તુથી એલર્જી છે તો તમારે તેનાથી દૂર જ રહેવું જોઈએ.

2 ઘરમાં વધારેમાં વધારે ખુલ્લી હવા આવે એમ રાખો. બારી-બારણાં હંમેશાં ખુલ્લાં રાખો.

3 જે ખાદ્ય પદાર્થથી એલર્જી થતી હોય તે ન ખાવો, ખાદ્ય પદાર્થની એલર્જી આખા શરીરને અસર કરતી હોય છે, માટે આ અંગે તો ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.

4 એકદમ ગરમમાંથી ઠંડા અને એકદમ ઠંડામાંથી ગરમ વાતાવરણમાં ન જવું.

5 બહાર નીકળતી વખતે મોઢા તેમજ નાકને હંમેશાં કવર કરીને રાખવું. તે જ રીતે આંખે પણ ચશ્માં પહેરીને રાખવાં જેથી કરીને શ્વાસ વાટે ધૂળ, રજકણ કે ધુમાડો તમારા શરીરમાં ન જાય, કેમ કે તે શ્વાસ વાટે અંદર જશે કે તરત એલર્જીનાં લક્ષણ તમારી અંદર બતાવવા લાગશે.

6 ગાદલાં, ચાદર, ઓશિકાનાં કવર સમયાંતરે ગરમ પાણીથી ધોઈને બદલતાં રહો તેમજ તડકામાં તેને તપાવવા પણ સમયાંતરે મૂકતાં રહેવા જોઈએ.

7 પાલતુ જાનવરથી એલર્જી હોય તો તેમને ઘરમાં ન રાખવાં. ઘણાં લોકોને તેની વાસથી, કૂતરાની રુવાંટીથી વગેરેની એલર્જી હોય છે.

8 ફૂલછોડ અને તેની સુગંધથી એલર્જી હોય તો તેને પણ ગાર્ડનમાં ન ઉગાડવાં અને તેનાથી દૂર રહેવું.

બજેટ ૨૦૨૦-૨૧

## અચ્છે દિનના વાયદા સાથે નાણામંત્રીએ નિર્મલા સીતારમણે અંદાજપત્ર રજુ કર્યું

# દેશના અર્થતંત્રને બેઠું કરવા સરકારની મથામણ

નવી દિલ્હીઃ નાણાપ્રધાન નિર્મલા સીતારામને રજૂ કરેલા બજેટમાં વ્યક્તિગત કરદાતા માટે આવકવેરામાં ઘટાડો અને કંપનીઓ માટેના ડિવિડન્ડ ટૅક્સ નાબૂદ કર્યો હતો. અર્થતંત્રને મંદીમાંથી બહાર કાઢવા કૃષિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં રેકોર્ડ ખર્ચ કરવામાં આવશે. હાલમાં મળતી છૂટછાટો અને કપાતનો વિકલ્પ કરદાતા દ્વારા સ્વીકારવામાં નહીં આવે તો ૧૭ લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક ધરાવનારાઓ પ્રતિ વર્ષ લગભગ ૩૧૦૦૦ રૂપિયા બચાવી શકશે. સ્થાનિક ઉદ્યોગને ઉત્તેજન આપવા સંખ્યાબંધ ઉત્પાદનો પર આયાત ડ્યૂટી વધારવામાં આવી છે. સૌરઉર્જા ઉત્પન્ન કરવાના એકમ અને ઝડપથી બગડી જાય તેવા શાકભાજી, ફળફળાદિના ટ્રાન્સપોર્ટેશન માટે ખેડૂતોને ભંડોળ પૂરું પાડવામાં આવશે. બૅંક નિષ્ફળ જતાં વીમા ક્ષેત્રની મર્યાદા હાલના એક લાખ રૂપિયાથી વધારીને પાંચ લાખ રૂપિયા કરવામાં આવી છે. પોતાનું બીજું બજેટ રજૂ કરતાં સીતારામને કહ્યું હતું કે ૨૦૨૦-૨૧નું બજેટનું લક્ષ્ય આવક વધારવા અને ખરીદશક્તિને વેગ આપવાનું છે. કૃષિ, ગ્રામીણ ક્ષેત્ર માટે નાણાપ્રધાને ૨.૮૩ લાખ કરોડ રૂપિયા ફાળવ્યા છે અને કૃષિ ધિરાણ માટે ૧૫ લાખ કરોડ રૂપિયાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે. ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૧.૭ લાખ કરોડ રૂપિયા અને ઉર્જાક્ષેત્ર માટે ૪૦,૭૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.



## નવી શિક્ષણ નીતિ માટે રૂ. ૯૯૩૦૦ કરોડ ફાળવાયા

નવી શિક્ષણ નીતિ સરકાર ટૂંકમાં જાહેર કરશે. શિક્ષણ ક્ષેત્ર માટે બજેટમાં રૂ. ૯૯૩૦૦ કરોડ ફાળવાયા છે. શિક્ષણ નીતિ બાબતે સરકારને બે લાખથી વધુ સૂચનો મળ્યાં છે. સ્કિલ ડેવલપમેન્ટ માટે રૂ. ૩૦૦૦ કરોડ ફાળવ્યા છે. શિક્ષણક્ષેત્રે ઈસીબી અને એફડીઆઈને આકર્ષવા પગલાં લેવાશે, એમ નાણાં પ્રધાને કહ્યું હતું. યુવા ઈજનેરોને ઈન્ટર્નશિપ માટે તક પૂરી પાડવા અર્બન લોકલ સંસ્થા માટે પ્રોગ્રામ શરૂ કરવાની યોજના છે. નેશનલ પોલીસ યુનિવર્સિટી અને નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટી માટે દરખાસ્ત કરાઈ છે. પીપીપી મૉડેલ પર જિલ્લા હૉસ્પિટલ સાથે મેડિકલ કૉલેજને સંલગ્ન કરવાની દરખાસ્ત છે.

## સોલાર પંપ માટે ૨૦ લાખ ખેડૂતને આવરી લેવાશે

પીએમ કુસુમ યોજના હેઠળ ૨૦ લાખ ખેડૂતને આવરી લેવાનું સરકારનું લક્ષ્ય હોવાની જાહેરાત કરતા નાણાં પ્રધાન નિર્મલા સીતારામને શનિવારે કહ્યું હતું કે આ યોજના અંતર્ગત ખેડૂતોને સોલાર પંપ બેસાડવા ભંડોળ પૂરું પાડવામાં આવશે. વર્ષ ૨૦૨૦-૨૧ માટેનું બજેટ રજૂ કરતાં તેમણે કહ્યું હતું કે ગ્રિડ કનેક્ટેડ સોલાર પંપ બેસાડવા ૧૫ લાખ ખેડૂતને ભંડોળ પૂરું પાડવામાં આવશે.

## ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેરિટેજ ક્ધઝર્વેશન સ્થાપવા પ્રસ્તાવ

નિર્મલા સીતારામને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેરિટેજ ઍન્ડ ક્ધઝર્વેશન સ્થાપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. સાંસ્કૃતિક મંત્રાલયને ૩,૧૫૦ કરોડ રૂપિયા અને પર્યટન મંત્રાલયને ૨,૫૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સીતારામને ઝારખંડના રાંચીમાં આદિવાસી મ્યુઝિયમ બાંધવાનો પણ પ્રસ્તાવ કર્યો હતો. હરિયાણા, ઉત્તર પ્રદેશ, આસામ, ગુજરાત અને તમિળનાડુના પુરાતત્ત્વીય સ્થળો પર ઓન-સાઇટ મ્યુઝિયમ સ્થાપવામાં આવશે.

## તિજોરીમાં પ્રત્યેક રૂપિયામાં વેરામાંથી ૬૪ પૈસા જમા થશે

સરકારી તિજોરીમાં જમા થનારા પ્રત્યેક રૂપિયામાં સીધા અને આડકતરા વેરા તરફથી ૬૪ પૈસા આવશે, જ્યારે કુલ બજેટમાં રાજ્યોનો હિસ્સો વીસ ટકા રહેશે, એમ બજેટના દસ્તાવેજમાં જોવા મળ્યું હતું. નાણાં પ્રધાન નિર્મલા સીતારામને શનિવારે સંસદમાં રજૂ કરેલા કેન્દ્રીય બજેટ ૨૦૨૦-૨૧માં દરેક રૂપિયાની આવકમાં ગુડ્સ ઍન્ડ સર્વિસ ટૅક્સના ૧૮ પૈસા હશે, જ્યારે કોર્પોરેશન કર દ્વારા ૧૮ પૈસા રહેશે.

## જેટમાં 'એસેમ્બલ ઈન્ડિયા' નામની લોલીપોપ : કૉંગ્રેસ

અમદાવાદઃ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ આજે આણંદ સર્કિટ હાઉસ ખાતે કેન્દ્રીય બજેટ ઉપર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, સ્ટેન્ડઅપ ઈન્ડિયા અને હવે નવુ એસેમ્બલ ઈન્ડિયા જેવા નામો આપીને બેરોજગારી દૂર ન કરી શકાય. દેશમાં બેરોજગારી છેલ્લા ૪૫ વર્ષમાં સૌથી ઊંચા સ્તરે પહોંચી ગઈ છે ત્યારે એમેમ્બલ ઈન્ડિયા નામની નવી લોલીપોપ સરકારે બતાવી છે.

## પીપીપીના આધારે વિવિધ રૂટ્સ પર ૧૫૦ ટ્રેન દોડાવાશે

સીતારામને શનિવારે સંસદમાં બજેટ રજૂ કરતી વખતે ધીમી ગતિએ રેલવેમાં ખાનગીકરણનો માર્ગ મોકળો કર્યો હતો. દેશમાં વિવિધ રેલવે કોરિડોરમાં ૧૫૦ જેટલી ટ્રેન દોડાવવાની જાહેરાત કરી હતી. દેશના લોકપ્રિય ટૂરિસ્ટ પ્લેસને જોડવા માટે આગામી દિવસોમાં 'તેજસ એક્સ્પ્રેસ' જેવી વધારે ટ્રેન ચલાવાશે.

## તબીબી ઉપકરણોની આયાત પર હેલ્થ સેસનો સરકારનો પ્રસ્તાવ

આયાતી તબીબી ઉપકરણો પરનો હેલ્થ સેસ આંશિક રીતે વધારવાનો શનિવારે પ્રસ્તાવ મૂક્યો હતો. બજેટ રજૂ કરતાં સીતારામને કહ્યું હતું કે હજુ થોડા જ વર્ષ અગાઉ ભારત તબીબી ઉપકરણો માટે તેની આયાત પર આધાર રાખતું હતું, પરંતુ હવે દેશ માત્ર તબીબી ઉપકરણોનું ઉત્પાદન જ નથી કરતો મોટા પ્રમાણમાં તેની નિકાસ પણ કરી રહ્યો છે.


SUPER VISA INSURANCE
( Monthly Plan Available)
We represent all Major Insurance Companies of CANADA
WE DEAL WITH



♦ Life Insurance
♦ Mortgage Insurance
♦ Disability Insurance
♦ Critical Illness Insurance
♦ Visitors to Canada Insurance
♦ RRSP ( Retirement Plan)
♦ TFSA
♦ RESP ( Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants
Guaranteed Cash Value Plans/ Non Medical Plans are available
(CALL FOR FREE EVALUATION)
HIREN MODI
Independent Life Insurance Broker
Direct: 416-897-7073
Email: hirenjmodi@yahoo.com
" We help you secure your future"

"Let Me Make Your Dream Home Into A Reality"
Residential, Commercial & Investment in Real Estate
JAY PATEL
SALES REPRESENTATIVE
Dir : 647-241-3818
jaypatel1323@gmail.com






Absolutely Gorgeous 4 Bedrooms Detached House In A Very Convenient Location. Hardwood On Ground Floor. Freshly Painted Modern Kitchen With Granite Counter Top. Under Mount Sink And Back Splash. Large Breakfast Area With W/O To Backyard. All Rooms Are Decent Sizes. Upstairs Laundry For Convinience, A Lot Of Natural Light Apprx 1800 Sqft 2nd Floor Bedroom Has W/O To Balcony. Pot Lights On Main Floor And Upper Hallway.
BRAMPTON




Sold Out Liv Communities Last Phase Luxurious Brand New Executive 3600 Sq Ft Detached House On Oversize Premium Lot With Ravine At The Back.Mix With Stone, Brick And Stucco. Double Door Entry With High Ceilings On The Main Floor, 5 Bed Room 5 Washroom, 3 Master Bedrooms With Ensuite, Massive Family Room W/Gas Fireplace, Separate Living/Dining, Den On The Main Floor. Hardwood Dark Floor W/Matching Oak Staircase,9 Feet Ceiling On M/Floor
BRAMPTON

HOMELIFE MAPLE LEAF REALTY LTD.
Each Office Independently Owned & Operated
Office Address- 80 Eastern Avenue, Unit #3, Brampton, Ontario,L6W 1X9
Ph. No. : 905-456-9090

કથા,હવન,ગાયત્રી યજ્ઞ, વાસ્તુ પૂજન,ગ્રહશાંતિ,
જીટીએમાં દરેક જગ્યાએ અમો સેવા આપીએ છીએ.
કાલસર્પ યોગ શાંતિ,નક્ષત્ર શાંતિ, વગેરે ધાર્મિક કાર્યો અને લગ્ન, બેબી શાવર, જેવા કાર્યો માટે સંપર્ક કરો.



શશીકાંત ભટ્ટ
૯૦૫ ૪૫૬ ૭૬૨૨
Shashikant Bhatt
Home: 905-456-7622
Cell: 416-258-2750

# ટ્રમ્પના વિઝા પ્રતિબંધો કેનેડીયન ઈમિગ્રેશનમાં ઉછાળો લાવશે

## મહિનાના અંતે અન્ય ત્રણ દેશોના લોકોને અમેરીકામાં કાયમી નિવાસની પરવાનગી નહી મળે

ઓટાવા : અમેરીકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નવા છ દેશોના નાગરીકો માટે વીઝા પ્રતિબંધિત કરવાના નિર્ણયથી કેનેડામાં આવનારા પરદેશીઓની સંખ્યામાં ઉછાળો આવવાની સંભાવના છે. અમેરીકાની જુની ઈમિગ્રેશન પોલીસીને પગલે હૈતી અને ઈરાનથી આવી આશ્રયનો દાવો કરનારાઓ અને સ્ટુડન્ટ વીઝા લઈને કેનેડા આવનારાઓમાં વધારો થયો હતો. હવે જયારે ટ્રમ્પે નાઈજિરીયા, સુડાન અને એરીટ્રીયા પર પ્રતિબંધ લાદયો છે ત્યારે હવે અમેરીકાથી કેનેડા આવનારા શરણાર્થીઓની સંખ્યામાં વધારો જોવા મળશે.

આ મહિનાના અંતે અન્ય ત્રણ દેશોના લોકોને અમેરીકામાં કાયમી નિવાસની પરવાનગી નહીં મળે. એટલે એ પૈકી પ્રવાસી વીઝા અને બિઝનેસ વીઝા સિવાયના લોકો માટે અમેરીકામાં રહેવું મુશ્કેલ બનશે. સરકારે કરાવેલા આંતરિક વિશ્લેશણ મુજબ સરહદ પાર કરીને આવનારાઓ પાસે અમેરીકાના વીઝા હતા. કેટલીકવાર તેમને કેનેડામાં શરણાર્થીનો દરજજો આપવાની પ્રક્રિયા પણ ઝડપી બનતી હતી. હવે અમેરીકામાં કાયમી નિવાસની શકયતાઓ ઓછી થતાં



મોટાભાગના લોકો કેનેડા તરફ નજર દોડાવશે એમ યુનિવર્સિટી ઓફ કેલગરી પોલીસી સ્કુલમાં વસાહતીઓ વિશે સંશોધન કરનારા રોબર્ટ ફાલ્કનરે કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે, ' આની એક અવળી અસર તરીકે નાઈજિરીયાના શરણાર્થીઓના દાવાઓમાં ઘટાડો થઈ શકે છે. લોકો એવું માનશે કે તેમને અમેરીકામાં ગ્રીનકાર્ડ મળી નહીં શકે, એટલે તેઓ કેનેડા તરફ વળી શકશે. વર્ષ ૨૦૧૭માં ટ્રમ્પે ઈરાન સહિત કેટલાક દેશોના લોકોના અમેરીકા પ્રવેશ ઉપર પ્રતિબંધ લાદયો હતો. એના આગળના વર્ષે ૨૪૩૭ ઈરાનીઓએ કેનેડામાં સ્ટડી પરમીટ માટે અરજી કરી હતી.

વર્ષ ૨૦૧૯ના પહેલા ૧૧ માસમાં ૧૩૨૭૭ લોકોએ અરજી કરી હતી. નાઈજિરીયાના મધ્યમવર્ગના લોકો પણ એવું વિચારશે તો કેનેડામાં આવનારા વિદેશીઓની સંખ્યામાં વધારો થઈ શકે છે એમ પણ ફાલ્કને કહ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું હતું કે, અમે પણ વધુને વધુ કુશળ વ્યકિતઓ કેનેડા આવીને કારકીદી ઘડે એવું જોઈ રહ્યા છીએ. હજુ પણ નાઈજિરીયા સરહદ પાર કરીને આવનારાઓ માટેનું મોટુ સ્રોત છે. ફેબ્રુઆરી ૨૦૧૭ અને સપ્ટેમ્બર ૨૦૧૯ દરમિયાન આવેલા ૫૦૬૩૫ દાવાઓ પૈકી ૧૪૬૩૫ દાવાઓ એમના જ હતા.

# અમેરિકામાં ગંભીર આરોપ બાદ મુકાયેલા મહાભિયોગના કેસમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને આખરે મહાભિયોગના કેસમાંથી મુક્તિ મળી ગઈ છે. બે સપ્તાહ સુધી ચાલેલા ટ્રાયલ બાદ સત્તાનો દુરઉપયોગ કરવાના આરોપ સેનેટમાં રદ્દ થઈ ગયા છે. રિપબ્લિકનના બહુમતીવાળા સેનેટે શક્તિનો દુરૂઉપયોગના આરોપને ૫૨-૪૮ના અંતરથી નકાર્યા તો કોંગ્રેસ (સંસદ)ની કાર્યવાહી અડચણ ઉભા કરવાના આરોપથી ૫૩-૪૭ વોટના અંતરથી મુકત જાહેર કરાયા. કહેવાય છે કે આ જીતને ટ્રમ્પ અમેરિકન રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જોરદાર ઉપયોગ કરશે.

૫૨ રિપબ્લિકને તેમને સત્તાના દુરૂઉપયોગના આરોપથી મુક્ત કરવાના પક્ષમાં વોટ પ્યા તો ૪૭ ડેમોક્રેટસે તેમને દોષિત ગણાવ્યા અને પદ પરથી હટાવા માટે વોટ કર્યો. એકમાત્ર રિપબ્લિકન સેનેટર મિટ રોમનીએ સત્તાના દુરૂઉપયોગ આરોપો પર ટ્રમ્પની વિરૂદ્ધ વોટિંગ કર્યુ. જો કે સંસદના કામમાં અડચણ ઉભી કરવાના આરોપને તેમને નકાર્યા હતા. સત્તાના દુરૂઉપયોગના આરોપમાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વિરૂદ્ધ નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં ૧૮મી ડિસેમ્બરના રોજ મહાભિયોગ પ્રસ્તાવ પાસ થઈ ગયો હતો. વિપક્ષી ડેમોક્રેટસના બહુમતીવાળા હાઉસ ઓફ રિપ્રઝન્ટેટિવમાં મહાભિયોગના પક્ષમાં ૨૩૦ અને વિરોધમાં ૧૯૭ વોટ પડ્યા હતા.

રાષ્ટ્રપતિની સેનેટમાં જીત નક્કી મનાય રહી હતી. જો કે સેનેટમાં મહાભિયોગ રદ્દ કરવા છતાંય ડેમોક્રેટિક પાર્ટીના નેતૃત્વમાં ચાલી રહેલી તપાસ સમાપ્ત થશે નહીં, પરંતુ તેનાથી ટ્રમ્પને બીજા ચાર વર્ષ બાદ ફરીથી વ્હાઈટ હાઉસ પર કબ્જો થવાના અભિયાનમાં વૃદ્ધિ મળશે. સર્વે એજન્સી ગેલપના મતે ટ્રમ્પને આખા કાર્યકાળમાં ૫૦ ટકા સમર્થન મળ્યું નથી પરંતુ રાજકીય ધ્રુવીકરણના લીધે મહાભિયોગ પર નિર્ણય આવવાની પૂર્વ સંધ્યા પર રાષ્ટ્રપતિને ૪૯ ટકા લોકોને સમર્થન મળ્યું છે.

# વિશ્વમાં સ્વિત્ઝર્લેન્ડ સૌથી મોંઘો અને સૌથી સસ્તા દેશમાં ભારત ત્રીજા ક્રમે

ન્યુયોર્ક : સીઈઓ વર્લ્ડ બિઝનેસ મેગેઝિનના સીઈઓ,(ઝઈ ઉઁઈન્ઢ મ્જૈહીજજ સ્ફ્રૂપ્ફ્રૂડૈહી) અમેરિકાના સીઈઓ દ્વારા કરવામાં આવેલા એક સર્વે અનુસાર સ્વિટ્ઝર્લેન્ડ વિશ્વના સૌથી મોંઘા દેશોમાં ટોચનાં ક્રમે આવ્યું છે.

સીઈઓ વર્લ્ડએ વિશ્વના ૧૩૨ દેશોનો સર્વે કરીને આ યાદી બહાર પાડી છે. નોર્વે અને આઈસલેન્ડ બીજા અને ત્રીજા સ્થાને રહ્યા છે, જ્યારે અમેરિકા ૨૦ માં અને બ્રિટન ૨૭ માં ક્રમે છે. જો આ યાદીને જોવામાં આવે તો ભારત વિશ્વના સૌથી સસ્તા દેશોમાં ત્રીજા સ્થાને છે. આ માટે, કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ, લિમ્બો કોસ્ટ ઓફ લિવિંગ ઈન્ડેક્સ, અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મીડિયા અહેવાલોના આધારે ડેટા એકત્રિત કર્યા બાદ તેની સમીક્ષા કરે છે.

આ રેન્કિંગ્સ મહત્વનાં પાંચ મેટ્રિક્સ પર આધારિત છે. તે મકાન, કપડાં, ટેક્સી ભાડા, ઉપયોગિતાઓ, ઈન્ટરનેટ, કરિયાણા, પરિવહન અને બહાર જમવા માટેનો ખર્ચ માપ્યો.

સ્વિટ્ઝર્લેન્ડ ૮૬ લાખની વસ્તી ધરાવતો એક યુરોપિયન દેશ છે, જે વિશ્વના સૌથી ખર્ચાળ દેશોની યાદીમાં પ્રથમ ક્રમે આવે છે. મેગેઝિનના રેન્કિંગના આધારે સ્વિટ્ઝર્લેન્ડને સૌથી વધુ ૧૨૨ નંબર મળ્યો છે.

વિશ્વના શક્તિશાળી દેશો પણ આ યાદીમાં પ્રથમ ૧૦ માં સ્થાન મેળવી શક્યા નથી.

DHAMMA TORANA
ONTARIO VIPASSANA CENTRE
Vipassana Meditation as taught by S.N.Goenka in the tradition of Sayagi U Ba Khin
Ontario Vipassana Centre, 6486 Simcoe County Road 56, Egbert, Ontario, L0L 1N0, Canada



Shri S.N. Goenka

+1 705-434-9850 GENERAL (info@torana.dhamma.org)
CONTACT US
www.torana.dhamma.org
REGISTRATION +1 705-434-9850 (registration@torana.dhamma.org)



Sayagyi U Ba Khin

CANADIAN CENTRES : Dhamma Suttama (QC), Dhamma Surabhi (BC), Dhamma Modana (BC), Dhamma Karuna (AB)

કોણ ભાગ લઈ શકે ?

વિપશ્યના બૌદ્ધ પરંપરામાં સુરક્ષિત રહી હોવા છતાં એમાં કોઈ સાંપ્રદાયિક તત્વ નથી. કોઈ પણ પૃષ્ઠભૂમિની વ્યક્તિ એને અપનાવી શકે છે અને એનો લાભ લઈ શકે છે. વિપશ્યનાની શિબિર એવા લોકો માટે છે કે જે ઈમાનદારીપૂર્વક આ વિધિ શીખવાની ઈચ્છા ધરાવે છે. એમાં કુળ, જાતિ, ધર્મ અથવા રાષ્ટ્રીયતા આડે આવતા નથી. હિન્દુ, મુસ્લિમ, જૈન, શીખ, પારસી, યહૂદી, બૌધ્ધ સૌ કોઈ વિપશ્યના શિબિરોમાં સહજ રીતે જોડાઈ રહેલ છે. સામાન્ય માનવી માત્રથી આ સમન્વયની ભાવના અટકતી નથી. હિન્દુ મહંતો, જૈન મુનિઓ અને સાધ્વીજીઓ, બૌધ્ધ ભિક્ષુઓ, ખ્રિસ્તી પાદરીઓ એમ દરેક પરંપરાના ધર્મ ગુરુઓ આ સાધનામાં સંમિલિત થઈ રહ્યા

ઓન્ટેરિયો વિપશ્યના સેન્ટરમાં કઈ કઈ શિબિરોનું આયોજન થાય છે ?

અહીં મહીલા તથા પુરુષ સાધકો માટે ૧૦ દિવસની ધ્યાન શિબિરોનું અવિરત આયોજન થતું હોય છે. ૮ થી ૧૭ વર્ષ સુધીના બાળકો માટે પણ ૧-૧ દિવસની શિબિર યોજાઈ છે. જેમણે વિપશ્યના સાધના હજુ સુધી બિલકુલ કરેલ જ નથી તેવા લોકો પણ આનાપાનની સાધના સમજે, શીખે, અને દરરોજ ઘેર જઈ સાધના કરે તેનુ માર્ગદર્શન પણ આપવામાં આવે છે.

વિપશ્યના શું છે?

વિપશ્યના ભારતની એક અત્યંત પુરાતન સાધના વિધિ છે. વિપશ્યનાનો અર્થ થાય છે કે જે જેવું છે એને ઠીક એવી રીતે જ સ્વયંમએ અનુભવવું. વિપશ્યના આત્મનિરીક્ષણ દ્વારા આત્મશુદ્ધિની અત્યંત પુરાતન સાધના વિધિ છે. જે જેવું છે, એને ઠીક એવી જ રીતે સ્વાનુભવના આધાર પર સમજવું એ વિપશ્યના છે. લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે ભારતમાં આ પધ્ધતિ એક સાર્વજનીન રોગના સાર્વજનીન ઉપાય અર્થાત જીવન જીવવાની કળાના રૂપમાં શીખવવામાં આવતી હતી. પોતાના નૈસર્ગિક શ્વાસના નિરીક્ષણથી આરંભ કરીને, પોતાના શરીર અને ચિત્તધારા પર પળે પળ નિમિત્તક પરિવર્તનશીલ ઘટનાઓનું તટસ્થભાવે નિરીક્ષણ કરતા કરતા સાધક અનિત્ય, દુઃખ અને અનાત્મના સાર્વત્રિક સત્યો પ્રત્યક્ષ અનુભવે છે. ચિત્ત-વિશોધન અને સદગુણ-વર્ધનનો આ અભ્યાસ સાધકને કોઈ સાંપ્રદાયિક આલંબનોમાં બાંધતો નથી. આ કારણસર વિપશ્યના સાધના સર્વગ્રાહ્ય છે, કોઈ ભેદભાવ વિના બધાજ માટે સમાનરુપે કલ્યાણકારીણી છે. આ સાધના-વિધિનો ઉદેશ્ય વિકારોનું સંપૂર્ણ નિર્મૂલન અને પરમ વિમુક્તિની અવસ્થા સુધી પહોંચાડવાનો છે.

વિપશ્યનાના લાભો

વિપશ્યનાનો નિયમિત અભ્યાસ કરનાર સાધક માનસિક વિકારો જેવાકે ક્રોધ, ડર, ચિંતા, લોભ, વ્યાકુળતા વિગેરેમાં થી કમશ : મુક્તિ મેળવે છે. તેમજ તે માનસિક તણાવો અને બેચેનીથી મુક્તિ મેળવી અને મનની વાસ્તવિક શાંતિ પ્રાપ્ત કરે છે. તે વર્તમાન પ્રત્યેની જાગૃતિ કેળવી અને મન પર નિયંત્રણ મેળવી ચારિત્રના નિમાર્ણ સાથે આત્મમંગલ કરતા સર્વ મંગલની ભાવના કેળવે છે. વિપશ્યનાનો નિયમિત અભ્યાસ કરનાર બીજાના દુઃખો પ્રતિ અધિક સંવેદનશીલ થતા હોય છે. તદુપરાંત વ્યાકુળતા વગર મૈત્રી, કરૂણા અને સમતા સભર ચિત્તથી બીજાના દુઃખોને દુર કરવા દરેક રીતે પ્રયત્નશીલ બનતા હોય છે. એમનામાં એક પવિત્ર તટસ્થતા આવતી હોય છે, કે જેથી કરીને તેઓ મનનું સંતુલન ગુમાવ્યા વગર બીજાની મદદ કરવામાં પૂર્ણરૂપે વચનબધ્ધ બની રહે છે.

એગ્બર્ટમાં વિવિધ શિબિરનું આયોજન
૯ ફેબ્રુઆરી થી ૧૨ ફેબ્રુઆરી (૪ દિવસ) એગબર્ડ ખાતે
૧૨ ફેબ્રુઆરી થી ૨૩ ફેબ્રુઆરી (૧૦ દિવસ) એગબર્ડ ખાતે
રજિસ્ટ્રેશન માટે (registration@torana.dhamma.org) પર સંપર્ક કરો

વિપશ્યના શિબિરમાં આવનાર દરેક સાધકનો રહેવાનો, ખાવા-પીવાનો કે સાધના શીખવાનો કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. વિશ્વભરની બધી વિપશ્યના શિબિરો જૂના સાધકોના સ્વેચ્છાથી અપાયેલા દાનથી ચાલતી હોય છે.

# અમદાવાદ ખાતે યોજાનાર ‘કેમ છો ટ્રમ્પ’ કાર્યક્રમને ગ્રહણ, ફેબ્રુઆરીમાં નહીં યોજાય

## PM મોદી ફેબ્રુઆરી મહિનામાં વ્યસ્ત હોવાથી કાર્યક્રમમાં ફેરફારની કવાયત

અમદાવાદ : ટ્રમ્પના અમદાવાદના મોટેરા સ્ટેડિયમના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો હોય તેવા અહેવાલ મળી રહ્યા છે. ‘કેમ છો ટ્રમ્પ’ કાર્યક્રમનું આયોજન અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં જ થશે પરંતુ તે ફેબ્રુઆરી મહિનામાં નહીં યોજાઈ શકે. હાલ સૂત્રો પાસેથી એવી માહિતી મળી રહી છે કે PM મોદી ફેબ્રુઆરી મહિનામાં વ્યસ્ત હોવાથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેથી હવે અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ્ ટ્રમ્પનો કાર્યક્રમ માર્ચ મહિનામાં યોજાઈ શકે છે. માર્ચ મહિનાના બીજા અઠવાડિયામાં ટ્રમ્પ અને મોદીનો કાર્યક્રમ યોજાઈ શકે છે.

‘કેમ છો ટ્રમ્પ’ કાર્યક્રમનું આયોજન અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં થવાનુ હોવાથી અત્યારથી તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ સ્ટેડિયમમાં ૧,૧૦,૦૦૦ લોકોને સમાવવાની ક્ષમતા છે. પરંતુ હાલ આ સ્ટેડિયમમાં રિનોવેશનનું કામ ચાલી રહ્યું છે. શંકા છે કે ટ્રમ્પના આગમન પહેલાં સ્ટેડિયમમાં રિનોવેશનની કામગીરી પૂરી થઈ જશે કે કેમ. અમદાવાદમાં આ પહેલાં પણ વિદેશી નેતાઓના કાર્યક્રમો આયોજિત થઈ ચૂક્યાં છે. ફેબ્રુઆરી મહિનામાં યોજાનાર કેમ છો ટ્રમ્પ કાર્યક્રમ મોટેરા સ્ટેડિયમમાં નહીં યોજાઈ શકે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફેબ્રુઆરી મહિનામાં વ્યસ્ત હોવાથી કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેથી હવે એવા વાવડ મળી રહ્યા છે કે માર્ચ મહિનામાં યોજાઈ શકે છે મોટેરા સ્ટેડિયમમાં કાર્યક્રમ. માર્ચ માસના બીજા વીકમાં ટ્રમ્પ અને મોદીનો કાર્યક્રમ યોજાઈ શકે છે.

# નિત્યાનંદ કાંડ : બે સાધ્વીઓની જામીન અરજીમાં ચુકાદો અનામત

અમદાવાદ : નિત્યાનંદ આશ્રમમાં બે યુવતીના અપહરણ કરી ગોંધી રાખવાના કેસમાં પકડાયેલા સંચાલિકા હરીણી ચેલ્લાપ્પન ઉર્ફે નિત્યા પ્રિયાતત્વાનંધા અને રિધ્ધી રવિકિરણ ઉર્ફે નિત્યા પ્રાણપ્રિયાનંદાએ ચાર્જશીટ બાદ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં જામીન અરજી કરી હતી. જેમાં સરકાર તરફથી એવી રજૂઆત કરી હતી કે, ગંભીર ગુનો છે. જામીન અપાય તો પુરાવા સાથે ચેડા થવાની શકયતા નકારી શકાય નહીં. સાધ્વીઓ તરફથી કોર્ટને જણાવ્યુ હતુ કે, ખોટી રીતે ફસાવી દીધા છે. કોર્ટની તમામ શરતોનું પાલન કરવા તૈયાર છીએ. ત્યારબાદ કોર્ટ ચુકાદો મંગળવાર ઉપર મુલત્વી રાખ્યો છે. નોધનીય છે કે, સીટએ ૮૩ પાનાના ચાર્જશીટમાં ૫૦ સાક્ષીઓ દર્શાવ્યા હતા. જેમાં મેજિસ્ટ્રેટ સમક્ષ નિવેદનો, આશ્રમમાંથી કબજે લીધેલ લેપટોપ સહિતની વસ્તુઓની ચકારણી એફએસએલમાં મોકલી હતી તેના રિપોર્ટ પણ ચાર્જશીટમાં રજૂ કર્યો હતો. હાથીજણ પાસેના હિરાપુરમાં ડીપીએસ સ્કૂલના કેમ્પસની બે વિઘા જમીનમા પથરાયેલા દક્ષિણમાં ‘સેક્સ સ્વામી’ તરીકે કુખ્યાત થયેલા નિત્યાનંદના આશ્રમમાંથી ગુમ થયેલી નિત્યાનંદીતા સહિત બે વિદ્યાર્થીઓને ગોંધી રાખીને ધમકીઓ આપતા હોવાની ફરિયાદ થઈ હતી.

# LRD ભરતી મુદ્દે CM હસ્તક્ષેપ કરે અલ્પેશ ઠાકોરના સરકાર વિરોધી સૂર

રાજ્યમાં LRD ભરતી મુદ્દે મોટો વિવાદ ચાલ્યા બાદ હવે અલ્પેશ ઠાકોર આખરે મેદાને આવ્યા છે. અલ્પેશ ઠાકોરના હાલ સરકાર વિરોધી સૂર દેખાઈ રહ્યા છે. LRD ભરતી મુદ્દે અલ્પેશ ઠાકોરનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. અલ્પેશ ઠાકોરે જણાવ્યું કે, LRD ભરતી મુદ્દે રાજ્યના CM અને કાયદામંત્રી હસ્તક્ષેપ કરે. રાજ્યના વિદ્યાર્થીઓ માટે ૧ ઓગસ્ટ ૨૦૧૮એ બહાર પાડવામાં આવેલો જીઆર અન્યાય કર્તા છે. અધિકારીઓ સરકારને ગેરમાર્ગે દોરે છે. જેથી હવે મારો પ્રશ્ન સીધો સરકારને છે કે, રાજ્ય સરકાર LRD ભરતી મુદ્દે દિકરીઓ સાથે સંવાદ કેમ નથી કરતી.



LRD ભરતી મુદ્દે હવે અલ્પેશ ઠાકોર આખરે મેદાને આવ્યા છે. અલ્પેશ ઠાકોરે તારીખ ૧-૮-૨૦૧૮નો ઠરાવ રદ કરવાની માગ કરી છે. મહિલા ઉમેદવારોને અન્યાય થઈ રહ્યો હોવાની વાત અલ્પેશે કરી છે. મહિલા ઉમેદવારો ૫૭ દિવસથી આંદોલન કરી રહી હોવા છતા આ દીકરીઓને ન્યાય મળતો નથી. જો આ ગરીબ દીકરીઓની જગ્યાએ કોઈ શ્રીમંત ઘરની દીકરીઓ હોત તો ૪૮ કલાકમાં નિરાકરણ આવી જાત.

# દેશમાં કેન્સરનાં દર્દીઓની સંખ્યા ૨૨.૫૮ લાખ, ગુજરાતમાં વર્ષે ૮૦ હજાર નવા કેસ

ગાંધીનગરઃ ૪થી ફેબ્રુઆરીએ વિશ્વ કેન્સર દિવસ હતો ત્યારે ગ્લોબોકેનના રિસર્ચ રિપોર્ટ પ્રમાણે અત્યારે દેશમાં અંદાજે ૨૨.૫૮ લાખ કેન્સરના દર્દીઓ છે, દર વર્ષે ૧૧.૫૭ લાખ નવા કેન્સરના દર્દીઓ નોંધાઈ રહ્યા છે તો સાથે જ દર વર્ષે ૮ લાખ જેટલા દર્દીઓ કેન્સરના કારણે મોતને ભેટી રહ્યા છે, તો ગુજરાતમાં આશરે આ રોગના દોઢથી બે લાખ કેસ છે અને અંદાજે દર વર્ષે નવા ૮૦ હજાર જેટલા કેસ નોંધાઈ રહ્યા છે, સમાજે પણ એ સંદેશો ફેલાવવાની જરૂર છે કે, કેન્સર રોગ મટાડી શકાય છે, દર્દીને પણ આ આત્મવિશ્વાસ હોવો જરૂરી છે, શરત એટલી જ છે કે પ્રોપર ટ્રીટમેન્ટ કરાવવી જોઈએ તેમ એચસીજી કેન્સર સેન્ટર ખાતે સોમવારે સાંજે પત્રકાર પરિષદને સંબોધતાં ડો. કૌસ્તુભ પટેલે જણાવ્યું હતું.

ડો. પટેલે વર્ષ ૨૦૧૮ના રિપોર્ટને ટાંકીને જણાવ્યું હતું કે, કેન્સરના રોગ સામે ડબ્લ્યુએચઓએ આઈએમ એન્ડ આઈ




વિલની થીમ આપી છે. પુરુષોમાં મોઢાના કેન્સર અને સ્ત્રીઓમાં બ્રેસ્ટ કેન્સરનું પ્રમાણ વધારે છે. એચસીજીના અમદાવાદ ખાતેના કેન્સર યુનિટમાં છેલ્લા છ વર્ષમાં (વર્ષ ૨૦૧૩થી ૨૦૧૯)ના અરસામાં ૨૧થી ૪૦ વર્ષના દર્દીઓની સંખ્યામાં અગાઉના વર્ષોની સરખામણીએ ૬૦ ટકાનો વધારો થયો છે.

# અમદાવાદનાં તબીબોની કમાલ, 3D પ્રિન્ટીંગથી ૭ વર્ષની કેન્સરગ્રસ્ત બાળકીને બક્ષ્યું નવજીવન

## છ કલાક સુધી ઓપરેશન કરી બાળકીને કેન્સરમુક્ત બનાવી

અમદાવાદ : અમદાવાદમાં દ્વારકાની સાત વર્ષની કેન્સરગ્રસ્ત બાળકી પર સફળ ઓપરેશન કરી કેન્સરમુક્ત કરવામાં આવી હતી. છ કલાક ચાલેલાં આ ઓપરેશનમાં ૩ડી પ્રિન્ટિંગ અને લિક્વિડ નાઈટ્રોજન ટેકનોલોજીનો ઉપયોગ ગુજરાતમાં સૌ પ્રથમ વાર કરવામાં આવ્યો હતો.

અમદાવાદની સિવિલ હોસ્પિટલનાં કેન્સર વિભાગમાં એક સફળ ઓપરેશન કરવામાં આવ્યું છે. દ્વારકાની ૭ વર્ષની બાળકીના કેન્સર ટયુમરવાળા થાપાના હાડકાને તબીબોની ટીમે થ્રી ડી પ્રિન્ટિંગ અને લિક્વિડ નાઈટ્રોજનની મદદથી શરીરની બહાર કાઢીને કેન્સરમુક્ત કરી ૬ કલાકની સર્જરીથી ફરી બેસાડ્યું છે. ઓપરેશન ખૂબ જ કઠિન હતું, જેમાં બાળકીના સાંધાને બચાવવા મુખ્ય ઉદ્દેશ હતો. બાળકીના ઓપરેશન પહેલાં એક કુત્રિમ પગ બનાવીને તેના પર પ્રયોગ કરવામાં આવ્યો હતો. જેમાં સફળ થતાં સર્જનોની ટીમે આ ઓપરેશન કરવાનું નક્કી કર્યું હતું. થ્રી ડી પ્રિન્ટિંગ અને લિક્વિડ નાઈટ્રોજન ટેકનોલોજીનો રાજ્યમાં પ્રથમવાર ઉપયોગ કરાયો હોવાનો ડૉકટરનો દાવો છે. સામાન્ય પરિવારની દીકરીને આ સફળ ઓપરેશન થતાં પરિવારજનો પણ ખુશ હતા. કેન્સર વિભાગમાં આવાં ઓપરેશનો મફતમાં થતાં હોવાનું સુપરિટેન્ડેન્ટ ડો.શશાંક પડ્યાએ જણાવ્યું હતુ

જો સિવિલ હોસ્પિટલનાં કેન્સર વિભાગની વાત કરવામાં આવે તો અહીં દર વર્ષે ૨૬૦૦૦ જેટલાં દર્દીઓ પોતાના કેન્સરનું ચેકઅપ તેમજ સારવાર કરાવતાં હોય છે. કેન્સર એક અસાધ્ય રોગ હોવા છતાં પણ અત્યાધુનિક ટેકનોલોજીના લીધે દર્દીઓને બચવાની આશા વધી છે.

# ‘ઉડાન’ : SOUને દેશના અન્ય શહેરો સાથે જોડવામાં આવશે

અમદાવાદ : કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૨૫ સુધીમાં ઉડાન યોજના હેઠળ ગુજરાતને પણ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ યોજનામાં કેવડિયા ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા માટે પણ વધુને વધુ પ્રવાસીઓ આવે તે માટે રાજપીપળા ખાતે એરપોર્ટની કનેક્ટિવિટી થશે. ઉલ્લેખનીય છેકે, ઉડાન -૪યોજના હેઠળ તાજેતરમાં જ દેશના અન્ય શહેરોની જોડવાની જાહેરાત થઈ છે. હવે ઉડાન -૫ હેઠળ ગુજરાતના પણ અન્ય શહેરોને વિમાની સેવા સાથે સાંકળવામાં આવી શકે છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા માટે વધુને વધુ લોકો આવે તે માટે પણ આગામી સમયમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. ગુજરાતમાં રજવાડાઓના સમયમાં એરસ્ટ્રિપ વિકસાવવામાં આવી હતી.આ એરસ્ટ્રિપ અમરેલી,છાડબેટ, ધાંગધ્રા, ડીસા, કંડલા, કેશોદ, ખંભાળિયા, ખાવડા, લીંબડી, મુંદ્રા, નલિયા, પારસોલી, વઢવાણ અને વાંકાનેરમાં પણ છે. કેન્દ્ર સરકારે આ એર સ્ટ્રિપમાંથી મુંદ્રાનો વિકાસ કર્યો છે. હજી ઉપરોક્ત એરસ્ટ્રિપમાંથી ઉડાન હેઠળ કઈ એર સ્ટ્રિપને આવરી લેવામાં આવશે હવે નક્કી કરાશે.

# સુરતમાં કુબેરજી સંલગ્ન ૩૦ સ્થળે પર આઈટીના દરોડા

સુરત : કુબેરજી બિલ્ડર્સ સાથે સંકળાયેલા તમામ ભાગીદારોને ત્યાં આજે સવારથી ઈન્કમટેક્સની ઈન્વેસ્ટિગેશન વિંગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડાના પહેલા દિવસેએક કરોડ રોકડા, ૫૦ લાખની જ્વેલરી તથા ૪૦ કરોડના દસ્તાવેજ મળી આવ્યા હોવાની વિગતો જાણવા મળી છે. તથા નોટબંધી બાદ સુરત ઈન્કમટેક્સ વિભાગના ઈન્વેસ્ટિગેશન વિંગ દ્વારા કરવામાં આવેલી આ સૌથી મોટી કાર્યવાહી હોવાનું પણ બહાર આવ્યું છે. ચાલુ નાણાંકીય વર્ષ પુરુ થવાને આડે બે મહિના બાકી છે ત્યારે સુરત આઈટીએ આ કાર્યવાહી કરી હતી.

# સાબરમતી પ્રદૂષિત હોવાનો કેન્દ્રનો જ રિપોર્ટ

ગાંધીનગરઃ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દિલ્હીની ચૂંટણીસભામાં સાબરમતી નદીમાં શુદ્ધ પાણી મોદીએ વહેતું હોવાના કરેલા દાવાની પર્યાવરણના જાણકારો સાબિતી આપી હાંસી ઉડાવી રહ્યા છે. આ જાણકારો કહે છે, કે ખુદ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડએ દેશની સૌથી પ્રદૂષિત નદીઓ વિશે તૈયાર કરેલા રિપોર્ટમાં સાબરમતી નદી સમાવિષ્ટ છે,

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-જીપીસીબીના માર્ચ, ૨૦૧૯ના રિપોર્ટ મુજબ પણ સાબરમતી રિવરફ્રન્ટના ૧૧ કિલોમીટરના પટ્ટામાં પ્રદૂષિત પાણી વહેતું હોવાનો ઉલ્લેખ પણ આ જાણકારો ટાંકી રહ્યા છે.

કેન્દ્રના જળસંપત્તિ રાજ્યમંત્રી રતનલાલ કટારિયાએ ૨૮ નવે., ૨૦૧૯ના રોજ જણાવ્યું હતું કે, સીપીસીબીએ દેશની ૩૫૧ નદીઓ અંગે સંશોધન કરી આપેલા રિપોર્ટ પ્રમાણે ૩૨૩ નદીઓ પ્રદૂષિત છે, જેમાં સાબરમતી નદી પણ સમાવિષ્ટ છે. સાબરમતી સહિત આ બધી નદીઓમાં ઘોગિક એકમોનું તથા શહેરો-નગરોની ગટરોનું ટ્રીટમેન્ટ કર્યા વિનાનું તેમજ આંશિક ટ્રીટ કરેલું પાણી છોડવામાં આવતું હોઈ આ



નદીઓ પ્રદૂષિત થઈ છે. સીપીસીબીએ પ્રદૂષણ માપવા માટે બાયો-કેમિકલ ઓક્સિજન ડિમાન્ડ-બીઓડીની માત્રા ધ્યાને લઈ ગુજરાતની સાબરમતી નદી સહિત કુલ ૨૦ નદીઓ પ્રદૂષિત હોવાનું જણાવ્યું હતું. રાજ્યની અન્ય પ્રદૂષિત નદીઓમાં અમલખાડી, ભાદર, ભોગાવો, ખારી, વિશ્વામિત્રી, ધાદર, ત્રિવેણી, અમરાવતી, દમણગંગા, કોટક, શેઢી, તાપી, અનાસ, બાલેશ્વર ખાડી, કીમ, મેશ્વો, મિંઢોળા અને નર્મદા સમાવિષ્ટ છે.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ એ કોઈ રાજ્યનો નહીં દેશનો પ્રોજેક્ટઃ નીતિન પટેલ

ગાંધીનગરઃ અમદાવાદ-મુંબઈ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટને ધોળો હાથી ગણાવીને આ પ્રોજેકટ મહારાષ્ટ્ર માટે શક્ય નહીં હોવાના મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના નિવેદનને પગલે ગુજરાતની ભાજપ સરકારમાં ખળભળાટ મચ્યો છે.

ઠાકરેના આ નિવેદન સામે ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે જવાબ આપતા કહ્યું હતું કે, આ કોઈ રાજ્યનો પ્રોજેક્ટ નથી પણ દેશનો છે અને ઉદ્ધવ ઠાકરે તેનો અભ્યાસ કરવો જોઈએ.

બૂલેટ ટ્રેન પ્રોજેક્ટ અમદાવાદથી મુંબઈને જોડતો દેશનો સૌથી પહેલો પ્રોજેક્ટ છે.

# ગુજરાત-ચીન વેપારને 5 હજાર કરોડના નુકસાનની ભીતિ

અમદાવાદ: ચીનમાં ફાટી નીકળેલા કોરોના વાઈરસની અસર ચીનમાં ભણતાં ગુજરાતના વિદ્યાર્થીઓ પર તો થઇ જ છે, પરંતુ હવે આ વાયરસ લાંબો ચાલશે તો ખાસ કરીને ગુજરાત અને ચીન વચ્ચેના વેપારીને પણ રૂ. પાંચથી છ હજાર કરોડનું નુકસાન થવાની ભીતિ વ્યક્ત થઇ રહી છે. ગુજરાતમાંથી મોટા પ્રમાણમાં સી ફૂડ ચીનમાં નિકાશ થાય છે. દર મહિને ૫૦૦ થી ૬૦૦ ક્ન્ટેનર ચાઈના મોકલવામાં આવે છે. જોકે છેલ્લા ૧૫ દિવસથી ચાઈનામાં વેકેશનના કારણે વેપાર બંધ હતો, પરંતુ અત્યારે કોરોના વાઈરસના કારણે ચાઈનાએ આયાત નિકાસ બંધ કરી છે . તો બીજી તરફ ચાઈના ન્યુયર પછીના ઓર્ડર હતા તે પણ રદ થયા છે. એટલે કે માર્કેટમાં માગ ઓછી અને ઉત્પાદન વધુ હોવાના કારણે બાકીના દેશોમાં પણ ભાવ નહી મળવાની શકયતા પણ ઓછી છે, જેના કારણે કરોડો બે મહિનામાં ૫ થી ૬ હજાર કરોડનું નુકસાન થશે. ચીનમાંથી ભારત દેશમાં અને ગુજરાતમાં રો મટિરિયલ મોટો પ્રમાણમાં આયાત કરવામાં આવશે.

## કોરોના વાયરસના કારણે સુરતના હીરા ઉદ્યોગને અસર: ૮,૦૦૦ કરોડના નુકસાનનો અંદાજ

કોરોના વાયરસની ઝપેટમાં સુરતનું હીરા બજાર પણ આવી ગયું છે. કોરોના વાઈરસની ઈફેક્ટથી હોંગકોંગ ખાતેના શો રદ થઈ રહ્યા છે. ઉપરાંત ફલાઈટ મારફત ચીન-હોંગકોંગની અવર-જવર પર બ્રેક લાગી છે. પોલિશ્ડ ડાયમંડમાં વૈશ્વિકસ્તરે ટોચનું સ્થાન ધરાવતા ભારતીય હીરાઉદ્યોગ માટે અમેરિકા ઉપરાંત ચીન, હોંગકોંગ, દુબઈ મોટા બાયર્સ માર્કેટ રહ્યા છે. આ તબક્કે ચીનમાં કોરોનાના કેરને કારણે ભારતીય ડાયમંડ ઈન્ડસ્ટ્રીને ફટકો પડવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. હોંગકોંગ ભારતીય હીરા ઉદ્યોગ માટે પણ એક મોટું બજાર છે. હાલમાં હોંગકોંગમાં આ વાયરસના કારણે સ્કૂલ-કોલેજોને માર્ચના પ્રથમ અઠવાડિયા સુધી બંધ કરી દેવામાં આવી છે. રત્ન અને આભૂષણ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના રિજનલ ચેરમેન દિનેશ નવાડિયાએ જણાવ્યું હતું કે, સુરતથી દર વર્ષે હોંગકોંગ માટે ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના પૉલિશ્ડ હીરાની નિકાસ કરવામાં આવે છે. આ ભારતથી હીરા માટે કુલ નિકાસનો ૩૭ ટકા ભાગ છે.

### હોંગકોંગથી ગુજરાતી વેપારીઓ પરત આવી રહ્યા છે

બેચરાજી : હોંગકોંગમાં સુરતના જે વેપારીઓની ઓફિસ છે, તેઓ ભારત પરત આવી રહ્યા છે. નવાડિયાએ કહ્યું કે, જો સ્થિતિ સુધરશે નહી તો આથી સુરતનો હિરા ઉદ્યોગ ખુબ જ ખરાબ રીતે પ્રભાવિત થશે. સુરતનો હીરા ઉદ્યોગ દેશમાં આયાત કરેલા ૯૯ ટકા કાચા હીરાને પોલિસ કરે છે. આગામી બે મહિના (ફેબ્રુઆરી અને માર્ચ)માં સુરતના હીરા ઉદ્યોગને ૮,૦૦૦ કરોડ રૂપિયાનું નુક્સાન થઇ શકે છે. કોરોના વાઇરસની ઇફેક્ટથી હોંગકોંગ ખાતેના શો રદ થઇ રહ્યા છે. હીરા વેપારી પ્રવીણ નાણાવટીએ કહ્યું કે, એ વાતની સંભાવના છે કે, હોંગકોંગમાં આંતરરાષ્ટ્રીય આભૂષણ પ્રદર્શન રદ્દ થઇ જશે. જો આવું થાય છે તો સુરતનો હીરા ઉદ્યોગ ખુબ જ પ્રભાવિત થશે. તેમણે કહ્યું કે, સુરતમાં બનેલા પૉલિશ્ડ હીરા અને આભૂષણ હોંગકોંગ દ્વારા સમગ્ર દુનિયામાં મોકલવામાં આવે છે. પરંતુ હવે ત્યાં રજા હોવાને કારણે અમારો ધંધો સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે.

## કોરોનાનો પ્રથમ શંકાસ્પદ કેસ નોંધાયો, થાઈલેન્ડ ફરીને આવેલી યુવતીમાં લક્ષણો



મંગળવારે સાંજે સાડા પાંચથી પોણા છ વાગ્યાના અરસામાં બોપલ આંબલીના રહેવાસી એક મહિલા દર્દીને ખાનગી હોસ્પિટલમાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરાયા છે. આ મહિલા દર્દી થાઈલેન્ડથી મુસાફરી કરીને આવ્યા છે અને કોરોના વાઈરસના લક્ષણો જણાઈ રહ્યા છે, જોકે રિપોર્ટ બુધવાર સુધીમાં આવે તેવી શક્યતા છે.

અમદાવાદમાં કોરોના વાઈરસનો પ્રથમ શંકાસ્પદ કેસ સામે આવ્યો છે. જેમાં એક ૨૮ વર્ષીય ઋષિતા નામની મહિલાને અમદાવાદ સિવિલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી છે. મહિલાની સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં સારવાર ચાલી રહી છે. તેમજ મહિલા દર્દીને કોરોના વાઈરસ છે કે નહીં તે અંગેની તપાસ કરવા માટે પૂણેની લેબમાં બ્લડ સેમ્પલ મોકલવામાં આવ્યા છે.

આ મહિલા થાઈલેન્ડનો પ્રવાસ પૂર્ણ કરીને અમદાવાદ પરત ફરી હતી. આ મહિલા ૨૫ જાન્યુઆરીએ પતિ સાથે ફરવા માટે થાઈલેન્ડ ગઈ હતી અને ૩ ફેબ્રુઆરીએ અમદાવાદ પરત ફરી હતી. વ્યવસાયે સીએ એવું આ દંપતી ૧૦ દિવસ થાઈલેન્ડના ફુકેત અને કાવીમાં ફર્યું હતું. અમદાવાદની સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો. ગુણવંત રાઠોડે જણાવ્યું કે, કોરોના વાઈરસનો એક શંકાસ્પદ કેસ દાખલ થયો છે. આ ઉપરાંત સુરતમાં પણ એક શંકાસ્પદ કેસ નોંધાયો છે.

## મુન્દ્રામાં મિત્રના આપઘાતનો આઘાત, સાત કલાકમાં જ બીજાએ જીવતર ટુંકાવી લીધું

- બેકારીના કારણે યુવાને ફાંસો ખાધા બાદ મિત્ર પણ અનંતની વાટે ઉપડ્યો

ભુજ : મુન્દ્રા તાલકાના ભદ્રેશ્વર ગામે બુધવારની સવાર ગોઝારી બની આવી હતી અને સાંજ હૈયું કકળાવનારી બની હતી. બેકારીના ખપ્પરમાં હોમાયેલા એક યુવાને વહેલી સવારે જિંદગીની કડવી વાસ્તવિકતાથી હતાશ થઈ પત્નીની સાડી વડે ફાંસો ખાઈ મોતને મીઠું કરી લીધું હતું. તો તેના જિગરજાન મિત્રે રસ્સી વડે પોતાની જાત લટકાવી દઈ માત્ર ૭ કલાકમાં જ તેની પાછળ અનંતની વાટે સિધાવી દોસ્તને ત્યાં પણ સાથ આપવા પહોંચી ગયો હતો. નાના એવા ગામમાં એક સાથે બબ્બે યુવાનોએ જિંદગીનો અંત આણી લેતાં હાહાકાર મચી ગયો હતો. માત્ર સાત કલાકના ગાળામાં જ બનેલી આ ઘટનાઓએ રીતસર ગામને હચમચાવી મુક્યું હતું અને જ્યારે તેમની અર્થીઓ ઉઠી ત્યારે લોકો હીબકે ચડયા હતા. બંને મિત્રોની યારી તેમના પરિવાર માટે આઘાત આપીને ગઈ છે.

મિત્રતા એવો સંબંધ છે જેની કોઈ વ્યાખ્યા ન આપી શકાય અને આપવા બેસો તો ગણી ગણાય નહીં તેટલી છે. કહે છે કે, કુદરત જ્યારે કોઈ સારો લોહીનો સંબંધ આપતા ચૂકી જાય ત્યારે મિત્ર નામનો સંબંધ આપે છે. મિત્રતાના આવા અનેક ઉદાહરણો ઈતિહાસ અને કિંવદંતીઓમાંથી મળે છે. આવો જ એક મિત્રતાનો કિસ્સો કરુણાંતિકા સાથે ભદ્રેશ્વર ગામે બન્યો છે, જેમાં એક મિત્રે આત્મહત્યા કર્યાની ગણતરીની કલાકોમાં બીજા મિત્રે પણ આત્મહત્યા કરી લીધી હતી અને મિત્રની પાછળ પાછળ જતાં પહેલાં તેણે તેના વ્હોટ્સએપ સ્ટેટ્સમાં લખ્યું કે , ‘મિસ યુ જિગરા હું ય આવું છું ટેન્શન ન લે’ સાથે રડવાના ઈમોજીસ પણ રાખ્યા હતા. જોકે, કોઈને કલ્પના પણ નહોતી કે આવું ખરેખર થશે.

વહેલી સવારે ત્રણ વાગ્યાના સુમારે મહાવીરસિંહ હોશિયારસિંહ જાડેજાએ તેના ઘેર બેડરૂમમાં લોખંડના એંગલમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

## અઢી દાયકામાં ગટર-મેનહોલનો મોતનો કૂવો ૧૩૪ને ભરખી ગયો

- સફાઈ કામદારોના મોતના મામલે ગુજરાત દેશમાં બીજા ક્રમે,
- કોર્ટની ગાઈડલાઈનનો અમલ થતો નથી

અમદાવાદ- સ્વચ્છ ભારતના છેલ્લા છ વર્ષથી ચાલી રહેલા દેશવ્યાપી અભિયાનની વચ્ચે અઢી દાયકામાં ગુજરાતમાં ગટર-મેનહોલ મોતનો કૂવો બની ૧૩૪ કામદારોને ભરખી ગયો છે.અમદાવાદ શહેરમાં પણ આ સમયગાળામાં ૪૯ સફાઈ કામદારોએ જીવ ગુમાવવો પડયો છે.સુપ્રીમ કોર્ટ દ્વારા કામદારોને ગટર-મેનહોલમાં ન ઉતારવા અંગે આપવામાં આવેલી ગાઈડલાઈનનો અમલ થતો નથી.

પ્રાપ્ત વિગતો અનુસાર,દેશમાં વર્ષ-૧૯૯૩થી વર્ષ-૨૦૧૯-૨૦ સુધીમાં ગટરમાં સફાઈ કરવા ઉતરેલા અને મૃત્યુ પામ્યા હોય એવા કીસ્સાઓમાં તામિલનાડુ ૧૪૪ બનાવો સાથે પ્રથમ નંબરે છે.ગુજરાત બીજા ક્રમે છે.કેન્દ્ર સરકારના મંત્રી દ્વારા પણ લોકસભામાં આ બાબતનો સ્વીકાર કરાયો છે.

રાજયમાં જે ૧૩૪ સફાઈ કામદારોના મોત થયા છે એ પૈકી એકલા અમદાવાદ શહેરમાં અઢી દાયકામાં ૪૯ સફાઈ કામદારોના મોત થયા છે. કેન્દ્રના અનુસુચિત જાતિના પૂર્વ સભ્યનું કહેવું છે કે,દીલ્હીમાં ગટર-મેનહોલ સાફ કરવા રોબટ વસાવવામાં આવ્યા છે તો અમદાવાદમા પણ અમલ થવો જોઈએ.

## ઓમાનના સલાલા બંદરે ક્રેઈન તૂટતાં સલાયાના બે ખલાસી સહિત ૩નાં મોત

સલાયા- આરબ દેશ ઓમાનના બંદરે વહાણમાંથી માલ-સામાન ખાલી કરતી વખતે સર્જાયેલી દુર્ઘટનામાં દેવભૂમિ દ્વારકાના સલાયા શહેરના ઈસ્માઈલ રજાક ભોકલ(૩૦) અને લતીફ ટી. ગંઢાર(૪૦) તેમ જ સોમાલિયા દેશનો એક શ્રમિક સહિત ત્રણનાં મોત થયા હતા. કાર્ગો ખાલી કરવામાં આવતો હતો ત્યારે ક્રેઈન તૂટી પડતાં ત્રણેય લોકો દબાઈ ગયા હતા. આ બનાવને પગલે સલાયામાં શોક પ્રસરી ગયો હતો. સલાયાનું એમએસવી અલ સુલેમાન નામનું વહાણ તાજેતરમાં કચ્છના મુન્દ્રા બંદરેથી જનરલ કાર્ગો ભરીને સલાલા બંદર જવા રવાના થયું હતું, ત્યાં લાંગર્યા બાદ ગઈ કાલે બપોરના ૨ વાગ્યા દરમ્યાન ક્રેઈનથી સામાન ઉપાડીને વહાણ ખાલી કરવામાં આવતું હતું, ત્યારે અચાનક ક્રેઈન તૂટતાં કન્ટેઈન શ્રમિકોની માથે ખાબક્યું હતું, જેના નીચે કચડાઈ જવાથી ત્રણેયના મોત નીપજ્યાં હતા.

## પાવાગઢ મંદિરના ત્રણ ટ્રસ્ટીઓ સામે ૫૭૯ કિલો ચાંદી વેચી માર્યાનો આક્ષેપ

### બચાવમાં ટ્રસ્ટ તરફથી કોર્ટ સમક્ષ પુરાવા રજૂ કરાયા

પાવાગઢ : મહાકાળી મા ના દર્શન માટે દેશભરમાંથી શ્રદ્ધાળુઓ રાજ્યના પંચમહાલમાં આવેલ સુપ્રસિદ્ધ, પૌરાણિક, ઐતિહાસિક અને ધાર્મિક સ્થળ પાવાગઢ આવે છે. અહીં આવી લોકો પોતાની મનોકામના પૂરી થાય અને થયા પછી કિંતમી ધાતુઓનું દાન પણ કરે છે. પરંતુ આ પવિત્ર પાવાગઢ મંદિરના ત્રણ ટ્રસ્ટીઓ સામે ગંભીર આરોપ લાગ્યો હોવાના સમાચાર સામે આવ્યા છે.

મળતી માહિતી મુજબ પાવાગઢ મંદિરના ત્રણ ટ્રસ્ટીઓ સામે ૫૭૯ કિલો ચાંદી ગાયબ કર્યાનો ગંભીર આરોપ લાગ્યો છે. વર્તમાન સેક્રેટરી રાજુ ભટ્ટ, પરેશ પટેલ અને જીગ્નેશ ભટજી સામે આ આરોપ લાગ્યા છે. આ ત્રણે દ્વારા ટ્રસ્ટની ૫૭૯ કિલો ગ્રામની ચાંદીને રિફાઈન્ડ કરવાનું કારણ ધરી ચાંદી ગાયબ કર્યાના આક્ષેપો છે. સાથે જે આ મામલે પોલિસ દ્વારા પણ કોઈ તટસ્થ તપાસ નહીં કર્યાના આક્ષેપો સાથે વિરલગિરી ગોસ્વામી નામના વ્યક્તિએ સ્પેશિયલ ક્રિમિનલ એપ્લિકેશન પિટિશન દાખલ કરી છે. ચાંદી ઓગાળવામાં ૭૦ ટકા ઘટ આવતા આ અરજી કરવામાં આવી છે.

બીજી તરફ ચાંદી ઓગાળવાના કૌભાંડ મુદ્દે રાજુ ભટ્ટનું પણ નિવેદન સામે આવ્યું છે તેમણે કહ્યું કે કોર્ટમાં ટ્રસ્ટે તમામ વિગતો મૂકી છે. આમાં કોઈ કૌભાંડ નથી. જો કે, આ અંગે હવે ગુન્હો દાખલ કરી કેસની વધુ તપાસ ગુજરાત રાજ્ય CID ને સોંપાયનું જણાવતા ૨૦ માર્ચના રોજ વધુ સુનાવણી હાથ ધરાશે એવી માહિતી મળી છે.

## ઉમરગામમાં પરિણીતા પર એસિડ એટેકથી ચકચાર

ઉમરગામ : સુરતની સીમા ઉર્ફે સાચી અમોલ મદનલાલ બોકાડે જૈન એ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં એવી પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેણીના લગ્ન ઉમરગામ જીઆઈડીસી ખાતે અમોલ મદનલાલ બોકાડે સાથે ૨૦૧૩ માં થયા હતા. તેણીને તેનો પતિ અમોલ તથા સાસુ-સસરા જેઠ-જેઠાણી વિગેરે દહેજની માગણી કરી હતી. આ મુદ્દે ઉમરગામ કોર્ટમાં કેસની તારીખ પડતા તે બુધવારે આવી હતી દરમિયાન હેલ્મેટ પહેરેલા એક બાઈક ઉપર આવેલા બે અજાણ્યા શખ્સો તેની પાસે આવી કહ્યું કે સાચી ઘણા સમયથી તારી રાહ જોતા હતા. ત્યારબાદ આ હાથમાં કોઈક વસ્તુ હતી તે એસિડ જેવું જવલનશીલ પ્રવાહી તેણીના છાતીના ભાગ ઉપર ફેંકી બાઈક ઉપર નાસી ગયા હતા. આ પ્રવાહી પડતાં જ ઓઢણી અને કૂરતો બળીને સંકોચાઈ ગયો હતો જો કે તેણીએ કપડા દૂર કરી ઉમરગામની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ગઈ હતી.

# ૨૦૧૯માં પો. ફોર્સમાં ૧૨૮ જવાનના આપઘાત : છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ

**• ૨૦૧૮માં ૯૬ અને ૨૦૧૭માં ૧૨૧ જવાનોએ આત્મહત્યા કરી હતી**

નવી દિલ્હી : વર્ષ ૨૦૧૯માં સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ(સીએપીએફ) અને આસામ રાઈફલ્સના કુલ ૧૨૮ જવાનોએ આત્મહત્યા કરી હતી તેમ સરકારે આજે સંસદમાં જણાવ્યું હતું.

ગૃહ મંત્રાલયના રાજ્ય કક્ષાના પ્રધાન નિત્યાનંદ રાયે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ૨૦૧૯માં સીએપીએફ અને આસામ રાઈફલ્સના કુલ ૧૨૮ જવાનોએ આત્મહત્યા કરી હતી. ૨૦૧૮માં ૯૬ અને ૨૦૧૭માં ૧૨૧ જવાનોએ આત્મહત્યા કરી હતી.

જવાનોની આત્મહત્યા રોકવા માટે સરકાર દ્વારા ક્યા પગલાં લેવામાં આવ્યા તે અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે સીએપીએફ અને એઆરના જવાનોની વર્કિંગ કન્ડીશનમાં સુધારો તથા જવાનોના માનસિક તણાવમાં ઘટાડો કરવા માટે ગૃહ મંત્રાલય દ્વારા અનેક પગલાં લેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ(સીએપીએફ)માં સીઆરપીએફ, બીએસએફ, સીઆઈએસએફ, આઈટીબીપી અને એસએસબીનો સમાવેશ થાય છે. જ્યારે આસામ રાઈફલ્સ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના અંકુશમાં છે. ઉલ્લેખનીય છે કે સીએપીએફ દ્વારા નક્સલવાદ વિરોધી, આતંકવાદ વિરોધી, સરહદનું રક્ષણ, વીઆઈપી વ્યકિતઓની સુરક્ષા, જરૂર પડે તો કાયદો અને વ્યવસ્થાની જાળવણી સહિતની અનેક કામગીરી કરવી પડે છે. રાયે જણાવ્યું હતું કે માનસિક તણાવ અને ફરજ પરના સ્થળની સ્થિતિ સુધારવા અનેક પગલા લેવામાં આવ્યા છે.

# નિર્ભયા કેસના તમામ ૪ દોષિતોને એકસાથે ફાંસી અપાશે : હાઈકોર્ટ

નવી દિલ્હી : નિર્ભયા કેસના તમામ ચાર આરોપીઓને એક સાપથે ફાંસી આપવામાં આવશે અલગ નહીં તેમ દિલ્હી હાઈકોર્ટે આજે જણાવ્યું હતું. હાઈકોર્ટે આરોપીઓની ફાંસીની સજા પર સ્ટે મૂકવાના ટ્રાયલ કોર્ટના આદેશ સામે કેન્દ્ર સરકારે કરેલી અરજીને પણ ફગાવી દીપધી છે.જો કે દિલ્હી હાઈકોર્ટના આ નિર્ણયની વિરુદ્ધ કેન્દ્ર અને દિલ્હ સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી છે. દિલ્હી હાઈકોર્ટે દોષિતોને ફાંસી આપવામાં પથઈ રહેલા વિલંબ અંગે સત્તાવાળાઓની પણ ટીકા કરી છે. દિલ્હી સરકારે ૧૮ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ ચારેય આરોપીઓની ફાંસીની સજાનો વોરન્ટ ઈશ્યુ કરવાની માગ કરી હતી. ન્યાયમૂર્તિ સુરેશકુમાર કૈતે આરોપીઓને તમામ કાયદાકીય વિકલ્પોનો ઉપયોગ કરી લેવા સાત દિવસનો સમય આપ્યો છે. કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું છે કે એક સપ્તાહ પછી મૃત્યુ દંડનો વોરન્ટ ઈશ્યુ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે દિલ્હી અને કેન્દ્ર સરકારે ૩૧ જાન્યુઆરીના ટ્રાયલ કોર્ટના આદેશને પડકાર્યો હતો. ટ્રાયલ કોર્ટે પોતાના આદેશમાં તિહાર જેલમાં બંપધ ચારેય દોષિતો ૩૨ વર્ષીય મુકેશકુમાર સિંહ, ૨૫ વર્ષીય પવન ગુપ્તા, ૨૬ વર્ષીય વિનયકુમાર શર્મા, ૩૧ વર્ષીય અક્ષયકુમારની ફાંસી સજા પર આગામી આદેશ સુપધી સ્ટે મૂકી દીપધો હતો.

# લખનઉમાં વિશ્વ હિંદુ મહાસભાના અધ્યક્ષ બચ્ચનની ગોળી મારી હત્યા

**• શાલ ઓઢીને આવેલા હુમલાખોરે મૉર્નિંગ વોક માટે નીકળેલા બચ્ચનનો ફોન છીનવી ગોળીબાર કર્યો**

લખનઉ : ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં હિંદુવાદી નેતા અને વિશ્વ હિંદુ મહાસભાના અધ્યક્ષ રણજીત બચ્ચનની ખુલ્લેઆમ હત્યા કરી દેવાતા ભારે સનસનાટી મચી ગઈ છે.

ગોરખપુરના રહેવાસી રણજીત વહેલી સવારે મૉર્નિંગ વોક માટે નીકળ્યા તે સમયે બાઈક પર સવાર બદમાશોએ તેમના માથામાં અનેક ગોળી ધરબી દીધી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. તેઓ હજરતગંજની ઓસીઆર બિલ્ડિંગના બી-બ્લોકમાં રહેતા હતા અને અગાઉ સમાજવાદી પાર્ટી સાથે પણ જોડાયેલા હતા. જાણવા મળ્યા મુજબ તેઓ મસિયાઈ ભાઈ આદિત્ય શ્રીવાસ્તવ સાથે મૉર્નિંગ વોક માટે નીકળ્યા હતા અને પરિવર્તન ચોક તરફ જઈ રહ્યા હતા તે સમયે શાલ ઓઢીને આવેલા હુમલાખોરે તેમને ઉભા રાખીને મોબાઈલ ફોન છીનવી લીધા હતા અને ગોળીબાર કર્યો હતો. અચાનક થયેલા આ હુમલામાં તેઓ ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યા હતા જ્યારે ઘાયલ આદિત્યને ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યો છે.

# LICના હિસ્સાને વેચવાના વિરોધમાં દેશભરમાં કર્મીઓનું વિરોધ-પ્રદર્શન

**• પૈસાની જરૂર હોય તો બીજા ઉપાયો શોધો, કંપનીઓ ન વેચો : લોકોમાં રોષ**




નવી દિલ્હી : એલઆઈસીના હિસ્સાને વેચવાની નાણા પ્રધાન નિર્મલા સિતારામને બજેટ દરમિયાન જાહેરાત કરી હતી. મંગળવારે દેશભરમાં એલઆઈસી કર્મચારીઓએ હડતાળ પાળી હતી જેમાં અન્ય નાગરિકો પણ જોડાયા હતા. કર્મચારીઓ કામથી દુર રહ્યા હતા અને એલઆઈસી કાર્યાલયોની બહાર વિરોધ પ્રદર્શન કર્યા હતા. આ વિરોદ પ્રદર્શનમાં ઓલ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ અસોસિએશન પણ જોડાયું હતું, સાથે જ એલઆઈસીના અનેક સંગઠનોએ પણ ધરણા પ્રદર્શન કર્યા હતા. કાર્યાલયોની બહાર બેનરો સાથે દેખાવો કર્યા હતા અને નારા લગાવ્યા હતા. કર્માચરીઓની માગણી છે કે એલઆઈસીના હિસ્સાને વેચવાનો નિર્ણય અયોગ્ય છે અને તેને પરત લેવો જોઈએ. બીજી તરફ પ્રદર્શનો શરૂ થઈ ગયા છે જ્યારે સરકાર દ્વારા હજુસુધી આ પ્રદર્શનો મુદ્દે કોઈ નિવેદન આપવામાં નથી આવ્યું.

# અયોધ્યામાં રામમંદિર નિર્માણ માટે રામજન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટ જાહેર

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર ઉત્તરપ્રદેશના અયોધ્યા ખાતે રામમંદિરના નિર્માણ માટે ટ્રસ્ટની રચનાને કેન્દ્રીય કેબિનેટે આપેલી મંજૂરીની વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે લોકસભામાં જાહેરાત કરી હતી. મોદીએ જણાવ્યું હતું કે, અમે અયોધ્યામાં રામમંદિરનાં નિર્માણ માટેની યોજના તૈયાર કરી લીધી છે. કેન્દ્ર સરકારે અયોધ્યામાં સંપાદન કરાયેલી ૬૭.૭૦૩ એકર જમીન પણ મંજૂર કરાયેલા ટ્રસ્ટને ટ્રાન્સફર કરવાનો નિર્ણય લીધો છે. રામજન્મભૂમિ તીર્થક્ષેત્ર નામના આ ટ્રસ્ટને ભગવાન રામના જન્મસ્થળ ખાતે ભવ્ય મંદિરના નિર્માણ અને તેને સંબંધિત તમામ નિર્ણય લેવાની સત્તા આપવામાં આવશે.

વડા પ્રધાન મોદીએ લોકસભામાં સાંસદોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, હું આજે તમને એક અત્યંત મહત્ત્વના અને ઐતિહાસિક મુદ્દા પર માહિતી આપવા આવ્યો છું. કરોડો લોકોની જેમ રામમંદિર મારા હૃદયની અત્યંત નજીક છે. રામમંદિર અંગેની જાહેરાત કરવાનું અહોભાગ્ય મને પ્રાપ્ત થયું છે. અયોધ્યા કેસમાં સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ પ્રમાણે સુન્ની વક્ફ બોર્ડને પાંચ એકર જમીન આપવા ઉત્તરપ્રદેશ સરકારે મંજૂરી આપી દીધી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, રામજન્મભૂમિ કેસમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યા પછી ભારતના નાગરિકોએ લોકતાંત્રિક પ્રક્રિયાઓમાં નોંધપાત્ર વિશ્વાસ પ્રદર્શિત કર્યો હતો તેના માટે હું દેશના ૧૩૦ કરોડ લોકોને સલામ કરું છું. મારી સરકાર સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ માટે પ્રતિબદ્ધ છે અને દરેક ભારતીયના કલ્યાણ માટે કામ કરી રહી છે.

# મંદિરના ટ્રસ્ટ સામે અયોધ્યાના સંત સમાજમાં રોષ, આંદોલનની તૈયારી

લખનઉ : અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ માટે સરકારે ટ્રસ્ટ બનાવવાની જાહેરાત કરે ગણતરીના કલાકો જ થયા છે અને અયોધ્યામાં સંત સમાજે આ ટ્રસ્ટનો વિરોધ પણ શરુ કરી દીધો છે.

ટ્રસ્ટમાં રામ જન્મભૂમિ ન્યાસના અધ્યક્ષ મહંત નૃત્ય ગોપાલદાસને જગ્યા મળી નથી.આનાથી તેઓ નારાજ છે. તેમણે ક્હ્યુ હતુ કે, અમારા દિગમ્બર અખાડાએ રામ મંદિરમાટેની દરેક લડાઈ લડી છે. આ આંદોલન માટે અમે આખી જિંદગી લગાડી દીધી છે પણ ટ્રર્સ્ટમાં મને કે અમારા અખાડાને જગ્યા અપાઈ નથી. આ અયોધ્યાવાસીઓનુ અપમાન છે. બીજી તરફ દિગ્મ્બર અખાડાના મહંત સુરેશ દાસે કહ્યુ હતુ કે, સંતોની બેઠકમાં ટ્રસ્ટના વિરોધ માટેની આગામી રણનીતિ નક્કી કરાશે. મહંત નૃત્ય ગોપાલ દાસના ઉત્તરાધિકારી કમલ નયન દાસનુ કહેવુ છે કે, અમે આ ટ્રસ્ટને માનવા માટે તૈયાર નથી. આ ટ્રસ્ટમાં વૈષ્ણવ સમાજના સંતોનુ અપમાન કરાયુ છે. તેમણે ગૃહ મંત્રી અમિત શાહ પર નારાજગી વ્યક્ત કરતા કહ્યુહ તુ કે, ટ્રસ્ટનો પૂરજોશથી વિરોધ કરાશે. ટ્રસ્ટમાં સામેલ અયોધ્યા રાજપરિવારના મોહન પ્રતાપ મિશ્રા અંગે તેમણે કહ્યુ હતુ કે, તેઓ બસપામાંથી ચૂંટણી લડ્યા હતા.

# IMA કૌભાંડઃ કર્ણાટક કેડરના બે આઈપીએસ અધિકારીઓ સામે કેસ

નવી દિલ્હી : સીબીઆઈએ આઈ-મોનેટરી એડવાઈઝરી(આઈએમએફ)ના ૪૦૦૦ કરોડ રૂપિયાના કૌભાંડ કેસમાં કર્ણાટક કેડરના વરિષ્ઠ આઈપીએસ અધિકારી હેમંત નિબાંલકર અને અજય હિલોરી સહિત આઠ અન્યની વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. આ કેસ ઈસ્લામિક બેકિંગના નામે રોકાણકારો સાથે કરાયેલી છેતરપિંડીનો છે. વર્ષ ૧૯૯૮ બેન્ચના આઈપીએસ અધિકારી નિંબાલકર અને વર્ષ ૨૦૦૮ બેન્ચના આઈપીએસ અધિકારી હિલોરીની કિથત ભૂમિકાની તપાસના કેસમાં કર્ણાટક સરકારની મંજૂરી મળ્યા પછી સીબીઆઈએ આ કાર્યવાહી કરી છે. બંને અધિકારીઓની સાથે એજન્સીએ આ કેસમાં કંપની આઈએમએફ, તેના સંસ્થાપક મંસૂર ખાન અને અન્યના નામ દાખલ કર્યા છે.બંને અધિકારીઓ વિરુદ્ધ કેસ દાખલ કરવા રાજ્ય સરકારની મંજૂરી માગી હતી.

# મોદી સહિતના વીઆઈપી માટે આઠ હજાર કરોડના ખર્ચે વિમાન ખરીદાશે

**• ટ્રમ્પના વિમાનને પણ ટક્કર આપે તેવી અતિ આધુનિક સુવિધાઓ અને સુરક્ષા મોદીના વિમાનમાં હશે**

નવી દિલ્હી : એક તરફ સરકારે એર ઈન્ડિયા અને એલઆઈસીનો હિસ્સો વેચવા કાઢ્યો છે જ્યારે બીજી તરફ વડા પ્રધાન સહિતના વીવીઆઈપીઓની સુવિધાઓ પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે. અહેવાલો મુજબ સરકાર વડા પ્રધાન, રાષ્ટ્રપતિ, ઉપ રાષ્ટ્રપતિ સહિતના વીવીઆઈપી લોકો માટે ૮૪૫૮ કરોડ રૂપિયાના વિમાન ખરીદવા જઈ રહી છે. આ ખર્ચાની જોગવાઈ ખુદ સરકારે જ બજેટમાં કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે તે મુજબ બે બોઈંગ વિમાનો ૭૭૭-૩૦૦ઈઆર વિમાન ખરીદવામાં આવશે, આ વિમાનો અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે જે વિમાન છે તેના જેવા જ હશે અને એટલી જ આધુનિક સુવિધાઓ તેમાં આપવામાં આવશે. આ વિમાનનો ઉપયોગ નરેન્દ્ર મોદી સહિતના વીવીઆઈપી નેતાઓ હરવા ફરવા અને અન્ય દેશોમાં આવવા જવા માટે કરશે. શનિવારે પોતાના બજેટ ભાષણમાં નાણા પ્રધાન નિર્મલા સિતારામને કહ્યું હતું કે સ્પેશિયલ એક્સ્ટ્રા સેક્શન ફ્લાઈટ (એસઈએસએફ)ના સંચાલન માટે બે નવા વિમાનો ખરીદવામાં આવશે.

# ૯મી પછી શાહીન બાગ જલિયાંવાલા બાગ બની જશેઃ અસદુદ્દીન ઓવૈસી

લખનઉ : હૈદ્રાબાદ : એઆઈએમઆઈએમના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ કહ્યું હતું કે દિલ્હી વિધાનસભાની ચૂંટણી પતી જાય પછી એટલે કે નવમી ફેબ્રુઆરી પછી શાહીન બાગ જલિયાંવાલા બાગ બની જશે, તમે જો જો. એક ન્યૂઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યૂમાં ઓવૈસીએ કહ્યું કે સરકાર દેખાવકારોને ખસેડવા સુરક્ષા દળનો ઉપયોગ કરી શકે છે અને સુરક્ષા દળો દેખાવકારો પર ગોળીબાર કરી શકે છે. અત્યારે તો બધાંને દેખાવકારોનો પોલિટિકલ લાભ લેવો છે કારણ કે દિલ્હી વિધાનસભાની ચૂંટણી છે. છેલ્લા પચાસ દિવસથી શાહીન બાગ વિસ્તારમાં નાગરિકતા અંગેના નવા કાયદાની વિરુદ્ધ મુસ્લિમ મહિલાઓ દેખાવો કરી રહી છે. આઠમી ફેબ્રુઆરી પછી સરકાર શાહીન બાગ બળપૂર્વક ખોલાવી દેશે એવા અણસાર મળી રહ્યા છે.

# NRC લાગુ કરવા અંગે નિર્ણય નથી લેવાયો : શાહ

• વડાપ્રધાને દિલ્હીમાં એક રેલીમાં દેશમાં એનઆરસી લાગુ કરવા અંગે કોઈ ચર્ચા નહીં થઈ હોવાનો દાવો

નવી દિલ્હી : નાગરિકતા સુધારા કાયદો (સીએએ), નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (એનઆરસી) નેશનલ પોપ્યુલેશન રજિસ્ટર (એનપીઆર) મુદ્દે સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. આવા સમયે મંગળવારે કેન્દ્ર સરકારે લોકસભામાં જણાવ્યું હતું કે દેશવ્યાપી સ્તરે રાષ્ટ્રીય નાગરિકતા રજિસ્ટર (એનઆરસી) તૈયાર કરવા અંગે હજી સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. સંસદમાં નાગરિકતા સુધારા કાયદો રજૂ કરતી વખતે ગૃહમંત્રી અમિત શાહે ટૂંક સમયમાં સમગ્ર દેશમાં એનઆરસીનો અમલ કરવા અંગે જણાવ્યું હતું, પરંતુ આ અંગે વિવાદ વધતાં વડાપ્રધાને દિલ્હીમાં એક રેલીમાં દેશમાં એનઆરસી લાગુ કરવા અંગે કોઈ ચર્ચા નહીં થઈ હોવાનો દાવો કર્યો હતો. સંસદમાં એનઆરસી અંગે સાંસદ ચંદન સિંહ અને નાગેશ્વર રાવે સવાલ ઉઠાવ્યો હતો. તેમણે પૂછ્યું કે દેશમાં એનઆરસી લાવવા અંગે સરકારની કોઈ યોજના છે? અને ગૃહરાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે આ અંગે લેખિતમાં જવાબ આપતાં કહ્યું, સરકારે હજી સુધી રાષ્ટ્રીય સ્તર પર ભારતીય નાગરિકો માટે એનઆરસી તૈયાર કરવા માટે કોઈ નિર્ણય કર્યો નથી. ઉપરાંત કેબિનેટમાં પણ આ અંગે કોઈ ચર્ચા થઈ નથી. આ ઉપરાંત સુપોલમાં કનૈયા કુમારના કાફલા પર પથ્થર મારો કરવામાં આવ્યો છે. પથ્થરમારામાં કાફલામાં હાજર એક વાહનમાં સવાર એક યુવતી સહિત ત્રણ લોકોને ઈજા પહોંચી છે.

## સીએએ-એનપીઆર મુદ્દે સંસદના બંને ગૃહોમાં વિપક્ષોનો હોબાળો

નવી દિલ્હી : લોકસભા અને રાજ્યસભામાં વિપક્ષોએ સીએએ અને એનપીઆર મુદ્દે ભારે હોબાળો મચાવ્યો હતો. વિપક્ષી સાંસદોએ સીએએ અને એનપીઆર મુદ્દે ચર્ચા કરવાની માગણી કરી હતી. ભારે નારેબાજી વચ્ચે રાજ્યસભા એક દિવસ માટે સ્થગિત કરવામાં આવી હતી. લોકસભામાં વિપક્ષના સાંસદોએ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરની વિરુદ્ધમાં સૂત્રોચ્ચાર કર્યો હતો. સીએએ,એનપીઆર અને એનઆરસી મુદ્દે સંસદના બંને ગૃહોમાં ધાંધલ-ધમાલ થઈ હતી. કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, બહુજનસમાજવાદી પાર્ટી, સીપીઆઈ સહિતના વિપક્ષી સાંસદોએ લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળો મચાવ્યો હતો. રાજ્યસભામાં સીએએ મુદ્દે ચર્ચા કરવાની

## યુપીમાં દેખાવકારો કરી રહેલા પર લાઠીચાર્જ

લખનઉ : ઉત્તર પ્રદેશના આઝમગઢ વિસ્તારમાં નાગરિકતા અંગેના નવા કાયદાના વિરોધમાં દેખાવો કરી રહેલા લોકો પર પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. ં આમ તો સમગ્ર રાજ્યમાં વિવિધ સ્થળે આ રીતે દેખાવો થઇ રહ્યા છે. ઠેકઠેકાણે લોકો સીએએ વિરોધી દેખાવોમાં સહભાગી થઇ રહ્યા છે. અત્યાર સુધી હળવે હાથે કામ લેનારી પોલીસે હવે કડક હાથે કામ લેવા માંડ્યું હતું. અન્ય એક અહેવાલ મુજબ દેખાવો કરી રહેલી મહિલાઓને વિખેરવા પોલીસે પથ્થરમારો પણ કર્યો હતો.

# શાહરૂખની માલિકીની ૩ કંપનીઓની ૭૦ કરોડની મિલકતો ટાંચમાં લેવાઈ

• ટાંચમાં લેવામાં આવેલી મિલકતોમાં ૨૪ એકર જમીન, એક ફ્લેટ, એક હોટેલ તથા ૧૬.૨૦ કરોડનું બેન્ક બેલેન્સ સામેલ

નવી દિલ્હી : ઈડીએ રોઝવેલી પોન્ઝી કૌભાંડ સાથે સંકળાયેલા એક મની લોન્ડરિંગ કેસની તપાસના સંદર્ભમાં ત્રણ કંપનીઓની ૭૦ કરોડ રૂપિયાની મિલકતો ટાંચમાં લીધી છે. આ ત્રણ કંપનીઓમાં અભિનેતા શાહરૂખ ખાનની આઈપીએલ ટીમ સાથે સંકળાયેલી ટીમ પણ સામેલ છે તેમ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

આ ત્રણ કંપનીઓમાં મલ્ટીપલ રિસોર્ટ પ્રાઈવેટ લિમિટેડ, સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા અને નાઈટ રાઈડર્સ સ્પોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ રોઝ વેલી ગ્રુપ અને તેની સાથે સંકળાયેલી અન્ય કંપનીઓ પાસેથી ફંડ મેળવનાર એકમો અને વ્યક્તિઓની ૭૦.૧૧ કરોડ રૂપિયાની ચાલુ અને સ્થિર મિલકતો ટાંચમાં લેવામાં આવી છે. આ મિલકતોમાં ત્રણ કંપનીઓના બેંક ખાતામાં જમા ૧૬.૨૦ કરોડ રૂપિયા પણ સામેલ છે.

પશ્ચિમ બંગાળના પુર્બા મેદિનિપુર જિલ્લામાં રામનગર અને મહિશદાલમાં ૨૪ એકર જમીન, મુંબઈના દિલકપ ચેમ્બર્સમાં એક ફ્લેટ, કોલકાતાના ન્યુ ટાઉનના જ્યોતિ બાસુ નગરમાં એક એકર જમીન, રોઝ વેલી ગ્રુપમાં એક હોટેલ પણ ટાંચમાં લેવામાં આવી છે.

# શ્રીનગરમાં હુમલો, સરહદ પર પાકે. ગોળીબાર કરતાં ૧૦ લોકો ઘાયલ

• રવિવારની ભીડનો લાભ લઈ આતંકીઓએ સીઆરપીએફની ચોકી ઉડાવવાનો પ્રયાસ કર્યો હતો

શ્રીનગર : જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં લાલ ચોક વિસ્તારમાં આતંકીઓએ ગ્રેનેડ હુમલો કર્યો હતો, જેમાં બે સુરક્ષા જવાનો અને સાત નાગરિકો ઘવાયા હતા. અહીંના પ્રતાપ પાર્ક વિસ્તારમાં સીઆરપીએફના જવાનોને તૈનાત કરાયા હતા, જેને આતંકીઓએ નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. જવાનો અને નાગરિકો સહિત નવને સ્થાનિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. વિસ્ફોટ ઘાતક હતો જેને પગલે બહુ ઉંચો અવાજ પણ આવ્યો હતો, આ વિસ્ફોટને કારણે આસપાસના વિસ્તારમાં અફરા તફરી મચી ગઈ હતી. થોડા સમય માટે લોકોમાં ભય ફેલાઈ ગયો હતો. લાલ ચોક વિસ્તારમાં ભીડ વધુ હોય છે, ખાસ કરીને રવિવારે ટ્રાફિક જેવી સ્થિતિ પણ ઉભી થાય છે. જેનો લાભ લઈને આતંકીઓએ સૈન્ય જવાનોને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. આ વિસ્ફોટ બાદ સમગ્ર વિસ્તારને લોકોએ ઘેરી લીધો હતો.

# દિલ્હીમાં રૂપિયા ૧૨૦૦ કરોડના નકલી બિલો બનાવનારની ધરપકડ

• દયાશંકર કુશવાહાએ સરકાર સાથે છેતરપિંડી કરવા ૪૯ શેલ કંપનીઓની રચના કરી

નવી દિલ્હી : ટેક્સ લાભ મેળવવા માટે ૧૨૦૦ કરોડ રૂપિયાના નકલી બિલોનો ઉપયોગ કરવા બદલ એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે તેમ સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે.

સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ટેક્સ અધિકારીઓ દ્વારા તાજેતરમાં ધરપકડ કરાયલ દયાશંકર કુશવાહાએ સરકાર સાથે છેતરપિંડી કરવા માટે ૪૯ શેલ કંપનીઓની રચના કરી હતી. સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે સેન્ટ્રલ ટેક્સ, દિલ્હી વેસ્ટ કમિશનરે ૧૨૦૦ કરોડ રૂપિયાના નકલી બિલનું મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. દયાશંકર કુશવાહાએ ૪૯ શેલ કંપનીઓના નેટવર્કનો ઉપયોગ કરી ૧૨૪ કરોડ રૂપિયાની ટેક્સ ક્રેડિટ મેળવી હતી. માલ અને સેવાઆની ખરીદી પર ચૂકવાયેલ જીએસટી વિરુદ્ધ દાવો કરવામાં આવેલ ક્રેડિટને ઈનપુટ ટેક્સ ક્રેડિટ(આઈટીસી) કહેવામાં આવે છે. સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે કોઈ પણ માલ ખરીદ્યા વગર અયોગ્ય રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવનારાઓને નકલી બિલો ઈશ્યુ કરવામાં આવ્યા હતાં.

# સાઉથના સુપર સ્ટાર વિજય સહિતના ફિલ્મ કલાકારોના સંકુલોમાં ITના દરોડા

• કુલ ૩૮ સંકુલોમાં દરોડા : ૩૦૦ કરોડથી વધુની કરચોરી પકડાઈ : ૭૭ કરોડ રોકડા પણ જપ્ત

• ફિલ્મ બિજિગમા અઢળક કમાણી થઈ હતી

ચેન્નાઈ : દક્ષિણભારતના ફિલ્મ ઉદ્યોગના લોકપ્રિય અભિનેતા વિજય સહિતના ફિલ્મ કલાકારોના ઘરે આવકવેરા વિભાગે દરોડા પાડયા હતાં. આ દરોડાને કારણે દક્ષિણ ભારતની ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ભૂકંપ આવી ગયો છે. આ દરોડા દરમિયાન ૩૦૦ કરોડ પિયાથી વધુની કરચોરી પકડાઈ છે.

અભિનેતા વિજયને ફિલ્મ બિજિલને કારણે અઢળક કમાણી થઈ હોવાથી આવકવેરા વિભાગ તેમના પર નજર રાખી રહ્યું હતું. એક ફિલ્મ પ્રોડ્કશન હાઉસ અને તેમના નિવાસસ્થાન સહિત અનેક સંકુલોમાં દરોડા પાડવામાં આવ્યા હતાં. આવકવેરા વિભાગે એક નિવેદનમાં જણાવ્યું છે કે તમિલનાડુના અલગ અલગ વિસ્તારોમાં કુલ ૩૮ સંકુલોમાં દરોડા પાડવામાં આવ્યા છે. આ દરોડા દરમિયાન ૩૦૦ કરોડ રૂપિયાથી વધુની કરચોરી પકડાઈ છે. આ ઉપરાંત આ સંકુલોમાંથી ૭૭ કરોડ પિયાની બેનામી રોકડ રકમ પણ જપ્ત કરવામાં આવી છે. વિજય અભિનિત બિજિલ ફિલ્મ સફળ રહ્યાં પછી ટેક્સ ચોરી થઈ હોવાની બાતમી મળ્યા પછી આવકવેરા વિભાગ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. આવકવેરા વિભાગને શંકા છે કે અભિનેતા વિજયે આ ફિલ્મ માટે મોટી રકમ રોકડમાં લીધી હતી. આવકવેરા વિભાગે એક્ટરના ઘર ઉપરાંત એજીએસ સિનેમાના અનેક સથળો પર દરોડા પાડયા હતાં. ઉલ્લેખનીય છે કે ફિલ્મ બિજિલમાં વિજયે ફુટબોલ કોચની ભૂમિકા નિભાવી છે.

# કેરળની કઠણાઈ : ભારતમાં કોરોનાનો ત્રીજો કેસ નોંધાયો

• કેરળે રાજ્યસ્તરે ઈમર્જન્સી જાહેર કરી : બે હજાર મુસાફર ચીનથી કેરળ આવ્યા છે

કેરળ : ભારતમાં કેરળમાં જ કોરોનોનો ત્રીજો કેસ નોંધાયો છે. માટે કેરળ સાથે હવે અન્ય રાજ્યો અને કેન્દ્ર સરકાર પણ ચિંતિત થઈ છે. કેમ કે ચીનમાં ઝડપથી કોરોના ફેલાઈ રહ્યો છે. ભારતમાં એવી સ્થિતિ ન સર્જાય એ માટે યુદ્ધના ધોરણે પહેલાં લેવા અનિવાર્ય છે. હજુ સુધી વાઈરસની રસી શોધાઈ નથી, અટકાવાનો કોઈ નક્કર ઉપાય મળ્યો નથી.

માટે સલામતી રાખવી એ એકમાત્ર રસ્તો છે. ચીનમાં વાઈરસનો ચેપ લાગ્યો હોય એવા કેસની સંખ્યા ૧૭ હજારથી વધી ગઈ છે, જ્યારે વાઈરસથી પોણા ચારસો મોત થયા છે. બીજી તરફ વાઈરસનો ફેલાવો જગતના ૨૫ દેશો સુધી પહોંચી ચૂક્યો છે.

ભારતમાં ગયા અઠવાડિયે કેરળમાં વાઈરસનો પ્રથમ કેસ નોંધાયો હતો. એ પછી બીજો અને હવે ત્રીજો કેસ પણ ત્યાં નોંધાયો છે. જોકે જે વિદ્યાર્થીને ચેપ લાગ્યો છે, તેની તબિયત અત્યારે સ્થિર હોવાનું કેરળ સરકારે જણાવ્યું હતું. ચીનથી પરત આવ્યા હોય એવા કેરળમાં ૧૯૯૯ પ્રવાસી નોંધાયા છે, જેના પર સરકાર નજર રાખી રહી છે.

## રાજકીય આપદા જાહેર કરી, તમામ જિલ્લાઓમાં હાઈએલર્ટ

કેરળ સરકારે કોરોના વાયરસને પોતાના રાજ્યમાં રાજકિય આપદા જાહેર કરી છે. પ્રદેશના સ્વાસ્થ્ય મંત્રી કેકે શૈલજાએ સોમવાર સાંજે કહ્યું કે, મુખ્યમંત્રી પિનારાઈ વિજયનના નિર્દેશ પર તેની જાહેરાત કરવામાં આવી. અલપુઝા એનઆઈવીમાં આ બિમારીની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. દરેક જિલ્લાઓને આ બાબતે અસરકારક પગલાં ભરવા નિર્દેશ આપી દેવામાં આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે, સરકાર તે લોકોની યાદી બનાવી રહી છે જે વુહાનથી પરત આવ્યા છે. તેના માટે ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટમાં સંપર્ક કરવાની તૈયારી છે. દરેક સંદિગ્ધ દર્દી પર નજર રાખવામાં આવી રહી છે. સોમવારે કેરળના એક વ્યક્તિને કોરોના વાયરસથી સંક્રમિત થયાના સમાચાર સામે આવ્યા છે.

## ચીની નાગરિકોના વિઝા રદ થતાં પશ્ચિમી દેશોમાં ભેદભાવ શરૂ

નવી દિલ્હી : ચીને સ્વિકાર કર્યો હતો કે કોરોના વાઈરસને કાબુમાં લેવામાં અમે ઊણા ઉતર્યા છીએ. દેશની આરોગ્ય સિસ્ટમને વધારે બનાવાની જરૂર હોવાની વાત પણ ચીની પોલિટ બ્યુરોની મિટિંગમાં કહેવાઈ હતી. દરમિયાન ભારતે વધુ એક ડગલું વધીને અગાઉથી મંજૂર થયેલા ચાઇનિઝ નાગરિકોના વિઝા રદ કરી દીધા હતા. ઉપરાંત અત્યારે ભારતમાં હોય એવા ચાઇનિઝ નાગરિકોના વિઝા લંબાવવાની પણ સરકારે મનાઈ કરી દીધી છે. વાઈરસને કારણે સામાજિક ભેદભાવ પણ શરૂ થયા છે. કેમ કે અમેરિકા અને યુરોપના દેશોમાં ચીની અને અન્ય એશિયાઈ દેશોના નાગરિકોને શંકાની નજરે જોવા લાગ્યા છે. અમેરિકામાં મોટી સંખ્યામાં ચીની લોકો રહે છે.

# દિલ્હી ચૂંટણીઃ પ્રચારનો અંત, ૮મીએ મતદાન

**• કુલ ૬૭૨ ઉમેદવાર પૈકી ૧૦૪ ઉમેદવારો સામે ગંભીર અપરાધિક કેસો ૩૬ ટકા ઉમેદવાર કરોડપતિ : છેલ્લા દિવસે પ્રચારમાં પક્ષોએ તમામ તાકાત લગાવાઈ**

નવીદિલ્હી : દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે હાઈવોલ્ટેજ ચૂંટણી પ્રચારનો ગુરુવારે સાંજે અંત આવ્યો હતો. હવે આઠમી ફેબ્રુઆરીના દિવસે મતદાન યોજાનાર છે. મતદાનને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. કુલ ૬૭૨ ઉમેદવારોના ભાવિનો ફેંસલો દિલ્હીની ચૂંટણીમાં થઈ રહ્યો છે. ભારતીય જનતા પાર્ટી તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીયમંત્રી અમિત શાહ, ભાજપ પ્રમુખ જેપી નડ્ડા સહિત તમામ દિગ્ગજોએ જોરદાર પ્રચાર કર્યો હતો. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી



યોગી આદિત્યનાથ અને ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ પ્રચારમાં ભાગ લીધો હતો. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે શાહીનબાગનો મુદ્દો મુખ્યરીતે છવાયેલો છે. હજુ સુધી એએપીની પાર્ટી આગળ દેખાઈ રહી છે પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચારમાં ઉતર્યા બાદથી ભાજપની સ્થિતિ પણ આંશિકરીતે સુધરી છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આંકડા ઉપર નજર કરવામાં આવે તો ૩૫ ટકા ઉમેદવાર અપરાધિક છાપ ધરાવે છે જ્યારે ૩૬ ટકા ઉમેદવાર કરોડપતિ છે. આંકડા દર્શાવે છે કે, કુલ ૬૭૨ ઉમેદવાર પૈકી ૧૦૪ ઉમેદવારની સામે ગંભીર અપરાધિક કેસો રહેલા છે. બિનસરકારી સંગઠન એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કુલ ૬૭૨ ઉમેદવાર પૈકી ૧૦૪ ઉમેદવાર અપરાધિક છાપ ધરાવે છે. આંકડા દર્શાવે છે કે, દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં મેદાનમાં રહેલા ૬૭૨ ઉમેદવારો પૈકી ૧૩૩ની સામે ફોજદારી કેસો રહેલા છે. રાજનીતિમાં સુધારો કરવાના દાવા સાથે મેદાનમાં આવેલા આમ આદમી પાર્ટીના દાવાઓ પણ પોકળ સાબિત થયા છે.


કલાસીફાઈડ / Classified

HELP WANTED IN MOTEL (IN HAMILTON)

હાઉસ કીપીંગ માટે કપલની જરૂર છે. રહેવાની સગવડ આપવામાં આવશે

-: ફોન કરો :-

કિશોર પટેલ - 905-517-2707


## દિલ્હી ચૂંટણીને લઇને ૨.૫ લાખ સુરક્ષા જવાનો તૈનાત કરાશે

નવી દિલ્હી : દિલ્હી વિધાનસભાની ચૂંટણીને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. લોકસભાની ચૂંટણીમાં કુલ ૫૦ હજાર સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા બાદ હવે વિધાનસભા ચૂંટણીમાં પાંચ ગણા વધારે પ્રમાણમાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવનાર છે. પ્રાપ્ત માહિતી મુજબ ૨.૫ લાખ સુરક્ષા કર્મચારીઓ આ વખતે તૈનાત કરવામાં આવનાર છે. પહેલા ક્યારેય આટલી મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા ન હતા. આ વખતે સૌથી વધારે જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. શાહીનબાગના પાંચ મતદાન કેન્દ્ર સંવેદશીલ કેટેગરીમાં મુકી દેવામાં આવ્યા છે. શાહીનબાગ માં નાગરિક સુધારા કાનુનની સામે ચાલી રહેલા આંદોલનના કારણે ચૂંટણી પંચે આ ક્ષેત્રમાં આવનાર તમામ પાંચ મતદાન કેન્દ્રોને સંવેદનશીલ શ્રેણીમાં રાખ્યા છે. અહીં ૧૫મી ડિસેમ્બરના દિવસથી જ લોકો માર્ગો પર આવી ગયા છે. તાજેતરમાં જ અહીં એક શખ્સ દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. ચાર હજાર કરતા વધારે પોલીંગ બુથ પર સીસીટીવી મુકવામાં આવી રહ્યા છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે ભારતીય જનતા પાર્ટી અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધી સ્પર્ધા દેખાઈ રહી છે. મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ હાલમાં હોટફેવરીટ દેખાઈ રહ્યા છે.

## યુવાનો મોદીને ૮ માસ પછી ડંડા લઇ દૂર કરશે : રાહુલના નિવેદનથી વિવાદ

નવી દિલ્હી : દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં નિવેદનબાજી ચરમ પર છે. આ ચૂંટણીમાં નેતાઓએ એવા-એવા શબ્દોનો ઉપયોગ કર્યો છે ત્યારબાદ ચૂંટણી પંચને દખલ દેવી પડી. હવે એક વખત ફરીથી આપત્તિજનક ટિપ્પણીનો તાજો મામલો સામે આવ્યો છે. આ વખતે નિશાના પર કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી છે. તેમણે હૌજ રાનીમાં એક જનસભાને સંબોધિત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈ ખૂબ જ આપત્તિજનક વાતો કહી દીધી. રાહુલ ગાંધીએ કહ્યું કે નરેન્દ્ર મોદી ભાષણ આપી રહ્યા છે, ૬ મહિના બાદ તે ઘરમાંથી બહાર નીકળી નહીં શકે. હિન્દુસ્તાનના યુવાનો તેમને ડંડો મારશે, તેમને સમજાવી દેશે કે હિન્દુસ્તાનના યુવાનોને રોજગારી આપ્યા વગર આ દેશ આગળ વધી શકશે નહીં. રાહુલ ગાંધીએ કહ્યું કે બધા લોકો ઇચ્છે છે કે ચીનને કોઈને કોઈ બેલેન્સ કરે. વેપારીઓએ પોતાના પૈસા ચીનમાં નાંખ્યા અને ત્યાં વાયરસ આવી ગયો. ચીનની બધી ફેક્ટરીઓ બંધ પડી છે. આખી દુનિયા કહી રહી છે કે અમે અમારા પૈસા હિન્દુસ્તાનમાં ઈનવેસ્ટ કરવા માંગીએ છીએ, પરંતુ દેશમાં વધતી હિંસા અને નફરતના લીધે ઈન્વેસ્ટર પાછળ હટી રહ્યા છે.

## સૂર્ય નમસ્કાર કરીને પીઠ મજબૂત બનાવીશ : મોદીનો રાહુલને જવાબ

નવી દિલ્હી- ગુરુવારે લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર જવાબ આપતી વખતે પીએમ મોદી ફુલ ફોર્મમાં નજરે પડ્યા હતા. લોકસભામાં પીએમ મોદીએ કરેલા લાંબા સંબોધનમાં ૩૫મી મિનિટે રાહુલ ગાંધીનો ઉલ્લેખ થયો હતો. પીએમ મોદીએ રાહુલ ગાંધીનુ નામ લીધા વગર કહ્યુ હતુ કે, મારા માટે કહેવામાં આવ્યુ છે કે, છ મહિનામાં લોકો મને ડંડાથી મારશે એટલે મેં પણ નક્કી કર્યુ છે કે, છ મહિનામાં સૂર્યનમસ્કાર કરીને મારી પીઠ મજબૂત બનાવીશ એટલે મને ડંડાની કોઈ અસર ના થાય. મોદીએ આગળ કહ્યુ હતુ કે, ૨૦ વર્ષથી હું ગંદી ગાળો સાંભળી રહ્યો છે અને એટલે મેં મારી જાતને ગાળોથી પ્રૂફ કરી લીધી છે. હું આભારી છું કે મને છ મહિનાનો સમય અપાયો છે. મોદીએ રાહુલ ગાંધી પર ટોણો માર્યો હતો કે, ગઈકાલે રાહુલ ગાંધીએ એક ભાષણમાં કહ્યુ હતુ કે, દેશમાં બેરોજગાર યુવાઓની સંખ્યા વધી રહી છે અને આ જ સ્થિતિ ચાલુ રહી તો યુવાઓ પીએમ મોદીને ડંડા મારશે. જેના જવાબમાં મોદીએ પણ પ્રહારો કર્યા હતા.

## કોંગ્રેસ નેતા જનાર્દન દ્વિવેદીનો પુત્ર ભાજપમા, મને ખબર નથી : દ્વિવેદી

નવી દિલ્હી : દિલ્હી વિધાનસભા પહેલા કોંગ્રેસના સિનિયર નેતા જનાર્દન દ્વિવેદીના પુત્ર સમીર દ્વિવેદી ભાજપમાં સામેલ થઈ ગયા છે. જોકે જનાર્દન દ્વિવેદીની કહેવુ છે કે, મને આ બાબતની કોઈ જાણકારી નથી. જો તેણે ભાજપમાં જોડાવાનો નિર્ણય લીધો હોય તો તે તેનો અંગત મામલો છે. જનાર્દન દ્વિવેદી કોંગ્રેસના સિનિયર નેતાઓ પૈકીના એક છે પરંતુ છેલ્લા કેટલાક



સમયથી પાર્ટીમાં તેમને સાઈડલાઈન કરી દેવાયા છે. ખાસ કરીને નરેન્દ્ર મોદીના વખાણ કર્યા બાદ પાર્ટીમાં તેમનુ મહત્વ ખાસુ ઘટી ગયુ છે. મોદીના વખાણ કરવા બદલ કોંગ્રેસમાં તેમની ભારે ટીકા થઈ હતી.

## જોજો, દુશ્મનોને ફાયદો પહોંચાડનારા હાથમાં સત્તા ન આવી જાય : નરેન્દ્ર મોદી

નવી દિલ્હી : દિલ્હીના દંગલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રચાર માટે ઉતર્યા છે. દ્વારિકામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીની સત્તારૂઢ આમ આદમી પાર્ટીને આડે હાથ લીધી હતી. તેમણે કહ્યું કે દિલ્હીને દોષારોપણ કરતી નહીં દિશા આપતી સરકારની જરૂર છે. દિલ્હીને મૂંજવણમાં મુકે તેવી સરકારની કોઈ જરૂર નથી, ખોટા ઈરાદના કારણે દિલ્હીનો વિકાસ



થયો નથી. ૮ ફેબ્રુઆરીએ વાંધાવચકા પાડતા લોકોને સબત શીખવાડવાનો સમય આવી ગયો છે. દુશ્મનોને ફાયદો પહોંચાડતા લોકોના હાથમાં દિલ્હીની સત્તા ન આવી જોઈએ.

## સરકારી કંપનીઓની જેમ મોદી સરકાર તાજમહેલ પણ વેચી નાખશે : રાહુલ ગાંધી

નવી દિલ્હી : દિલ્હીમાં રાહુલ ગાંધીએ સમગ્ર રેલીમાં સરકારને આડે હાથ લીધી. તેમણે કહ્યું કે આજકાલ બીજેપીના નેતા દેશભક્તિની વાત કરે છે. સવાર-સાંજ પાકિસ્તાન-પાકિસ્તાન કરતા રહે છે. શું તમે બીજેપીનો એક પણ નેતા એવો જોયો જે પાકિસ્તાન જઈ હિન્દુસ્તાનનો નારો લગાવાનું સામર્થ્ય ધરાવતા હોય. બીજેપી હોય કે આમ આદમી પાર્ટી, કોઈ



કામ નથી કરી રહ્યું ફક્ત માર્કેટિંગ કરે છે. રાહુલ ગાંધીએ કહ્યું કે ઈન્ડિયન ઓયલ, એર ઈન્ડિયા, લાલ કિલ્લો સુદ્ધાં વેચી નાખ્યો, ક્યાંક તાજમહેલ વેચી ન નાખે. બધુ વેચવા બેઠા છે.

## દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં 'આપ'ની આંધી ફરી વળશે : સરવે

નવી દિલ્હી : દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં અરવિંદ કેજરીવાલના આપ પક્ષનું વાવાઝોડું ફરી વળશે એવું એક સર્વેક્ષણમાં જણાવાયું હતું. ટાઈમ્સ નાઉ અને આઈપીએસઓએસ દ્વારા કરાયેલા ઓપિનિયન પૉલમાં એવો વર્તારો કરાયો હતો કે ૨૦૧૫નું પુનરાવર્તન થશે એટલે કે અરવિંદ કેજરીવાલનો આપ પક્ષ જંગી બહુમતી સાથે ચૂંટાઈ આવશે. આ સર્વેમાં એક



વાત સ્પષ્ટ થઈ હતી કે મુખ્ય મુકાબલો આપ અને ભાજપ વચ્ચેજ છે. પૉલમાં એવું પણ જાણવા મળ્યું હતું કે ૫૨થી ૫૩ ટકા મતો આપને મળશે. બીજી બાજુ ભાજપને ૩૪ ટકા મતો મળવાની શક્યતા છે.

અનુસંધાન પેજ નંબર 02

## કોરોના વાયરસના આતંક...

છે. જેમાંથી ૧૪૨૮ દર્દીઓમાં રિકવરી આવી છે જયારે ૩૮૬૮ દર્દીઓની હાલત અત્યંત કટોકટ છે. સારવાર માટે અઠવાડિયામાં જ વુહાન શહેરમાં ૧૦૦૦ બેડની હોસ્પિટલનું નિર્માણ કરાયું છે. આજે મોટાભાગના દુનિયાના દેશોએ ચીનમાંથી પોતાના નાગરિકોને તેડાવી તેની સાથેનો સીધો વ્યવહાર બંધ કરી દીધો છે.

અત્યાર સુધીનો ઈતિહાસ રહ્યો છે કે, દુનિયામાં જેટલા પણ ચેપી રોગ થયા છે તેઓ પ્રાણીના શરીર થકી જ માણસના શરીરમાં પ્રવેશ્યા છે. ૧૯મી સદીમાં પ્લેગ નામના રોગે દુનિયાના લાખો લોકોનો ભોગ લીધો હતો. આ પ્લેગ ઉંદરના શરીર વાટે માણસ સુધી પહોંચ્યો હતો. મોટાભાગના પ્રાણીઓના શરીરમાં જાતજાતના બેક્ટેરિયા હોય છે. જેમાં વાયરસ પેદા થાય છે. જે લોકો આ પ્રાણીઓ સાથે રહેતા હોય કે તેના માંસનો આહાર તરીકે ઉપયોગ કરતા હોય તેઓને ચેપ લાગવાની શક્યતા વધુ રહે છે. જો ચેપી રોગનો ફેલાવો રોકવો હોય તો માણસે વન્યજીવ-પ્રાણીના માંસાહારમાં સતર્કતા રાખવી પડશે.

### ક્રોસવર્ડનો ઉકેલ

**આડી ચાવી** : (૧) વિજયાદશમી (૫) જાનકી (૭) ગર (૮) નખેદ (૯) ષટ (૧૦) બક (૧૨) વચન (૧૪) આદત (૧૬) સૂવર (૧૭) સંભવ (૨૦) પાતક (૨૨) કરજાળી (૨૪) કર (૨૫) સુવર્ણ (૨૭) કમ (૩૧) અવસર (૩૨) જોખિયો (૩૩) બજરંગ (૩૪) ચિત્રા **ઊભી ચાવી** : (૧) વિભીષણ (૨) યાગ (૩) દરબદર (૪) મીન (૫) જાદવ (૬) કીર્તન (૧૧) કત (૧૩) ચક્કી (૧૪) આવક (૧૫) કુંભકર્ણ (૧૬) સૂતર (૧૮) વર (૧૯) વાળી (૨૦) પાક (૨૧) વસુ (૨૩) જાપ્તો (૨૬) વરજોગ (૨૭) કસબ (૨૮) મરજ (૨૯) જાયો (૩૦) સુમિત્રા (૩૧) અર્જ


સીટીઝનશીપ, PR કાર્ડ અને ઇમિગ્રેશન સર્વિસ

તમારા બધા પી.આર. કાર્ડ નવીનકરણ માટે ખોવાયેલ અથવા ચોરાયેલા, સિટીઝનશિપ એપ્લીકેશન્સ એક્સપ્રેસ એન્ટ્રી, વિઝિટર વિઝાને સુપર વિઝા એપ્લીકેશન,ઇન્વીટેશન, લેટર્સ, સ્ટુડન્ટ, સ્પાઉસલ સ્પોન્સરશીપ, પેરેન્ટલ સ્પોન્સરશિપ, વર્ક પરમિટ એપ્લીકેશન્સ.

એક પ્રોફેસનલ કેર અને યોગ્યતા દ્વારા પ્રોફેશનલ ઇમિગ્રેશન કન્સલ્ટિંગ ફર્મ.

ઘરબેઠા સેવા આપવામાં આવશે.

ખુબ સ્પર્ધાત્મક અને આકર્ષક દરો.

ACCESS2CANADA

Since 20 Years Easy Access Consultant Inc.

અમે અંગ્રેજી, ગુજરાતી, પંજાબી અને અરેબીક બોલીએ છીએ.

સંપર્ક કરો અલી : 437-225-1070

Office Tel No.289-8853411

Email : alidaredia@hotmail.com

HEAD OFFICE : 214 - 1945 Dundas Street East, Mississauga, ON L4X2T8, Canada.

BRANCH : 1500 Meyerside Drive, Mississauga-Ontario, L5T 1V4; Canada

# બ્રિટનના ટેક્સ ચોરી કૌભાંડમાં મૂળ ગુજરાતી સંજય શાહની સંપત્તિ જપ્ત

- ડેનમાર્ક, ફ્રાન્સ, જર્મની, બ્રિટનમાં કૌભાંડ આચર્યું હતું
- લંડનમાં વસાવેલા વૈભવી મકાનને ડેનમાર્ક પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યું

લંડન : કરોડો રૂપિયાના ટેક્સ કૌભાંડના કેસમાં ભારતીય મૂળના સંજય શાહની લંડન સ્થિત સંપત્તિને ડેનમાર્કે જપ્ત કરી લીધી છે. ડેનિશ પોલીસે લંડનમાં આવેલી સંજય શાહની કરોડો રૂપિયાની સંપત્તિને જપ્ત કરી છે. જપ્ત કરેલી સંપત્તિમાં એક વિશાળ મહેલનો પણ સમાવેશ થાય છે કે જે મધ્યસુથ લંડનમાં આવેલો છે.

મુળ ગુજરાતી સંજય શાહ ઉપર ૧.૫ બિલિયન પાઉંડનું કૌભાંડ કરવાનો આરોપ છે. હાલ સંજય દુબઈમાં રહે છે પણ તેની કરોડો રૂપિયાની સંપત્તિ લંડનમાં અને અન્ય દેશોમાં આવેલી છે. સંજય શાહના પ્રવક્તાએ સંપત્તિની જપ્તીની વાત સ્વીકારી હતી. ગઈ કાલે ડેનિશ પોલીસે કહ્યું હતું કે અમે આ કેસમાં એક મોટી સંપત્તિને જપ્ત કરી છે. જોકે તે સમયે પોલીસે સંજય શાહનું નામ નહોતુ લીધુ, બાદમાં સંજયના પ્રવક્તાએ કહ્યું હતું કે પોલીસે સંજયનું કરોડો રૂપિયાનું ઘર જપ્ત કર્યું છે. બીજી તરફ સંજય શાહ અને તેની ટીમ સાથે સંકળાયેલા લોકો દરેક પ્રકારના આરોપોને નકારી રહ્યા છે. જ્યારે ડેનમાર્ક દાવો કરી રહ્યું છે કે એક સ્કીમના આધારે સંજય શાહે કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યું છે. નોંધનીય છે કે ૨૦૦૪માં સંજય શાહે લંડનમાં એક અન્ય શખ્સની સાથે મળીને સ્કીમ લોંચ કરી હતી, જેને કોમેક્સ ટ્રેડિંગ નામ આપવામાં આવ્યું હતું.

# સેન્ડવીચ ચોરી કેસમાં ૯ કરોડના પગારદાર ગુજરાતીની નોકરી ગઈ

- પારસ શાહ કંપનીના હેડ ક્વાર્ટરમાંથી પૈસા આપ્યા વિના જ ફૂડ પેકેટ લઈ જતો

લંડન : લંડનમાં સિટિગ્રુપ સાથે કામ કરનાર ગુજરાતી મૂળના એક બોન્ડ વિક્રેતાને ઓફિસની સ્ટાફ કેન્ટીનમાંથી ભોજનની ચોરી કરવાના આરોપસર નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો.

લંડનમાં કેનેરી વાર્ફમાં કંપનીનાં યુરોપ માટેના હેડ ક્વાર્ટરમાંથી પૈસાની ચૂકવણી કર્યા વગર ફુડ પેકેટ લઈ જવાનો પારસ શાહ પર આરોપ હતો, એમ માધ્યમોમાં કહેવામાં આવ્યું હતું. આરોપો અંગે ખુલાસો નહી કરનાર ૩૧ વર્ષના પારસ શાહ યુરોપ, મધ્યપૂર્વ અને આફ્રિકા માટો બોન્ડ ટ્રેડિંગના ઉચ્ચ વળતર આપતા સિટિગ્રુપના ઉચ્ચ હોદ્દાને છોડીને ગયા મહિને જતા રહ્યા હતા. પારસ શાહની પ્રોફાઈલ મુજબ, તેઓ ઉત્તર લંડનની એક શાળામાં ભણ્યા હતા અને ત્યાર પછી ૨૦૧૦માં યુનિ.ઓફ બાથમાં અર્થશાસ્ત્ર સાથે ગ્રેજ્યુએટ થયા હતા. એ જ વર્ષે શાહ એચએસબીસીના ફિક્સ્ડ ઇનકમ ટ્રેડિંગ વિભાગમાં જોડાયા હતા જ્યાં તેને વર્ષે દસ લાખ પાઉન્ડ મળતા હોવાનું મનાય છે.

# મેક્સિકોમાં ૪ બંદૂકધારીઓનો અંધાધૂંધ ગોળીબાર : ત્રણ બાળકો સહિત ૯નાં મોત

મેક્સિકો સિટી : પશ્ચિમ મેક્સિકોમાં ચાર બંદૂકધારીઓએ એક વીડિયો ગેમ આર્કેડમાં અંધાધૂંધ ગોળીબાર કરતા ત્રણ બાળકો સહિત કુલ ૯ લોકોનાં મોત થયા છે. ત્રણ બાળકોની ઉંમર અનુક્રમે ૧૨,૧૩ અને ૧૪ વર્ષની હતી. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર આ હુમલામાં અન્ય બે લોકોના પણ ઘાયલ થયા છે. હુમલાખોરો કોઈ ચોક્કસ વ્યકિતને નિશાન બનાવવા માગતા હતાં પણ અંતે તેમણે અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. મૃતકોમાં ૧૭ અને ૧૮ વર્ષના બે યુવાનોનો પણ સમાવેશ થાય છે. ઉરુઅપાન નામના શહેરમાં સોમવારે આ હુમલો કરવામાં આવ્યો હતો. આ જ શહેરમાં શુક્રવારે બંદૂકધારી હુમલાખોરોએ મ્યુનિસિપાલ પોલીસ પેટ્રોલ પર હુમલો કર્યો હતો. જેમાં એક અધિકારીનું મોત થયું હતું. અને અન્ય બે અધિકારીઓ ઘાયલ થયા હતાં.

# એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ પર એમની ગર્લફ્રેન્ડના ભાઈએ બદનક્ષીનો કેસ કર્યો

સાનફ્રાંસિસ્કો : વિશ્વના સૌથી ધનિક ઇ-કોમર્સ કંપની એમેઝોનના સ્થાપક જેફ બેજોસ પર એમની ગર્લફ્રેન્ડના ભાઈએ એવા મુદ્દે કેસ કર્યો છે કે જેફે એમની ખાનગી તસવીરો અને લખાણોને 'લીક' કરવાનો ગર્લફ્રેન્ડના ભાઈ પર આરોપ મૂક્યો છે, પરિણામે ગર્લફ્રેન્ડના સ્વજનોની બદનામી થઈ છે. જેફની ગર્લફ્રેન્ડના ભાઈ સાંચેઝે જેફ પર કેસ કરતા જણાવ્યું કે જેફે સાંચેઝ પર, જેફની અંતરંગ તસવીરો અને લખાણને નેશનલ ઇન્કવાયરરને 'લીક' કરવાનો આરોપ મૂક્યો છે. બેજોસના આવા આરોપથી એમની ફક્ત માનહાનિ જ થઈ નથી, પરંતુ એમણે અનેક પરેશાનીઓમાંથી પસાર થવું પડયું છે. એક રિપોર્ટમાં બેજોઝના લગ્ન બહારના (વિવાહેતર) સંબંધોનો ખુલાસો કરીને સનસનાટી ફેલાવી દીધી હતી. એટલું જ નહિ આ અખબાર નેશનલ ઇન્કવાયરરે બંને વચ્ચે થયેલી વાતચીતને પણ લોકો સામે રજૂ કરી દીધી હતી.

# રશિયન સેટેલાઈટે અમેરિકાના જાસુસી ઉપગ્રહનો પીછો કરી વીડિયો લેતા ભારે ચકચાર

વોશિંગ્ટન : રશિયાના સેટેલાઈટ દ્વારા પૃથ્વીની ઉપર અવકાશમાં ફરી રહેલા અમેરિકાના સ્પાઈ સેટેલાઈટ (જાસુસી ઉપગ્રહ)નો પીછો કરવામાં આવ્યો હોવાના સમાચાર મળતા ચકચાર મચી ગઈ છે. સ્પેસ ટ્રેકર એજન્સીના અહેવાલ પ્રમાણે જાન્યુઆરી મહીના દરમિયાન રશિયન સેટેલાઈટે અમેરિકન સેટેલાઈટની નજીક જઈને તેની જાસુસી કરવા પ્રયત્ન કર્યો હતો. રશિયન સેટેલાઈટે સંપૂર્ણ જાન્યુઆરી મહીના દરમિયાન આ પ્રકારની ગતિવિધિઓ કરી હતી અને કેમેરા વડે ફોટો લેવા ઉપરાંત વીડિયો પણ ઉતાર્યા હતા. રશિયાનું કોસમોસ ૨૫૪૨ નામનું આ સેટેલાઈટ નવેમ્બર ૨૦૧૯માં લોન્ચ કરવામાં આવ્યું હતું. કોસમોસ ૨૫૪૨ નામનું આ સેટેલાઈટ હાલ પોતાની જૂની કક્ષામાં પાછું ફરવા લાગ્યું છે.

# ઇસ્લામ ધર્મ અને જુથબંદી (ફીરકા પરસ્તી)

ભાગ-૨



**ઇસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

સાંપ્રદાયિક વિભાજનના ઉદાહરણ તરીકે અત્યારે ઇસ્લામ ધર્મમાં અનેક જુથો બની ગયેલ છે તેમાં જગતમાં છવાયેલ ચાર મુખ્ય જુથો છે,જે હનફી, શાફઈ, હંબલી તથા માલિકી તરીકે ઓળખાય છે. તે ઉપરાંત બીજા બે મુખ્ય જુથો (કે પેટા જુથો) સુન્ની તથા શીયા તરીકે ઓળખાય છે.

ઉપર બતાવેલા જુદા જુદા સાંપ્રદાયિક વલણ ધરાવતા જુથો ઇસ્લામ ધર્મના પાંચ મુળભૂત સિધ્ધાંતો (અરકાન)માં તો સંપૂર્ણ અને એક જેવી જ અતુટ શ્રધ્ધા ધરાવે છે, પણ આ સિધ્ધાંતોના પરિપાલન (અમલીકરણ) માટેની ધાર્મિક વિધિઓમાં એક બીજા જુથ સાથે થોડો મતભેદ ધરાવે છે.

તે ઉપરાંત બીજા પણ અસંખ્ય પેટા જુથો (પેટા વિભાગ તરીકે) પણ ધર્મના ભાગલા પાડવાના હેતુથી બની ગયેલ છે, જેના ઉદાહરણ રૂપે આ જુથો છે. દેવબંદી, બરેલવી, એહલે સુન્નત, એહલે હદીસ, ઝીકરી, પરવેઝી, ગોહરશાહી વગેરે વગેરે.

આ સર્વે પ્રકારની સાંપ્રદાયિક વલણ ધરાવતી જુથબંધીઓ ઇસ્લામ ધર્મની માન્યતા તથા તેના મુળભૂત સિધ્ધાંતોથી તદ્દન વિરુધ્ધ છે. ખરી રીતે જોતાં આવા પ્રકારની જુથબંદીઓથી મુસ્લિમો વેરવીખેર થઈ ગયા છે અને તેથી એકતા નથી સાધી શકતા, મુસ્લિમોના વેરવિખેર ન થવા વિષે કુરાન મજીદમાં આ પ્રમાણે એક શ્લોક છે :

"અને તમે સર્વે ભેગા મળીને પાલનહાર અલ્લાહની રસ્સી (કુરાન મજીદ)ને શક્તિની સાથે (મજબુતીથી) પકડી રાખો અને વેરવીખેર ન થઈ જાવ." (પ્રકરણ ૩, શ્લોક ૧૦૩)

સત્ય તો એ છે કે આ સાંપ્રદાયિક વલણ ધરાવતી જુથબંદીઓ (ફીરકા-પરસ્તી- મસ્લક બંદી)નું કારણ એ છે કે મુસલમાનો અત્યારે પાલનહાર અલ્લાહના પવિત્ર ધર્મશાસ્ત્ર કુરાન મજીદના સંદેશ એટલે કે આદેશને ભુલી ગયેલ છે. બીજા શબ્દોમાં એ કહી શકાય કે તેઓએ કુરાન મજીદને છોડી દીધેલ છે. આ વિષે કુરાન મજીદના એક શ્લોકમાં આ પ્રમાણે કહેવામાં આવેલ છે :

"અને પયગંબર કહેશે કે એ મારા પાલનહાર, મારી જ્ઞાતિ(કોમે) એ આ કુરાન ને છોડી દીધેલુ હતું" (પ્રકરણ ૨૫, શ્લોક ૩૦)

ઉપરના કુરાન મજીદના શ્લોક અનુસાર અત્યારે એ જોવા મળે છે કે મુસલમાનો એ કુરાન મજીદને લગભગ ભુલાવી દીધેલ છે એટલે કે છોડી દીધેલ છે. આ વિષે અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ)નું એક કથન(હદીસ) આ પ્રમાણે છે :-

"એક સમય એવો આવશે, જ્યારે મુસલમાનોને હલકા પાડવામાં આવશે તથા તેમની માનહાનિ કરવામાં આવશે તથા તેમની રિબામણી થશે." પયગંબર સાહેબ (સ.અ.વ.)ના સાથીઓએ પુછયું કે, "શું તે સમયે મુસલમાનોની સંખ્યા ઓછી હશે?" તેમણે જવાબ આપ્યો કે, "નહિ, તેમની સંખ્યા તો ઘણી વધારે હશે, પણ તેઓ ભટકી ગયા હશે એટલે કે પાલનહાર અલ્લાહની રસ્સી (કુરાન મજીદ)ને છોડી દીધેલ હશે (ભુલાવી દીધેલ હશે)."

(હદીસ પુસ્તક "બુખારી" - વૃતાંત (રીવાયત) હઝરત ઉસમાન બીન અફફાન (ર.અ.)

હવે પાછો પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે કુરાન મજીદમાં સાંપ્રદાયિક વલણ ધરાવતી જુથબંધી (ફીરકા પરસ્તી- મસલક બંદી) ન કરવા વિષે તથા મુસલમાનોના વેરવીખેર ન થવા વિષે તથા સર્વે ભેગા મળીને કુરાન મજીદના આદેશોને વળગી રહેવા માટેના ચોખા આદેશો આપવામાં આવેલ હોવા છતાં મુસલમાનો શા માટે ધર્મના ટુકડા કરીને જુથો તથા પેટા જુથોમાં વહેંચાઈ ગયા છે ? અને શા માટે અત્યારે ૨૦૦ થી વધુ જુથો અને પેટા જુથોમાં વહેંચાઈ ગયા છે ? આનું કારણ દેખીતું જ છે, અને કારણ એ છે કે મુસલમાનો અત્યારે પાલનહાર અલ્લાહના પવિત્ર ધર્મશાસ્ત્ર કુરાન મજીદને છોડી દીધેલ છે એટલે કે તેના આદેશોને ભુલી ગયેલ છે.

આ સત્યનો સૌથી મોટો પુરાવો એ છે કે ઇસ્લામ ધર્મના ટુકડા કરવા, મુસલમાનોનું વેરવીખેર થઈ જવું તથા ધર્મશાસ્ત્ર કુરાન મજીદને છોડી દેવું એ વિષે કુરાન મજીદમાં પહેલેથી જ તેના વિષે ભવિષ્યવાણી કરી દેવામાં આવેલ છે, જે વિષે કુરાન મજીદના બોધવચનો ઉપર લખાય ગયેલ છે. તે ઉપરાંત અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)ના કથનો (હદીસો)માં પણ એ વિષેની ભવિષ્યવાણી જોવા મળે છે. આ વાત આજે ૧,૪૦૦ વર્ષ પછી પણ સત્ય તરીકે આગળ આવી રહી છે.

ધર્મના ટુકડા કરવા વિષે તથા ધર્મશાસ્ત્ર કુરાન મજીદને છોડી દેવા વિષે પાકિસ્તાનના એક મહાન કવિ એટલે કે "પૂર્વના કવિ" (શાયરે મશરીક) ડોક્ટર મોહંમદ ઇકબાલની ઉર્દુમાં લખેલી ત્રણ કંડિકાઓમાં પણ આજ સંદેશો જોવા મળે છે. આ કંડિકાઓ આ પ્રમાણે છે :

"ફીરકાબંદી હે કહીં ઓર કહીં ઝાતે હેં,
ક્યા ઝમાને મેં પનપને કી યેહી બાતે હેં?"

(ગુજરાતી ભાષાંતર : ક્યાંક જુથબંદી (ફીરકા પરસ્તી) છે અને ક્યાંક જ્ઞાતિ અને જાતની વાતો છે, શું જમાનામાં માનવીની સફળતાની આ જ વાતો છે ?)

"વોહ ઝમાને મેં મોઅઝઝીઝ થે
મુસલમાન હોકર,
ઓર તુમ ખુવાર હુવે તારકે કુરઆન હો
કર."

(ગુજરાતી ભાષાંતર : પહેલાના સમયમાં તેઓ મુસલમાન થઈને માન મરતબા વાળા થયા, અને તમે કુરાન મજીદને છોડી (ભુલાવી)ને બેહાલ (ખુવાર-વેરવીખેર) થયા.")

"ન જાગોગે તો મીટ જાઓગે એ ગાફીલ
મુસલમાનો,
તુમ્હારી દાસ્તાં તક ન હોગી દાસ્તાનો મેં."

(ગુજરાતી ભાષાંતર : એ મુસલમાનો, જો તમે નિદ્રા માંથી નહિ જાગો તો તમારો નાશ થઈ જશે, અને કહાણીઓમાં તમારી કહાણી સુધ્ધાં નહિ હોય.")

ઉપસંહાર એ કે અત્યારના સમયમાં જે સાંપ્રદાયિક વિભાજન કરીને જે જુથબંદીઓ (ફીરકા પરસ્તી- મસલક બંદી) કરવામાં આવેલ છે, તે કુરાન મજીદના આદેશો તથા પયગંબર સાહેબ (સ.અ.વ.)ના કથનો (હદીસો)થી તદ્દન વિરુદ્ધ છે અને ઇસ્લામ ધર્મમાં તે માટે કોઈ સ્થાન નથી. શ્રધ્ધાળુઓ (મોમીનો) એ પોતાને કેવળ ઇસ્લામ ધર્મના અનુયાયીઓ તરીકે મોમીન કે મુસલમાન તરીકે પોતાને ઓળખાવવા જોઈએ. અલબત્ત દેશ, પ્રદેશ, વિસ્તાર, જ્ઞાતિ, જાત વગેરેની જુથબંદીઓ કેવળ શ્રદ્ધાળુઓને તથા તેમના જુથોને ઓળખવા માટે છે, જેને ધર્મનું વિભાજન ન કહી શકાય. (સમાપ્ત)



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**તા.૦૭-૦૨-૨૦૨૦ થી તા. ૧૩-૦૨-૨૦૨૦**

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી–૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત–૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



## મેષ (અ,લ,ઈ)

આ સપ્તાહમાં નફાકારક સંજાગો સર્જાતા લાભ માટેની અનુકૂળ તકો મળી રહેશે. યાત્રા પ્રવાસથી ભાગ્યોદય થાય. પોતાની બુધ્ધિમત્તા, આવડત, પ્રતિભાથી અનેકોને પ્રભાવિત કરી શકશો. માનસિક શારિરીક સ્વસ્થતા જળવાઇ રહેશે. મિલ્કત અંગેના ગૂંચવાયેલા પ્રશ્નોનો ઉકેલ મેળવી શકશો. દામ્પત્ય જીવનમાં સ્નેહમય વાતાવરણ રહે. મોજશોખ પાછળ હરવા–ફરવામાં મન વધુ ચંચળ બનશે. મહેનત પ્રમાણેનુ ફળ મળશે જે સ્વીકારી લેશો તો તેટલા વધુ પ્રમાણમાં તમે મહેનત કરવા પ્રેરાશો.



## વૃષભ (બ,વ,ઉ)

સપ્તાહના શુરુઆતમાં વડીલ વ્યકિતના આરોગ્યની ચિંતા રહેશે. માતા–પિતા સાથે કયારેક વૈચારિક મતભેદ રહે ત્યારે મનોબળ જાળવી રાખવું.કૌટુંબિક વ્યવહારિક કામકાજમાં કોઇના દોરવાયા દોરવાઇ જવુ નહીં. નોકરી ધંધામાં આ સપ્તાહ શાંતિથી પસાર કરવુ. અશાંતિમય વાતાવરણમાંથી માર્ગ મેળવવાનુ કઠણ બને. જાહેર સામાજિક ક્ષેત્રે ઉતાવળીયા નિર્ણયો કરવા નહીં. વધુ પડતો શ્રમ આ સપ્તાહમાં કરવો પડે. સંબંધીને મિત્ર વર્ગને મળવાથી જે શાંતિ મળવી જાઇએ તે શાંતિ મળે નહીં.



## મિથુન (ક,છ,ઘ)

આપના આ સપ્તાહ ચિંતાના કારણો દૂર થાય. સંતાનની પ્રગતિથી હર્ષ થાય. ધંધાના કામકાજ સરળતાવાળા રહેશે. સામાજિક પ્રસંગોમાં હાજરી આપવાથી મનને વધુ પ્રસન્ન રાખી શકશો. બહારગામથી શુભ સમાચાર મળે. આત્મવિશ્વાસ સાથે અનેક કાર્યો ઝડપભેર પતાવી શકશો. દરેક કામ શાંતિથી પતાવી શકશો.ભાઇ–ભાડુઓ અને સનેહીજનો સાથે બગડેલા સંબંધો મધુર બને. શરદી, ખાંસી જેવા રોગો બાબતે નાની સરખી ફરિયાદ રહી શકે. વેપાર ધંધામાં નવી તકો મળી રહેશે.



## કર્ક (ડ,હ)

આપના આ સપ્તાહમાં નવા સાહસ બાબતે ઉતાવળીયા નિર્ણયો કરવા નહીં. ઘરમાં આધુનિકરણ કરી શકશો. કીર્તિ અને માનપ્રતિષ્ઠામાં વધારો થાય. અભ્યાસમાં પ્રગતિમય વાતાવરણ જળવાઇ રહેશે. સુંદર મિલ્કતની ખરીદી કરી શકશો. બદલીમાં પ્રગતિ થાય. સંતાન માટેના નવા આયોજનનુ નિર્માણ પૂર્ણ થાય. નેતાગીરીના ક્ષેત્રે મહત્વની તકો મળે. ઘરમાં શુભ માંગલિક પ્રસંગો ઉજવવાથી મન પ્રસન્ન રહેશે. સમાજમાં, લોકોમાં માન–સન્માન મળે. વડીલ વ્યકિતનો સાથ–સહકાર મળી રહેશે.



## સિંહ (મ,ટ)

આપના આ સપ્તાહમાં સંતાનની પ્રગતિથી હર્ષ થાય. વાંચન લેખન પ્રત્યે રુચિ વધે. ઇત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લઇ શકશો. નાણાંકીય લેવડ–દેવડમાં સ્પષ્ટ રહેવુ. સ્વભાવે વધુ વ્યવહારકુશળ અને સ્પષ્ટવકતા બનશો. વ્યવસાયલક્ષી આયોજનનુ વિસ્તૃતી કરણ કરી શકશો. દામ્પત્ય જીવનમાં સર્જાયેલા મતભેદને દૂર કરી શકશો. નવા વાહન અને નવા મકાનની શુભ ખરીદી કરી શકશો. પરિવારમાં આનંદાયક પ્રસંગો સર્જાય. આ સપ્તાહમાં આનંદ ઉત્સાહમાં વધારો થાય.



## કન્યા (પ,ઠ,ણ)

આપના આ સપ્તાહમાં કાર્યક્ષેત્રે કોઇની અંગત જવાબદારીમાં પડવુ નહીં. તેમજ કોઇના લવાદ કે જામીન બનવુ નહી. સરળ કાર્યોમાં પણ કયારેક વધુ મહેનત કરવી પડે.સ્વજનોથી વધુ અપેક્ષા રાખવી હિતાવહ નથી. આ સપ્તાહમાં તમે હરો, ફરો પણ તમારુ મન બેચેની અને વ્યાકુળતા અનુભવશો. જેથી કરીને સમય શાંતિથી પસાર કરવો. આ સપ્તાહમાં ખર્ચનુ પ્રમાણ વધુ રહે જેથી આર્થિક પ્રગતિ બાબતે ચિંતા રહે. કૌટુંબિક બાબતોના લીધે મન થોડું અશાંત રહેશે.



## તુલા (ર,ત)

આપના આ સપ્તાહમાં આનંદ ઉત્સાહમાં વધારો થાય. ભાગીદારીના ધંધામાં નજીવી બાબતે ચડભડ થાય. અગાઉના અધૂરા રહેલા કાર્યો સરળતાથી પાર પાડી શકશો. દક્ષિણ દિશામાંથી શુભ સમાચાર મળે. મકાન –જમીનના કામકાજ પૂર્ણ કરી શકશો. કાર્યક્ષેત્રે નોન્ધ્ધપાત્ર પ્રગતિ થઇ શકશે. પરિવારમાં સ્નેહનો અભાવ વર્તાય. જૂની ઉઘરાણી મેળવવામાં રાહત જણાય. પરોપકારના કાર્યો અર્થે ટુકી મુસાફરી લાભદાયી બને. ઘરને સુરક્ષિત અને સ્વચ્છ બનાવવા મનને પ્રોત્સાહિત કરી શકશો.



## વૃશ્ચિક (ન,ય)

આપના આ સપ્તાહમાં સામાજિક કાર્યોમાં સફળતા મળે. નવીન કાર્યરચનાથી મન પ્રસન્ન રહેશે. ધંધાવિષયક બાબતોને લઇને પત્ની, સંતાન સાથે વૈચારિક મતભેદની સ્થિતિ રહે. આ સપ્તાહમાં આરોગ્ય બાબતે બેદરકારી રાખવી નહીં. હિસાબી ગુંચવણમાંથી માર્ગ મળી રહેશે. આયોજનબધ્ધ કરેલા કાર્યોમાં ધારેલી સફળતા મેળવી શકશો. લાંબા સમયથી અધૂરા રહેલા કાર્યોને પરિપૂર્ણ કરી શકશો. વિદેશ સ્થિત મિત્રોથી લાભ થાય. વડીલ વ્યકિતના સલાહ–સૂચનો લાભદાયી બની રહેશે.



## ધન (ધ,ભ,ફ,ઢ)

આપના આ સપ્તાહમાં જે કામ માટે તમો તત્પર રહેશો તે કામ પતાવવાની વૃત્તિ સતેજ બને. બીજાનુ હિત કરવામાં તમારુ મન વધુ ચંચળ બનશે. હરિફો, પ્રતિસ્પર્ધીઓ પર વિજય મેળવી શકશો. સગા સંબંધીઓ સાથેના સંબંધોમાં મધુરતા વધે. મૂડીરોકાણ બાબતે અનુકકૂળ યોગો બને છે. પરિવારમાં સ્નેહ અને સુમેળભર્યું વાતાવરણ જળવાઇ રહેશે. મિત્રોનો સહકાર મળી રહેશે. મનોબળ મકકમ બનતાં અનેકોના કામ સરળતાથી પતાવી શકશો.



## મકર (ખ,જ)

આપના આ સપ્તાહમાં સ્વભાવમાં દ્રઢતા અને ભીરુતા આવશે. સ્નેહી મિત્રોની સંખ્યામાં વધારો થાય. જીવનજરુરિયાતની વસ્તુઓની ખરીદી કરી શકશો. માનસિક શાંતિનુ વાતાવરણ મળી રહેશે. બૌધ્ધિક ક્ષેત્રે સારી સફળતા મળી રહેશે. દામ્પત્ય જીવનમાં ઉત્સાહ અને લાગણીનુ વાતાવરણ જળવાઇ રહેશે. પરિવારમાં શુભ પ્રસંગોથી આનંદમાં વધારો થાય. ભાઇ–બહેન સાથેના સંબંધોમાં વૈચારિક મતભેદ રહે. નોકરીયાત વર્ગ માટે સમય અનુકકૂળ છે. વિદ્યાર્થીઓને વધુ મહેનત કરવી પડે.



## કુંભ (ગ,સ,શ,ષ)

આપના આ સપ્તાહમાં વ્યવહારમાં નમ્રતા રાખવાથી અનેક કાર્યો આપમેળે ઉકેલાઇ જશે. તમારા સારા કાર્યોથી સંબંધોમાં સુધારો થાય. કાર્યક્ષેત્રે સફળતાનુ પ્રમાણ જળવાઇ રહેશે. માનસિક શાતિનુ વાતાવરણ જળવાઇ રહેશે. આનંદ ઉત્સાહમાં વધારો થાય. મહેનતના પ્રમાણમાં ઇચ્છિત ફળ પ્રાપ્ત કરી શકશો. નોકરીયાત વર્ગને બઢતી સાથે બદલીનો પ્રસ્તાવ મળે. ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યોમાં રુચિ વધે. સંશોધનાત્મક અભિગમ વધતાં અનેક કાર્યો પૂરા કરી શકશો.



## મીન (દ,ચ,ઝ,થ)

આપના આ સપ્તાહમાં સ્થાવર મિલ્કત સંબંધી વિવાદમાં હવે સમાધાન માટે અનુકકૂળ સંજાગો સર્જાય. સહકાર્યકર્તાઓ સાથે વધુ પડતી નિખાલસ ચર્ચાઓ હાનિકર્તા બને. ઉપરી અધિકારીઓનો સહકાર મળી રહેશે. કાર્યક્ષેત્રે સફળતાનુ પ્રમાણ જળવાઇ રહેશે. દામ્પત્ય જીવનમાં અલ્પ વૈચારિક મતભેદ રહેવા છતાં લાગણી જળવાઇ રહેશે. આર્થિક પ્રગતિ જળવાઇ રહેશે. આ સપ્તાહમાં વડીલો સાથે વૈચારિક મતભેદની સ્થિતિ ન સર્જાય તે બાબતે કાળજી રાખવી.

# પન્ના, માણિક્ય રત્ન સાચું છે કે ખોટુ જાણવા અપનાવો આ પ્રયોગ



## પન્ના રત્ન

**પન્ના રત્નનાં તથ્યો :** આ રત્ન સાચું છે કે નહીં તે ઓળખ કરવા માટે તેને લાકડા ઉપર ઘસી જુઓ, જો લાકડા ઉપર ઘસવાથી તેની ચમક વધી જાય તો સમજવું કે તે સાચું રત્ન છે. આ રત્ન ખૂબ જ મુલાયમ ઘાસ જેવું હોય છે, જેમાં પાણીનું ટીપું પડે તો તે એવું ને એવું જ રહે છે.

**કોણે ધારણ કરવું :** મિથુન અને કન્યા રાશિના જાતકોએ આ રત્ન ધારણ કરવું જોઈએ. તેમના માટે તે લાભદાયી છે.

**ફાયદા :** ગુસ્સા ઉપર કાબૂ કરવા માટે તેમજ ચંચળ મનને એકાગ્ર કરવા માટે આ રત્ન ધારણ કરવામાં આવે છે. આ રત્ન ધારણ કરવાથી યાદશક્તિ પણ મજબૂત બને છે. આ રત્ન વિદ્યાર્થીઓ માટે ખૂબ લાભદાયી છે.

**સ્વાસ્થ્ય :** એવું માનવામાં આવે છે કે આ રત્ન દમના દરદીઓ અને ગર્ભવતી મહિલાઓ માટે પણ લાભદાયી માનવામાં આવે છે. વાઈના દરદીઓ માટે પણ આ રત્ન લાભદાયી માનવામાં આવે છે.

**પન્ના ક્યારે ધારણ કરવું? :** જ્યોતિષીઓ માને છે કે આ રત્ન બુધવારને દિવસે ધારણ કરવું જોઈએ. આ રત્નમાં તેનું વજન ખૂબ મહત્ત્વનું હોય છે. કેટલા કેરેટનું રત્ન ધારણ કરવું તે તમારે તમારી કુંડળીમાં જોઈને તમારા ગ્રહની સ્થિતિ અનુસાર નક્કી કરવું જોઈએ.

**પન્નાનું ઉપરત્ન :** આ રત્ન ખૂબ જ કીમતી હોવાનું માનવામાં આવે છે. તે ન હોય તો તેના બદલે તેનું ઉપરત્ન ફિરોઝા ધારણ કરવું જોઈએ.

## માણિક્ય રત્ન

માણિક્ય રત્ન, મતલબ કે રૂબીને ઘણું જ મૂલ્યવાન રત્ન માનવામાં આવે છે. આ રત્નને ચુન્ની અને લાલ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ રત્ન લાલ રંગનું હોવાને કારણે તેનું બીજું નામ લાલ પણ પ્રચલિત છે. આ રત્નની ખાસિયત એ છે કે તેને ધારણ કરવાથી સૂર્ય ગ્રહની પીડા જાતકને સતાવતી હોય તો તે પીડામાંથી છુટકારો મળે છે.

**માણિક્ય વિશેનાં અમુક તથ્ય :** આ રત્ન વિશે કહેવામાં આવે છે કે તેને ધારણ કરેલા જાતક સાથે કોઈ ખરાબ ઘટના બનવાની હોય તો આ રત્નનો રંગ બદલાઈ જાય છે. જે ઝાંખો પડી જાય છે. જેથી જાતકને પહેલેથી જ આ ઘટનાની જાણ થઈ જતાં તે ચેતી જાય છે.

**માણિક્ય રત્નની રાશિ :** સિંહ રાશિના જાતકો માટે આ રત્ન ધારણ કરવું અત્યંત લાભદાયક બની રહે છે.

**ફાયદા :** જે જાતકની કુંડળીમાં સૂર્ય નબળો હોય અને તે કારણે તેમને પીડાનો સામનો કરવો પડતો હોય તો તેમને આ રત્ન ધારણ કરવાની સલાહ આપવામાં આવે છે. આને ધારણ કરવાથી માણસ બદનામીથી બચી જાય છે.

**સ્વાસ્થ્ય :** આ રત્ન નેત્ર સંબંધિત બીમારી અને હ્યદય સંબંધિત બીમારીમાં લાભદાયી બની રહે છે. જેને માથાનો દુખાવો અતિશય રહેતો હોય તે જાતકોને પણ આ રત્ન લાભ કરે છે. અલબત્ત, તે જાતક સિંહ રાશિનો હોવો જરૂરી છે.

**કઈ રીતે કરશો ધારણ? :** જ્યોતિષ શાસ્ત્રાનુસાર આ રત્નને રવિવારે સૂર્ય મંત્રનો જાપ કરીને ધારણ કરવો. જો માણિક્ય ન મળે તો ઘણા જ્યોતિષ આ રત્નના બદલામાં લાલ ગાર્નેટ રત્ન પણ ધારણ કરવાની સલાહ આપતાં હોય છે.

# ખુબ જ ગુસ્સો આવતો હોય તો મન શાંત કરવા કરો આ ઉપાય

ફૂલને ખૂબ પવિત્ર અને શુભ માનવામાં આવ્યાં છે. જેમ આપણને પણ સુંદર, રંગબેરંગી, દેખાવડાં અને સુગંધી ફૂલો ગમે છે તેમ ભગવાનને પણ ફૂલો અતિશય પ્રિય છે. જેમ આપણે સુંદર ફૂલોને જોઈને તેને તોડવા માટે, તેને આપણા માથાની શોભા વધારવા માટે માથામાં લગાવીએ. શાસ્ત્રોમાં પણ ફૂલોનું અનોખું મહત્ત્વ આલેખવામાં આવ્યું છે.

સારા અને માઠા બંને પ્રસંગે આપણે ફૂલનો ઉપયોગ કરીએ છીએ. સારા પ્રસંગે યજ્ઞા કે પૂજામાં ભગવાનને ફૂલ ચઢાવવામાં આવે છે, જ્યારે કોઈ ગુજરી ગયું હોય ત્યારે તેના શરીરને ફૂલ અર્પણ કરીને તેને પગે લાગવામાં આવે છે. આપણે ઘરમાં નાની કે મોટી કોઈપણ પૂજા રાખીએ તો તે પૂજા ફૂલ વગર ક્યારેય પૂરી નથી થતી. દરેક પૂજાપાની થાળીમાં તેની જગ્યા વિશેષ માનવામાં આવે છે.

ફૂલને આપણી શ્રદ્ધા અને ભાવનાનું પ્રતીક માનવામાં આવે છે. વાસ્તુમાં કહેવાયું છે કે જો ખરાબ મૂડ હોય, મન વિચલિત હોય, માનસિક અશાંતિ લાગતી હોય તો ફૂલને આપણી પાસે રાખવાથી તમને બેચેનીથી આરામ મળશે. કહેવાય છે કે તેના અલગ રંગ અને અલગ સુગંધ માણસમાં અલગઅલગ અસર ઉત્પન્ન કરે છે.

ભગવાનની પૂજામાં પણ તેમને મનગમતાં ફૂલો અર્પણ કરવામાં આવે તો તેનાથી ચોક્કસ લાભ થશે અને તમારી મનોકામના પણ પૂર્ણ થશે. વૃક્ષશાસ્ત્રમાં એવું કહેવાયું છે કે દરેક મનોકામના માટે અમુક ફૂલો હોય છે, તે જ રીતે દરેક ભગવાનનાં પણ અમુક મનગમતાં ફૂલો હોય છે તે તેમને અર્પણ કરવાથી તમારા મનની મુરાદ ચોક્કસ પૂરી થશે.



સંતાનની બીમારીની ચિંતા હોય, સંતાનની પ્રગતિ ન થતી હોય એવા સંજોગોમાં જો તમે ભગવાન શ્રી વિષ્ણુને નિયમિત પીળાં ગલગોટાનાં ફૂલની માળા ચડાવવાથી આ વ્યાધિ-ઉપાધિમાંથી ચોક્કસ તમને મુક્તિ મળી જશે. તમે તમારા સંતાનને પણ ભગવાન વિષ્ણુને દરરોજ એક માળા ચઢાવવાનું કહી શકો છો. આમ કરવાથી તેમના પણ દરેક સ્વપ્ર પૂરાં થશે.

આર્થિક સ્થિતિ સારી ન હોય, લક્ષ્મીનો વાસ ઘરમાં ન રહેતો હોય અને ઘણાં લોકોને સારી કમાણી હોય તો પણ લક્ષ્મીનો અતિશય વ્યય થતો હોય, કોઈપણ જાતનું રોકાણ કે બચત ન થતી હોય, કારણ વગરના ખર્ચ થયા કરતા હોય ત્યારે ગુલાબના ફૂલને જો રોજ લક્ષ્મીજીને અર્પિત કરવામાં આવે તો લક્ષ્મી તમારા ઘરમાંથી ક્યારેય બહાર પગ નથી મૂકતી. ખોટો પૈસાનો વ્યય નથી થતો. તમે ચાહો તો તિજોરીમાં પણ લક્ષ્મીજીની મૂર્તિ રાખીને રોજે તેમાં એક ગુલાબનું ફૂલ મૂકો.

## જાણવા જેવું

### પશ્ચિમ બંગાળના એક ગામમાં લગ્ન પહેલાં યુવતીએ મા બનવું પડે છે



દરેક દેશ અને દરેક ધર્મમાં લગ્નની અલગ અલગ પરંપરા હોય છે પરંતુ શું તમે ક્યારે એવું સાંભળ્યું છે કે લગ્ન પહેલાં યુવતીએ મા બનવું પડે છે. જી હા, આ વાત બિલકુલ સાચી છે. આ પરંપરા વિદેશમાં નહીં પરંતુ આપણા દેશમાં છે. આ પરંપરા પશ્ચિમ બંગાળમાં આવેલા જલપાઈગુડી જિલ્લા આવેલો ટોટોપડા કસ્બામાં છે. જ્યાં લગ્ન પહેલાં યુવતીએ મા બનવું પડે છે. આ વિસ્તારમાં ટોટો નામની એક આદિવાસી વસ્તી ઘણા સમયથી રહે છે. આદિવાસી સમુહમાં યુવક પહેલાં પોતાને ગમતી યુવતીને ભગાડીને લઈ જાય છે અને તેની સાથે સહવાસ કરે છે. ત્યાર બાદ જ્યારે યુવતી ગર્ભ ધારણ કરતા તેના પરિવારના લોકો તેને લગ્નના બંધનમાં બાંધી છે. આ સમાજમાં ફક્ત લગ્નનો જ નહીં, પરંતુ તલાકનો પણ આવો વિચિત્ર નિયમ છે. જો ઉપરોક્ત રીતિથી લગ્ન કર્યા બાદ કોઈ યુવતી કે યુવક તલાક આપવા માંગે તો તેણે એક ખાસ પૂજા કરાવવી પડે છે જેમાં ખુબ ખર્ચ આવે છે. આ ખર્ચના કારણે આ સમાજમાં તલાક લેવાના બનાવો જોવા મળતા નથી.

### ઈટલીની અવકાશયાત્રીએ અવકાશમાં બનાવ્યા પાંચ ચોકલેટ ચિપ્સ કુકીઝ



ઈટલીની અવકાશયાત્રી લુસા પરમિતાનોએ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં ચોકલેટ ચિપ્સ કુકીઝ બનાવ્યા હતા. ઝીરો ગ્રેવિટીમાં કામ કરતા સ્પેશિયલ આઈએસએસ અવનમાં લુસાએ ખાદ્યપદાર્થો બનાવ્યા હતા. હિલ્ટન હોટેલે આપેલા રો ફૂડ મટીરિયલમાં બિસ્કિટ અને કુકીઝ માટે મસાલો ભેળવેલા લોટના લુવા પણ હતા. એ લુવાને બેક કરીને પાંચ કુકીઝ બનાવી હતી. અવકાશમાં રાંધવાના આ પ્રથમ પ્રયોગમાં બેકિંગ માટે ધરતી પર લાગતા સમય કરતાં બે કલાક વધારે લાગ્યા હતા. એ કુકીઝને ધરતી પર મોકલવામાં આવી છે. હાલમાંએ કુકીઝ હ્યુસ્ટનની ફ્રોઝન લેબોરેટરીમાં સ્પેસએક્સ કેપ્સ્યુલ રૂપે પર્સનલ બેકિંગ પાઉચમાં રાખવામાં આવી છે. પહેલી કુકી બેક કરવામાં પસીચ મિનિટ લાગી હતી. ૩૦૦ ફેરનહિટ ગરમીમાં એ કુકીને બેક કરવામાં આવી હતી. પરંતુ એ બરાબર શેકાઈ નહોતી. બીજી અને ત્રીજી કુકી બનાવવામાં બમણો સમય લીધો છતાં પરફેક્ટ બેકિંગ થુયં નહોતું. એ ત્રણની સરખામણીમાં ચોથી અને પાંચમી કુકી સારી રીતે શેકાઈ હતી. એકંદરે એ કામમાં બે કલાક લાગ્યા હતા.

### ૩૩૦ ફુટ લાંબો અને ૯૦ કિલોનો પિત્ઝા



ઓસ્ટ્રેલિયાના સિડનીમાં એક ભાઈ-બહેનની જોડીએ ચાર કરલાની મેનત બાદ ફાયરફાઈટર્સ માટે ભંડોળ એકત્ર કરવા માટે ૩૩૮ ફુટ લાંબો અને ૯૦ કિલો વજનનો પિત્ઝા બનાવ્યો હતો. પિત્ઝા બનાવવા માટે બે કન્વેયર વાનનો ઉપયોગ કર્યો હતો. પિત્ઝાનો ફોટો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. ફાયરફાઈટર્સ માટે પૈસા એકત્ર કરવા માટે તૈયાર કરાયેલા આ પિત્ઝાની ૪૦૦૦ સ્લાઈસ કરી લોકોને ખવડાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે લગભગ ૩૦૦૦ લોકો એકઠા થયા હતા અને ન્યૂ સાઉથ વેલ્સ રૂરલ ફાયર સર્વિ સમાટે રૂપિયા દાન આપ્યા હતા.

## દવા વગર સુગર નિયંત્રિત રાખવા માટે કરો આ ઉપાય



આજકાલ ડાયાબિટીસની બિમારી ખૂબ ઝડપથી ફેલાઈ રહી છે. જેથી લાઈફ સ્ટાઈલમાં સુધારો કરીને તથા સ્વસ્થ આહાર લઈને ડાયાબિટીસને નિયંત્રિત કરી શકાય છે. આ બિમારીમાં લોહીમાં શુગરનું પ્રમાણ વધી જાય છે. જેના કારણે શરીરની ઈન્સ્યુલિન ઉત્પાદન શક્તિ પ્રભાવિત થાય છે. જોકે બ્લડ શુગરને નિયંત્રિત રાખવા માટે ઘણા ઉપચાર ઉપલબ્ધ છે. જેના માટે ઘણાં એવા ઘરેલું ઉપચાર પણ ઉપલબ્ધ છે. બ્લડ શુગરને નિયંત્રિત રાખવા માટે ઘરેલું ઉપચાર જણાવીશું જેના દ્વારા તમે ડાયાબિટીસની સાથે પણ એક સ્વસ્થ જીવન જીવી શકો છો. ટ્રાન્સ ચરબી શરીરમાં પ્રોટીનને ગ્રહણ કરવાની ક્ષમતાને ઓછી કરે છે. જેના કારણથી શરીરમાં ઈન્સ્યુલિનમાં ઘટાડો થાય છે અને આપણા શરીરમાં બ્લડ શુગર લેવલ વધી જાય છે.

– જો તમે તમારા બ્લડ શુગરને નિયંત્રિત કરવા માંગો છો તો સફેદ ચોખા, પાસ્તા, પોપકોર્ન, રાઈસ પફ દૂર રહો. ડાયાબિટીસ દરમિયાન શરીર કાર્બોહાઈડ્રેટ્સને પચાવી શકતા નથી. જેના કારણથી શુગર તમારા શરીરમાં ઝડપથી જમા થવા લાગે છે.

– ફાઈબર યુક્ત આહાર બ્લડ શુગરને કંટ્રોલ કરે છે. અવશોષિત ફાઈબર બ્લડમાં શુગરને વધારે પ્રમાણમાં એબ્જોર્બ કરી લે છે અને ઈન્સ્યુલિનને નોર્મલ કરીને ડાયાબિટીસને નિયંત્રિત કરે છે. હંમેશા વ્યાયામ કરવું ખૂબ જરૂરી છે. તેમજ યોગ પ્રાણાયામનો નિયમિત અભ્યાસ કરવો, સવારે અને સાંજે ચાલવાથી ડાયાબિટીસની બિમારીને શુગર કંટ્રોલ કરવા માટે ખૂબ ફાયદાકારક છે. તેમજ સ્થૂળતા નિયંત્રણમાં રહે છે. જે ડાયાબિટીસનું મહત્વપૂર્ણ કારણ છે. તાજા ફળ ખાવા જોઈએ. ફળમાં કુદરતી શુગર રહેલી છે. ફળ ખાવાથી તમે તમારા વિટામિન અને મિનરલ્સની ઉણપને પૂરી કરે છે અને સાથે જ ડાયાબિટીસને કંટ્રોલ કરવામાં તમારી મદદ કરે છે.

### બનાના સમોસા



સામગ્રીઃ ૨ કાચાં કેળાં, ૧ ચમચી જીરું, ૧/૨ ચમચી હળદર, ૧/૨ ચમચી આમચૂર પાઉડર, ૨ લીલાં મરચાં ઝીણા સમારેલા, મીઠું સ્વાદાનુસાર.

પડની સામગ્રી : ૧ ૧/૨ કપ મેંદો, ૨ ચમચા તેલ, મીઠું સ્વાદાનુસાર.

રીતઃ એક પેનમાં તેલ ગરમ કરીને જીરું શેકો. પછી લીલું મરચું, હળદર, આમચૂર પાઉડર, મીઠું અને બાફેલા કેળાં નાખીને શેકો. મેંદામાં તેલ અને મીઠું નાખીને લોટ બાંધો. પૂરી વણીને વચ્ચેથી બે ભાગ કરો. એક ભાગને કોનનો શેપ આપીને પૂરણ ભરો અને પાણીથી સીલ કરો. આજ રીતે બધા સમોસા બનાવો. સોનેરી થાય ત્યાં સુધી તળો અને ગરમાગરમ સમોસા ચટણી સાથે પીરસો.

### બનાના ઢોંસા



સામગ્રી : ૪ પાકાં કેળાં, ૬ ચમચા ખાંડ, ૨ ચમચા ચોખાનો લોટ, ૩ ચમચા મેંદો, ૧ ચમચી બેકિંગ પાઉડર, ૧/૨ કપ દૂધ. મિક્સરમાં બધી સામગ્રી બ્લેન્ડ કરો. તૈયાર ખીરાને તવા પર પાથરીને ઢોંસા બનાવો અને અને મધ સાથે પીરસો.

સામગ્રી (એગ લેસ માટે): ૩ પાકાં કેળાં, ૧/૪ કપ તેલ, ૧ ચમચી વેનિલા એસેન્સ, ૧ કપ ખાંડ, ૨ કપ મેંદો, ૧ ચમચી મીઠું, ૧ ચમચી બેકિંગ પાઉડર, ૧/૨ કપ કાપેલી બદામ.

રીત : કેળાંને મેશ કરો. તેમાં તેલ ખાંડ, વેનિલા એસેન્સ નાખીને ફીણો. મેંદો, મીઠું અને બેકિંગ પાઉડર ચાળીને કે કેળાંના મિશ્રણમાં ભેળવીને ફીણો. બદામ નાખીને ફીણો. બ્રેડના ટિનને ગ્રીસ કરો ૨૫-૩૦ મિનિટ કે પછી ટૂથપિકની બહાર નીકળે ત્યાં સુધી બેક કરો.

### ક્રોસવર્ડ




**આડી ચાવી :**

(૧) દશેરા (૬)
(૫) વૈદેહી, સીતા (૩)
(૭) કૃત્રિમ ઝેર (૨)
(૮) અશુભ (૩)
(૯) ખટ, છ (૨)
(૧૦) બગ, બગલો (૨)
(૧૨) વેણ, વાક્ય, પ્રતિજ્ઞા (૩)
(૧૪) ટેવ, મહાવરો (૩)
(૧૬) ડુક્કર, ભૂંડ (૩)
(૧૭) મૂળ, શક્યતા (૩)
(૨૦) પાડે એવું, પાપ (૩)
(૨૨) ધુમાડિયું (૨)
(૨૪) વેરો, હસ્ત (૨)
(૨૫) સુંદર રંગનું, સોનું (૩)
(૨૭) ઓછું, ખરાબ (૨)
(૩૧) ટાણું, તક, પ્રસંગ (૪)
(૩૨) જોખો, તોલાટ (૩)
(૩૩) હનુમાન (૪)
(૩૪) ચૌદમું નક્ષત્ર (૨)

**ઊભી ચાવી :**

(૧) રાવણનો રામભક્ત ભાઈ (૪)
(૨) યજ્ઞ, હવન (૨)
(૩) જ્યાં ત્યાં, ઠેર ઠેર (૫)
(૪) એક રાશિ, માછલું (૨)
(૫) યદુનો વંશજ (૩)
(૬) યશોગાન, વખાણ (૩)
(૧૧) કલમનો કાપ (૨)
(૧૩) ઘંટી, ઘાણી (૨)
(૧૪) આવવું તે, કમાણી (૩)
(૧૫) રાવણનો ઊંઘણશી ભાઈ (૪)
(૧૬) રૂ કાંતીને કાઢેલો તાર (૩)
(૧૮) વરરાજા, ઉત્તમ (૨)
(૧૯) નથની, વેસર (૨)
(૨૦) પવિત્ર, પ્રમાણિક (૨)
(૨૧) ..... વિના નર પશુ (૨)
(૨૩) પાકો બંદોબસ્ત (૨)
(૨૬) પરણવા લાયક (૪)
(૨૭) કળા, હુન્નર (૩)
(૨૮) વાવડ, રોગ (૩)
(૨૯) જન્મેલો, જણેલો (૨)
(૩૦) લક્ષ્મણની માતા (૩)
(૩૧) અરજ, વિનંતી (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૧૫

# ‘શૈલી’ નામની યુવતી સાથે એમને અનુરાગ હતો

તા. ૩જી ફેબ્રુઆરી હૉસ્પિટલની લૉબીમાં દોડતી એક નર્સ સીધી સુપરિન્ટેન્ડેન્ટની ચેમ્બરમાં ધસી ગઈ.

ડૉ. મિસ વિશાખા એમના કાર્યમાં ખૂબ જ મગ્ન હતાં. નર્સનો અવિવેક જોઈ ઠપકાભરી નજરે એમણે ઊંચે જોયું.

‘એક ઇમરજન્સી કેસ છે. ઍક્સિડન્ટમાં બ્રેઇન પર ઘા થયેલો છે.

ઑપરેશન કરવું પડશે. ડૉ. ગુપ્તા આજે રજા પર છે એટલે બીજા ડૉક્ટરો કહે છે કે તમારા સિવાય ?’ નર્સ બોલી રહી.

ડૉ. વિશાખાએ કોઈ અન્ય ચર્ચા કરવાનું છોડી પેન બંધ કરી અને કહ્યું : ‘ઑપરેશનની તૈયારી કરો. હું આવું છું.’

નર્સ દોડીને પાછી જતી રહી.

હૉસ્પિટલમાં ખૂબ જ ઊંચું પદ અને જવાબદારી ભોગવી રહેલા ડૉ. મિસ.

વિશાખા નિપુણ ન્યૂરો સર્જન હતાં, પણ હમણાં હમણાં એ સંશોધનમાં વધુ પરોવાયેલાં રહેતાં. હૉસ્પિટલમાં ઝાઝું તો એ રિઝર્વ રહેતાં; એમની એ પ્રકૃતિને કારણે એમનો ચહેરો ખૂબસૂરત હોવા છતાં કોઈ આંખ ઊંચી કરી શકતું નહીં.

લૉબીમાંથી એ પસાર થાય ત્યારે સ્ટાફ એકદમ વિનયી બની જતો.

ડૉ. વિશાખા ઝડપથી ઑપરેશન ખંડ તરફ રવાના થયાં.

ઑપરેશન ખંડના દ્વાર પાસે એક યુવતી ધ્રુસકે ધ્રુસકે રડતી હતી.

વિશાખાએ એની તરફ એક નજર કરી – ન કરી અને એ અંદર ચાલ્યાં ગયાં.

ઑપરેશન ખંડનું બારણું બંધ થયું ત્યારે બપોરના બાર વાગ્યા હતા.

બહારના બાંકડે બેસીને હૈયાફાટ રોતી સ્ત્રીને જોઈ આસપાસથી કેટલાક ભેગા પણ થયા, સાંત્વન આપ્યું : ‘ડૉ. મિસ વિશાખા જાતે ઑપરેશન કરે છે

એ જ એના માટે મોટું નસીબ છે.’ એવું પણ કેટલાકે કહ્યું.

ઘડિયાળનો કાંટો ફરતો હતો.

બપોરના બે વાગ્યા.

એ રોઈ રોઈને હવે થાકી હતી. એક બાળકીની જેમ આતુર બની દ્વાર ખૂલે એની રાહ જોઈ રહી હતી.

ત્રણ વાગ્યા.

હવે એની ધીરજ ખૂટી રહી હતી. એણે ઊભા થઈ આમતેમ ફરવા માંડ્યું.

છેક ચાર વાગે બારણું ખૂલ્યું.

લોહીથી રંગાયેલાં ઉપરનાં વસ્ત્રો અને માસ્કને છોડીને બહાર આવતાં ડૉ. વિશાખા પાસે દોડી જઈ એમના હાથ પકડી લેતાં એણે પૂછ્યું : ‘શું થયું ?’

‘ચિંતા કરવાની જરૂર નથી.’ એટલું જ બોલી એમણે ચાલવા માંડ્યું.

ત્યારબાદ એણે ઑપરેશન થિયેટરમાં દોડી જવા કોશિશ કરી, પણ નર્સોએ અને બીજા સહાયક તબીબોએ રોકતાં કહ્યું, ‘ખૂબ જ અઘરું ઑપરેશન હતું.

ડૉ. વિશાખા ના હોત તો કદાચ સફળ ના પણ થાત.’

●●●

બીજા દિવસે સવારે ડૉ. વિશાખા જેવાં એમની ચેમ્બરમાં પ્રવેશ્યાં તેવી જ એક સ્ત્રી પણ એમની પાછળ પાછળ પરવાનગી વગર જ પ્રવેશી.

એના હાથમાં તાજાં જ ફૂલોનો એક ગુચ્છ હતો.

ડૉ. વિશાખાએ કહ્યું : ‘તમે ?’

‘હું તમારા માટે આ ફૂલ લાવી છું. મારા પતિને હવે સારું છે. ગઈકાલે

તમે ના હોત તો– !’ કહેતાં એણે ટેબલ પર ફૂલ મૂકી દીધાં.

પરંતુ વિશાખાની નજર એના ટેબલ પરની ફૂલદાની પર હતી. જેમાં કેટલાંક સુકાયેલાં ફૂલોની ડાળીઓ હતી. જાણે કે એ કહી રહ્યાં હતાં : ‘મને આવાં ફૂલ પસંદ છે.’

‘આપના પ્રતિ મારી લાગણી વ્યક્ત કરવાના પ્રતીકરૂપે જ હું આ લાવી છું.’

ડૉ. વિશાખાએ કૃતજ્ઞતાનો બદલો પસંદ ન હોય એ રીતે વાત બદલતાં : ‘શું નામ છે તમારું ?’

‘શૈલી.’

‘સુંદર નામ છે.’

‘એમણે આ નામ પાડ્યું છે. મારું અસલ નામ નથી.’

‘તમારું નામ કેમ બદલી નાખ્યું ?’

‘હા... એનો પણ એક નાનકડો ઇતિહાસ છે.’

‘શું ઇતિહાસ છે ?’

‘કહીશ કોઈવાર... પણ તમે એમને તપાસવા ક્યારે આવશો ?’

‘શૈલી ! સામાન્ય રીતે હું ઑપરેશન કરતી નથી અને કરું છું તો વારે

વારે દર્દી પાસે આંટા મારતી નથી. એ કામ મારા સહાયક ડૉક્ટરોનું છે. બાકી મારી પાસે જે રિપોર્ટ છે તે પરથી હું કહી શકું કે તમારા પતિને સારું છે.’

‘પણ મને સંતોષ થાય એટલા માટે...’

‘તમારા ક્ષણિક સંતોષ માટે હું મારી પ્રણાલિકા સાથે સમાધાન કરી શકું નહીં. થૅંક્સ ફોર ફ્લાવર્સ.’

શૈલી સમજી ગઈ કે ડૉ. વિશાખા હવે પોતાના કામમાં ઝાઝો વિલંબ ન થાય એમ ઇચ્છે છે. તે ઊઠી અને રવાના થઈ.

‘એક મિનિટ !’ ડૉ. વિશાખા બોલ્યાં : ‘ખોટું ન લગાડશો. કાલે પણ હું તમારી સાથે પાંચ મિનિટ ગાળીશ.’

‘થૅંક્યુ’ કહીને શૈલી ચાલી ગઈ.

બીજા દિવસે પણ એ જ સમયે મોરપીંછ રંગની સાડીમાં સજ્જ થયેલી શૈલી ફરી ડૉ. વિશાખાની ચેમ્બરમાં પ્રવેશી.

આજે એણે પુષ્પના બદલે એક કાવ્યસંગ્રહ ધર્યો : ‘એમણે લખેલી કૃતિ છે.’

‘પણ મને કાવ્યો વાંચવાનો શોખ નથી.’

‘ડૉક્ટર, તમને એક વાત પૂછું ?’

‘પૂછો ને !’

‘તમે વક્રદ્રષ્ટા – સીનિક તો નથી થઈ ગયાં ને ?’

ઘડીભર ગમ ખાઈને ચૂપ રહેલાં વિશાખાએ ઉચ્ચાર્યું : ‘કેમ એમ લાગ્યું ?’

‘હું તાજાં ફૂલ લાવી. એ તમને ગમતાં નથી. હું કાવ્યસંગ્રહ લાવી તો તમે વાંચવાનો ઇનકાર કરી રહ્યાં છો. હું તમને હાથ જોડીને વિનવણી કરું છું,

છતાં તમારા જ દરદીને જોવાની તમને કોઈ ઇચ્છા નથી. આખરે તમે પણ માનવી છો, સ્ત્રી છો. તમારું હૃદય આટલું દયાહીન કેમ છે ?’

ડૉ. વિશાખાએ સ્મિત કરતાં કહ્યું : ‘કારણ કે હું કદી દંભ કરતી નથી.

હું અંદરથી જેવી છું તેવી જ બહાર પણ છું.’

‘તમને એક વાત કહું ?’

‘કહો ને ?’

‘હું અંદરથી જેવી છું તેવી બહાર નથી, કારણ કે મને બળજબરીપૂર્વક

બદલી નાખવામાં આવી છે. મને લગ્ન કર્યે ચારેક વર્ષ થયાં. હું પરણીને આવી ત્યારે જ એમણે મને ‘શૈલી’ કહીને સંબોધી. મારા મનમાં કે આજથી




**વિશાખા નિપુણ ન્યૂરો સર્જન હતાં, પણ હમણાં હમણાં એ સંશોધનમાં વધુ પરોવાયેલાં રહેતાં. હૉસ્પિટલમાં ઝાઝું તો એ રિઝર્વ રહેતાં; એમની એ પ્રકૃતિને કારણે એમનો ચહેરો ખૂબસૂરત હોવા છતાં કોઈ આંખ ઊંચી કરી શકતું નહીં.**

લાડમાં મને એમ કહીને વહાલ કરશે. પણ એક દિવસ એમણે કબૂલ કર્યું કે, મારી સાથે લગ્ન પહેલાં ‘શૈલી’ નામની એક યુવતી સાથે એમને અનુરાગ હતો. શૈલી કોઈ ગર્ભશ્રીમંત પરિવારની પુત્રી હતી અને એ સામાન્ય બૅન્ક કર્મચારી હતાં. શૈલીની અપેક્ષાઓ ઊંચી હતી. એ નહીં સંતોષાય તો પરણ્યા બાદ વાસ્તવિકતાઓ ખડી થશે ત્યારે સંસાર સોહામણો નહીં રહે એ ખ્યાલે એમણે શૈલીથી પોતાની જાતને અળગી કરી દીધી.’

‘ઓહ !’

‘ત્યારબાદ અમારાં લગ્ન થયાં. આ પ્રેમલગ્ન નથી. મારા પિતાએ મને જ્યાં કહ્યું ત્યાં હું પરણી છું. ડૉક્ટર સાહેબ ! હું આજે ખૂબ પતિપરાયણ છું.

એ જેમ કહે છે તેમ – તેટલું બધું જ કરું છું. એમની પસંદગીનો ખૂબ ખ્યાલ રાખું છું. એક રાત્રે એમણે શૈલી સાથેના સંબંધની વાત કહી ત્યારે મેં તરત જ કબૂલાત આપી હતી કે, મને હવે ‘શૈલી’ જ કહેજો.’

‘સુંદર.’

શૈલી બોલ્યે જ જતી હતી : ‘જુઓ ! આજે મેં સાડી પહેરી છે ને...

આવા મોરપીંછ રંગની સાડી, એ પણ તેઓ કહે છે કે શૈલીને ખૂબ પસંદ હતી.

બીજું તો બધું તમને શું કહું ને શું ના કહું ?’

ડૉ. વિશાખાએ ફરી પૂછ્યું : ‘પરંતુ તમે ‘શૈલી’ બનીને એમને રીઝવો છો તેથી તમારા આગવા વ્યક્તિત્વનું શું ? તમારા અહમ્‌નું શું ? તમારા આત્માનું શું ?’

શૈલી ચૂપ રહી.

‘કેમ જવાબ ના આપ્યો ?’

‘એ વિશે હું ઝાઝો વિચાર કરતી નથી. હું તો એટલું જ જાણું કે જ્યારથી હું શૈલી બની ત્યારથી મને અનહદ ચાહે છે. દુનિયાની કોઈ સ્ત્રી આટલી ચાહત

ભાગ્યે જ પ્રાપ્ત કરી શકી હશે.’

ડૉ. વિશાખા બોલી ઊઠ્યાં : ‘મને એમ લાગે છે કે મારે પણ કોઈના

પ્રેમમાં પડી જવું પડશે ?’

બેઉ ખડખડાટ હસી પડ્યાં.

‘કાલે પણ પાંચ મિનિટ આપજો.’

‘જરૂર આવીશ.’ કહીને શૈલી ચાલી ગઈ.

પછી તો રોજ રોજ શૈલી ડૉ. વિશાખાને મળતી રહી. બેઉ અવનવી વાતો કરતાં અને એમ કરતાં કરતાં બેઉ વચ્ચે એક જાતની દોસ્તી બંધાઈ ગઈ.

હૉસ્પિટલમાં પણ ઘણાને આશ્ચર્ય લાગતું કે, ડૉ. વિશાખાએ કોઈનેય પોતાની ચેમ્બરમાં આટલું સ્થાન અને માન આપ્યું હોય તો આ જ સ્ત્રી પ્રથમ છે.

એક દિવસ શૈલીએ કહ્યું : ‘ડૉ. વિશાખા ! કાલે એમને રજા મળશે.’

‘એટલે કે કાલથી તમે નહીં આવો એમ જ ને !’

શૈલીએ આંખો ઢાળી હા પાડી.

‘એવું નહીં કોઈક દિવસ આ તરફ નીકળો તો જરૂર આવજો. તમને

મળવા હું સદાયે આતુર રહીશ.’

‘આ મારા ઘરનું સરનામું છે. કોઈકવાર જરૂર આવજો.’ કહેતાં શૈલીએ એક કાર્ડ આપ્યું.

‘હવે તમારા પતિને સારું છે.’

‘તમે જ એમને બચાવી લીધા છે.’ બોલતાં શૈલીની આંખ ભીની થઈ.

‘પાછા લાગણીવેડા કર્યા... ચાલો જાવ હવે. મને કામ કરવા દો.’

‘કાલે અમે બંને તમને મળવા આવીશું.’ કહેતાં શૈલી ચાલી ગઈ.

ડૉ. વિશાખાએ પોતાની આંખો લૂછી.

●●●

બીજા દિવસે બરાબર અગિયાર વાગે શૈલીના પતિને રજા મળી.

બેઉ સીધાં જ સુપરિન્ટેન્ડેન્ટની ચેમ્બરમાં પ્રવેશ્યાં.

સામેની ચેરમાં ડૉ. વિશાખા નહોતાં. કોઈ અન્ય તબીબ હતા.

‘ડૉ. વિશાખા નથી ?’ શૈલીએ પૂછ્યું.

‘ના... એમણે રાજીનામું આપ્યું.’

‘ક્યારે ?’

‘થોડા દિવસ થયા, બનતા સુધી તા. ૩જી ફેબ્રુઆરીમાં જ આપ્યું હતું.’

‘એટલે કે મારા ઑપરેશનના દિવસે.’ શૈલીનો પતિ બોલી ઊઠ્યો.

શૈલી બબડી : ‘રોજરોજ મારી સાથે કેટકેટલી વાતો કરી, પણ મને આ વાતની જરાયે ગંધ આવવા દીધી નહીં. મને તો કાંઈ સમજાયું નથી.’

દરમિયાન શૈલીનો પતિ બોલી ઊઠ્યો : ‘આવાં સુક્કાં જંગલી ફૂલો...

ડૉક્ટરસાહેબ ! તમને ગમે છે ?’

‘ના... મેં આજે જ ચાર્જ લીધો. એ ડૉ. વિશાખાને પસંદ હતાં.’

‘શૈલી, આવાં ફૂલ ‘શૈલી’ને પણ પસંદ હતાં.’

શૈલી ઘડીભર વિચારમાં પડી ગઈ.

એ સમજી. એનો પતિ પણ કદાચ સમજી ગયો હતો. બેઉના મનમાં એક જ વિચાર હતો. ‘જે શૈલી હતી તે ડૉ. વિશાખા બની હતી. જે શૈલી નહોતી તે

‘શૈલી’ બની હતી.’

‘ડૉ. વિશાખા હવે ક્યાં મળે ?’ શૈલીએ પૂછ્યું.

‘એ અમેરિકા ગયાં, આજે સવારની ફ્લાઇટમાં.’ ડૉક્ટરે કહ્યું.

ભારે હૈયે બેઉ ચેમ્બરની બહાર નીકળ્યાં.

ડૉ. વિશાખાએ બેઉને રડાવી મૂક્યાં.

**દેવેન્દ્ર પટેલ**
સંપર્ક
+91 98792 07102

## શિયાળાની સવારે ઝાકળ કેમ પડે છે?



શિયાળામાં વહેલી સવારે બગીચામાં જાવ તો ફૂલ છોડ ઉપર પાણીના ઝીણા ટીપાં બાઝેલા જોવા મળે. એકદમ શુધ્ધ પાણીના ટીપાં સૂર્યપ્રકાશમાં સપ્તરંગી પ્રકાશ વેરે તે દ્રશ્ય મનોરમ્ય હોય છે. આ ફોરાંને ઝાકળ કહે છે. રાત્રે વરસાદ ન આવ્યો હોય તો પણ પાણીના ટીપાં ક્યાંથી આવે તે જાણો છો ? આપણે જાણીએ છીએ કે હવામાં ભેજ રહેલો હોય છે. તેને આર્દ્રતા પણ કહે છે. ભેજ એટલે પાણીની વરાળ, શિયાળામાં હવા ઠંડી હોય છે પરંતુ વનસ્પતિનાં પાન તેનાથી ય વધુ ઠંડા હોય છે. ફૂલ અને પાનની ઠંડી સપાટી પર હવામાંની વરાળ ઠરીને પાણીના ટીપાં સ્વરૂપે બાઝે છે. રાત્રે જેમ જેમ ઠંડી વધે તેમ તેમ ઝાકળ વધુ જામે અને સવારે દેખાય. તડકો વધે અને ગરમી વધે કે તરત જ આ ટીપાં વરાળ બની ઊડી જાય.

# તુર્કીમાં વિમાન લેન્ડિંગ સમયે લપસી જતાં ૩ ટુકડાઃ ૩ના મોત, ૧૭૯ને સામાન્ય ઈજા

ઈસ્તંબુલ : તૂર્કીના પાટનગર ઈસ્તંબુલમાં બુધવારે લેન્ડીંગ કરી રહેલું એક ઉતારુ વિમાન રન વે પર લપસી પડતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. વિમાનના ત્રણ ટુકડા થઈ ગયા હતા અને ત્રણ ઉતારુનાં મોત થયાં હતાં. જ્યારે ૧૭૯ લોકોને ઈજા પહોંચી હતી. આ વિમાન ઈઝમિરના એજિયન શહેરથી ઈસ્તંબુલ આવ્યું હતું. સાહિબા ગોકચેન એરપોર્ટ પર પ્રતિકૂળ હવામાનના કારણે વિમાન લેન્ડીંગ દરમિયાન લપસી પડ્યું હતું અને વિસ્ફોટ વિમાનની અંદર આગ લાગી હતી અને એ સાથે ત્રણ ટુકડા થઈ ગયા હતા. ઉતારુઓને વિમાનની પૂંછડી



તરફથી બહાર કાઢતાં ટેલિવિઝન પર દેખાડાયાં હતાં. ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. આ વિમાન તૂર્કીની વાજબી ભાવની કહેવાતી એરલાઈન્સ પેગૈસસનું હતું. વિમાનમાં ૧૭૭ ઉતારુ અને છ વિમાની સ્ટાફ હતો.

# સ્પેસ સ્ટેશનમાં ૧૧ મહિના વિતાવ્યા બાદ ધરતી પર પાછી ફરી ક્રિસ્ટીના

અલમાટી : અમેરિકાની જાણીતી અંતરીક્ષ એજન્સી નાશાની વૈજ્ઞાનિક ક્રિસ્ટીના કુક આંતરાષ્ટ્રિય અંતરિક્ષ સ્ટેશન પર લગભગ ૧૧ મહિના બાદ ગુરૂવારે સુરક્ષીત પૃથ્વી પર પાછી ફરી. અવકાશમાં તેમનું આ મિશન કોઈ મહિલાનું અત્યાર સુંધીનો સૌથી લાંબું મિશન છે, કોચ આંતરરાષ્ટ્રિય સમયાનુસાર સવારે ૯.૧૨ વાગ્યે પૃથ્વી પર પરત ફરી. તેમણે અંતરીક્ષમાં ૩૨૮ દિવસ વિતાવ્યા તેમની સાથે યુરોપિય અંતરિક્ષન એજન્સીનાં લુકા પરમિતાનો અને રશિયન અંતરિક્ષ એજન્સીનાં એલેક્ઝાન્ડર સ્કોવોર્તસોવ પણ હતાં, અંતરિક્ષ એજન્સી રોસ્કોસમોસ દ્વારા



લેન્ડિંગ સ્થળનો બનાવવામાં આવેલા વિડિયોમાં કુક મોડ્યુલથી નિકળતા સમયે હસતા જોવા મળ્યા છે. કુક ગયા વર્ષે ૧૪ માર્ચે પૃથ્વીથી રવાના થઈ હતી, તેમણે કહ્યું કે હુ હાલ બહું અભિભુત અને ખુશ છું. મિશિગનમાં જન્મેલી કુક ૪૧ વર્ષની છે.

# સિરીયામાં ઈઝરાયેલી સૈન્યનો હુમલો, ૧૨ ઈરાન લોકોનાં મોત

દમાસ્કસ : સિરિયામાં દમાસ્કસ નજીક ઈઝરાયેલનાં હવાઈ હુમલામાં ઈરાન સમર્થક ૧૨ લડવૈયા માર્યા ગયા, બ્રિટન સ્થિત સિરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સે આ માહિતી આપતા જણાવ્યું કે દમાસ્કસનાં દક્ષીણમાં કિસ્બા વિસ્તારમાં ૭ વિદેશી આતંકીઓ માર્યા ગયા. ઓબ્ઝર્વેટરીનાં પ્રમુખે જણાવ્યું કે દારા પ્રાંતનાં એઝરા વિસ્તારમાં એક ઈરાની સમર્થક સમુહનાં ૫ સિરિયન સમર્થક માર્યા ગયા. આ હવાઈ હુમલામાં દમાસ્કસ અને દારા તથા નજીકનાં પ્રાંત કુનીતરામાં આવેલી વિવિધ સ્થાનોને નિશાન બનાવવામાં આવ્યા. આ હુમલા બાદ જવાબી



કાર્યવાહી કરવામાં આવી સુત્રએ જણાવ્યું કે હુમલામાં ૮ આતંકીઓ ઘાયલ થયા, જો કે તેમના હોદ્દા અને રાષ્ટ્રિયતાની માહિતી મળી શકી નથી, ઈઝરાયેલની સેનાનાં એક પ્રવક્તાનો સંપર્ક કરવામાં આવતા તેમણે હુમલા અંગે કાંઈ પણ જણાવવાનો ઈન્કાર કર્યો હતો.

# દસ પૈકી ૧ ભારતીયને જીવનમાં એકવાર કેન્સર થવાનો ભય : WHOની ચેતવણી

- ૨૦૧૮માં આશરે ૧૧.૬ કરોડ કેન્સરના દર્દી હતા

યુએન : ભારતમાં વર્ષ ૨૦૧૮માં આશરે ૧૧.૬ કરોડ કેન્સરના દર્દી હતા, એમ વિશ્વ આરોગ્ય સંસ્થાના એક અહેવાલમાં કહેવામાં આવ્યું હતું. અહેવાલમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે દસ ભારતીયો પૈકી એકને જીવનમાં એકવાર કેન્સર થશે અને પંદર પૈકી એક કેન્સરના કારણે મૃત્ય પામશે. વર્લ્ડ કેન્સર ડે પહેલાં હુ અને તેની સંસ્થા ઈન્ટરેશનલ એજન્સી ફોર રિસર્ચ ઓન કેન્સર (આઈએઆરસી) દ્વારા બે અહેવાલ જારી કરાયા હતા.

,ભારતમાં વર્ષ અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે ભારતમાં કેન્સરનો દસ પૈકી એકને જીવનમાં એકવાર તો કેન્સર થાય છે જ જ્યારે પંદર પૈકી એક દર્દી મૃત્ય પામે છે. ભારતમાં છ સૌથી સામાન્ય કેન્સરના કેસ હોય છે જેમાં બ્રેસ્ટ કેન્સર (૧૬૨૫૦૦), મોઢાનો કેન્સર(૧૨૦૦૦૦),સર્વાઈકલ કેન્સર (૯૭૦૦૦)ફેફસાનો કેન્સર (૬૮૦૦૦)પેટનું કેન્સર (૫૭૦૦૦) અને કોલોરેકટ્રલ કેન્સર (૫૭૦૦૦)નો સમાવેશ થાય છે. તમામ નવા કેસમાં આનું પ્રમાણ ૪૯ ટકા છે. પુરૂષોમાં ૫૭૦૦૦૦ નવા કેસ પૈકી મોઢાના કેન્સરના દર્દીઓની સંખ્યા ૯૨૦૦૦, ફેંફસાના ૪૯૦૦૦,પેટના ૩૯૦૦૦ અને કોલોરેકટ્રલ કેન્સરના ૨૦૦૦૦ કેસ હતા જે તમામ ભેગા થઈને ૬૦ ટકા થાય છે.

## લગ્નજીવનમાં થતું જાતીય શોષણ

ગતાંકથી શરૂ...

કેટલાક સ્ત્રી કે પુરુષો બેડરૂમ બહારની ઘટનાઓનો હિસાબ બેડરૂમમાં ચૂકતે કરતાં હોય છે જેમ કે પતિના ધૂર્મપાનથી નારાજ પત્ની સેક્સમાં અસહકારનું વલણ દાખવે યા તો સાસરિયાઓ સાથે મનમેળ ન ધરાવતી પત્નીને પતિ જાણી જોઈને શરીરસુખથી વંચિત રાખે... તો આવા હેતુપૂર્વકના જાતીય અળગાપણા ઉર્ફે ડેલીબરેટ સેક્સ્યુઅલ ડીપ્રાઈવેશનના કિસ્સામાં પણ સામેના પાર્ટનરનું જાતીય શોષણ થઈ રહ્યું હયો છે. બદલાની ભાવનાથી થતા આવા યૌનશોષણોના ઉદાહરણો પણ સમાજમાં અસામાન્ય નથી.



તનસ્વી તન, મનસ્વી મન

ડો. મુકુલ ચોક્સી

પુરષો દ્વારા થતા પત્નીના યૌનશોષણના તો અધધ દાખલા મળી આવી આવે. લગ્નેત્તર સંબંધમાં ગળાડુબ પુરુષ પત્ની પ્રત્યે અણગમાયુક્ત વર્તન કરી તેને શરીરસુખથી વંચિત રાખે. પુરુષ પત્નીને ગ્રુપ સેક્સ કે પાર્ટનર એક્સચેન્જ જેવા અનુભવો લેવા માટે ફરજ પાડે. પત્ની અતિધાર્મિક કે આધ્યાત્મિક પંથ ચડી જવાથી પતિની સેક્સ્યુઅલ ડીમાન્ડઝની સરેઆમ ઉપેક્ષા કરે, પત્ની કેવળ સંતતિપ્રાપ્તિ અર્થે જ સેક્સમાં રસ લે, કામવિકૃત પુરુષો પીડાજનક સેક્સમાં સ્ત્રીને જોતરે તે... વગેરે બધા સંજોગોમાં બેમાંથી એક પાર્ટનરનું વીધીન ધ બેડરૂમ સેક્સ્યુઅલ એક્સ્પ્લોઈટેશન થતું રહે છે.

છેલ્લે એક વિલક્ષણ કિસ્સો યાદ આવે છે. પત્ની સેક્સને ગંદો માને. આથી પતિને નજીક તો ન જ આવવા દે. પણ તેને હસ્તમૈથુન પણ ન કરવા દે. સેક્સ અંગેની ગેરમસજમાંથી ઉદ્ભવતા આવા અજાણપણે થતાં યૌનશોષણ (કે લિંગશોષણ)નો કોઈ હાથવગો ઉપાય નથી. સમાજમાં લાંબાગાળાનું પરિપકવ સેક્સ એજ્યુકેશન જ આવી સમસ્યાઓ ઉકેલી શકે.

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.)**

**E-mail : mukulchoksi@yahoo.co.in**

# નવપરિણીત યુવાનમાં શિશ્નોત્થાનની સમસ્યાનો વધુ પડતો ભય રહે છે

**શિશ્નને લાંબા સમય સુધી ઉત્તેજિત અવસ્થામાં નહીં રાખી શકાય :** પુરુષોને સૌથી વધુ ચિંતા એ વાતની સતાવે છે કે શું તે સમાગમ દરમિયાન લાંબા સમય સુધી પોતાના લિંગને ઉત્તેજિત અવસ્થામાં રાખી શકશે કે નહીં? જો તેને વ્યસનની આદત હોય તો તે તેના વિશે વિચારે છે આ ઉપરાંત વધતી ઉંમરની પણ તેના પર અસર થાય છે જો તે આ અંગે વધુ પડતી ચિંતા કે ઉચાટ કરતો હોય તો તેનાથી તેની સમસ્યા વધારે વિકટ બને છે અને સમાગામના પ્રાંરભથી જ તેને જાતીય સુખની પરાકાષ્ટા સુધી પહોંચવામાં તકલીફ થાય છે. શિશ્નોત્થાન અંગે ચિંતિત હોય કે ના હોય પ કેટલાંક પુરુષો પોતાની જાત પાસે વધુ પડતી અપેક્ષા રાખતા હોય છે જેના કારણે પણ ક્યારેક તેમને સમસ્યાનો સામનો કરવો પડે છે. શિશ્નોત્થાનની સમસ્યા થવાનો સૌથી વધુ ભય નવરપરણિત પુરુષોમાં રહેલો છે. આ સમય પુરુષની પોતાની પત્નીને મહત્તમ સંતોષ આપવાની લાગણી એટલી બધી ઉત્કટ હોય છે કે તેઓ બેડરૂમમાં કંઈ ઉકાળી શકતા નથી. જો પરુષ એક સ્થિતિમાં યોગ્ય શિશ્નોત્થાન કરી શકતો હોય અને બીજી સ્થિતિમાં નિષ્ફળ જતો હોય તો સમસ્યા માનસિક હોઈ શકે. જેની બહુ ચિંતા કરવા જેવી નથી.

**કવેળાએ થતા વિર્યસ્ખલનની સમસ્યા :** કવેળાએ વિર્યસ્ખલન થવાની સમસ્યા મોટાભાગના પુરુષો પોતાના જીવનકાળ દરમિયાન અનુભવી ચૂક્યા હોય છે. અકાળે વિર્યસ્ખલન એક વિકટ સમસ્યા છે જેનો પુરુષો કોઈને કોઈ કાળે ભોગ બને છે. જાતીય પરાકાષ્ઠાને લંબાવવા માટે અનેક ઉપાયો અજમાવવામાં આવે છે. જેમાં શિશ્નની સંવેદનશીલતા ઘટાડવા, માનસિક અંકગણિત, સ્થાનિક એનેસ્થેટિક, મલમ કે ડિસ્પોઝેબલ ટિસ્યુ અને કોન્ડોમ ઉપરાંત યોગ અને મુખ વાટે ગળવાની દવાઓનો સમાવેશ થાય છે. આ બધામાં સૌથી અસરકારક મુખ વાટે ગળવાની દવા છે. જેનાથી એકાળે થતાં વિર્યસ્ખલનની સમસ્યામાં રાહત મળે છે.



**તે પોતાના સાથીને જાતીય સંતો। નહીં આપી શકેઃ** દરેક પુરુષ પોતાની જાતીય સાથીને સંતોષ આપવાની વાત આવે ત્યારે પોતે ક્યાંય ઉણાંના ઉતરે તેવું ઈચ્છે છે. આ મુદ્દો એક વિષચક્ર જેવો છે, પુરુષ તે અંગે જેટલું વધારે વિચારે છે તેની જાતીય ક્ષમતા અંગે તેનો ઉચાટ વધવા માંડે છે અને તેનાથી તેના પરફોર્મન્સ પર અસર થાય છે અને છેવટે તે પોતાની મહિલા સાથીને પુરતો સંતોષ આપી શકતો નથી. સમાગમ દરમિયાન પુરુષની ક્ષમતાનો આદાર તે વખતની મહિલાની માનસિક સ્થિતિ પણ ઘણો મદાર રાખે છે. તમારે તમારી જાતીય સાથી સાથે અત્યંત સાહજિકતાથી વર્તન કરવું જોઈએ જેથી તમે તેની સાથે વધુ પ્રગાઢ રીતે જોડાઈ શકશે.

**તેનું શિશ્ન બહુ નાનુ છે :** જો તેમના લિંગનું કદ પુરુષોમાં સામાન્ય મનાતા કદથી ઘણું વધારે ના હોય તો મોટાભાગના પુરુષો એવા ભય હેઠળ જીવતા હોય છે કે પોતાનું શિશ્ન બહુ નાનું હોવાથી હું મારી મહિલા સાથીને પુરતો જાતીય સંતોષ આપી શકતો નથી. મહિલા દ્વારા તેમનો આ ભય નાહકનો છે તેવું અથવા તો તેને જાતીય ક્રિયાથી પુરતો સંતોષ મળેછે તેવી વારંવારની ખાતરીથી જ પુરુષમાં રહેલો આ ડર દૂર થાય છે. મહિલાઓ શિશ્નના કદ અંગે બહુ વિચારતી નથી, જોકે મોટાભાગના પુરુષો તેનાથી ઉલટું વિચારે છે. અહીં ખાસ બાબત એ છે કે, યોનીની જાતીય ક્રિયા માટેની સરેરાશ લંબાઈ ૧૫ સે.મી. છે અને યોનિની બહારના ૫ સે.મીના ભાગમાં મોટાભાગની ગ્રંથિઓના છેડા આવેલા છે અંદરનો બેતૃતિયાંશ ભાગ (૧૦. સે.મી.) અસંવેદનશીલ હોય છે આમ જો તમારે મહિલાને ઉત્તેજિત કરવી હોય તો યોનિના બાહ્ય હોઠ અને તેના બહારના ૫ સે.મી.ના ભાગને પંપાળવા જોઈએ. આથી કહી શકાય કે મહિલાઓને જાતીય સંતોષ આપવા માટે ઉત્તેજિત લિંગનું કદ ૫ સેમી કે તેથી વધુ હોય તો ચિંતા કરવાનું કોઈ જ કારણ નથી .લિંગના કદ અને આકારની ચિંતા કરવાને બદલે તમારા મહિલા સાથીની જરૂરિયાતને સમજી તેના આંતરિક સંવેદનશીલ અંગોને ઉત્તેજિત કરો તો વધુ બેહતર પરિણામ મળશે.



## ઓલરાઉન્ડર શિવમ દુબેએ ૧ ઓવરમાં ૩૪ રન આપ્યા

માઉંટ : ભારતીય ટીમના ઓલરાઉન્ડર શિવમ દુબેએ ન્યુઝીલેન્ડ સામેની મેચમાં એક ઓવરમાં જ ૩૪ રન લુટાવી દીધા હતા. આની સાથે જ ટ્વેન્ટી ક્રિકેટમાં સૌથી વધુ રન લુટાવનાર બીજો બોલર બની ગયો હતો. એક ઓવરમાં ન્યુઝીલેન્ડે જોરદાર બેટિંગ કરીને ૩૪ રન લઇ લીધા હતા. ભારતીય ટીમના ટી–૨૦ ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ રન પહેલી ઓવરમાં બન્યા હતા.

# SPORT





### અંડર-૧૯ વર્લ્ડ કપ : જયસ્વાલની 'યશસ્વી' સદી

# સેમિ.માં ભારતે પાક.ને ૧૦ વિકેટે પછાડ્યું

જોહાનિસબર્ગ : અંડર-૧૯ વર્લ્ડકપની સેમિફાઈનલમાં પાકિસ્તાનને હરાવીને ભારતે ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. યશસ્વી જયસ્વાલ અને દિવ્યાંશ સક્સેનાની અણનમ ભાગીદારીએ ભારત પાકિસ્તાન પર સરળતાથી વિજય મેળવી લીધો હતો. ભારતે ફક્ત ૩૫.૨ ઓવરમાં જ ૧૭૬ રન બનાવી લીધા હતા. યશસ્વી જયસ્વાલનું શાનદાર ફોર્મ જળવાઈ રહ્યું હતું અને તેણે ટુર્નોમેન્ટમાં પહેલી સદી ફટકારી હતી. તે આ ટુર્નોમેન્ટમાં સૌથી વધારે રન બનાવનાર બેટ્સમેન બન્યો છે. તેની સાથે દિવ્યાંશ સક્સેનાએ પણ અર્ધ સદી ફટકારી હતી. આ જોડીએ પાકિસ્તાની બોલરોએ સફળ થવાની એક તક પણ આપી નહોતી. પાકિસ્તાને અંડર-૧૯ વર્લ્ડ કપની પ્રથમ સેમિફાઈનલમાં ભારતને ૧૭૩ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાને ૪૧.૩ ઓવરમાં ૧૭૨ રનમાં ઓલઆઉટ થયું હતું. કેપ્ટન રોહેલ નઝિર અને હૈદરઅલીએ ફિફ્ટી કરીને ટીમને સન્માનજક સ્કોર સુધી પહોંચાડી હતી. નઝીરે ૧૦૨ બોલમાં ૬ ફોરની મદદથી ૬૨ રન કર્યાં હતા જ્યારે હૈદરે ૭૭ બોલમાં ૯ ફોરની મદદથી ૫૬ રન કર્યાં હતા. ભારત વતી સશાંત મિશ્રાએ ૩ વિકેટ, રવિ બિશ્નોઈ અને કાર્તિક ત્યાગીએ ૨-૨ વિકેટ તો અંકોલેંકર અને જયસ્વાલે ૧-૧ વિકેટ લીધી હતી. મોહમ્મદ હેરિસ ૨૧ રન અથર્વની બોલિંગમાં સક્સેના દ્વારા કેચઆઉટ થયો હતો.

### બાંગ્લાદેશ સામે રવિવારે ફાઈનલ મુકાબલો




અંડર–૧૯ વર્લ્ડ કપ પર એક વખત ફરી કબજો જમાવવા માટે ભારતીય ટીમ રવિવારે મેદાનમાં ઉતરશે. ભારતને પડકારવા માટે ભારતનાં જ પડોશી દેશ એવા બાંગ્લાદેશની ટીમ પણ કપ પર કબજો કરવાના ઇરાદાની સાથે મેદાનમાં ઉતરશે. બાંગ્લાદેશે મજબૂત ટીમ ન્યૂઝીલેન્ડને હરાવી ફાઇનલમાં પ્રવેશ મેળવી લીધો છે. આપને જણાવી દઈએ કે, ભારતે પાકિસ્તાનને ૧૦ વિકેટથી હરાવી ફાઈનલમાં પહેલાથી જ પ્રવેશ મેળવી લીધો છે. અંડર–૧૯ વર્લ્ડ કપની સૌથી સફળ ટીમ, ભારત તેમના પાંચમાં ખિતાબથી માત્ર એક પગલું દૂર છે.

### સતત બીજી વાર ભારત-પાક.સેમિફાઈનલમાં ટકરાયા

ભારત અને પાકિસ્તાન સતત બીજી વાર સેમિફાઈનલમાં ટકરાયા હતા. આ પહેલા ૨૦૧૮ માં ભારતે પાકિસ્તાનને ૨૦૩ રનથી પરાજય આપ્યો હતો. બન્ને ટીમોની વચ્ચે અત્યાર સુધી કુલ ૯ વાર મુકાબલા થયા છે જેમાં ૪ વાર ભારતનો તો ૫ વાર પાકિસ્તાનનો વિજય થયો હતો.

## ટીમ ઈન્ડિયાએ ત્રીજી વાર વિદેશમાં સિરીઝ ક્લીન સ્વીપ કરી

માઉન્ટ મોનગાનુઇ : ભારતે ત્રીજી વાર વિદેશમાં દ્વિપક્ષીય સિરિઝમાં તમામ મેચ જીતવામાં સફળ રહી છે. આ પહેલા બારતે ૨૦૧૯ માં વેસ્ટઈન્ડીઝની સામે ૩–૦ અને ૨–૧૫–૧૬ માં ઓસ્ટ્રેલિયાની સામે ૩–૦ થી જીતી મેળવી લીધી હતી તો ન્યૂઝીલેન્ડની ટીમ ઘરેલુ મેદાન પર સૌથી વધારે ૨૩ મેચ હારનાર બીજી ટીમ બની છે, ન્યૂઝીલેન્ડ ટીમે શ્રીલંકાની બરાબરી કરી છે. બાંગ્લાદેશી ટીમ ઘરેલુ મેદાન પર ૨૨ મેચ હારી ચુકી છે. વિરાટ કોહલી સૌથી વધારે ૧૦ દ્વિપક્ષીય સિરિઝ જીતનાર પહેલો કેપ્ટન બન્યો છે. કોહલીએ દક્ષિણ આફ્રિકાના ડુપ્લેસિસને પાછળ રાખી દીધો હતો. ઈંગ્લેન્ડના ઈયોન મોર્ગને ૭, વેસ્ટ ઈન્ડીઝના ડેરેન સેમીએ ૬ અને ધોનીએ ૫ દ્વિપક્ષીય સિરીઝમાં જીત મેળવી હતી. સિરિઝની પહેલી મેચ ઓકલેન્ડમાં થઈ હતી જ્યાં ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડને ૬ વિકેટથી હાર આપી હતી. રોહિત શર્માએ બે સિક્સ ફટકારીને ટીમને ન્યૂઝીલેન્ડમાં પહેલી સિરિઝ જીતાડી હતી. જસપ્રીત બુમરાહની શાનદાર બોલિંગને કારણે ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડને ટી–૨૦ છેલ્લા મુકાબલમાં ૭ રનથી હરાવી શકી હતી. બુમરાહની આગેવાનીમાં ભારતીય બોલરોએ ફરી એક વાર જોરદાર વાપસીનો બેજોડ નમૂનો રજૂ કરીને જીત પોતાને નામે કરી લીધી હતી. આ મેચમાં બુમરાહે ઘણી કડક બોલિંગ કરીને ફક્ત ૧૨ રન આપીને ૩ વિકેટ ઝડપી લીધી હતી, બુમરાહને બેહતરીન બોલિંગ બદલ મેન ઓફ ધ મેચનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

## ઓસ્ટ્રેલિયન ઓપનમાં જોકોવિચનો દબદબો : આઠમી વાર 'ચેમ્પિયન'



મેલબોર્ન : ૨૦૨૦ ના વર્ષના પહેલા ગ્રાન્ડસ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપનમાં રવિવારે સર્બિયાના નોવાક જોકોવિચે ફાઈનલમાં ઓસ્ટ્રિયાના ડોમિનિક થીએમને પરાજય આપ્યો હતો. આ વિજય સાથે જોકોવિચે આઠમી વાર આ ટૂર્નામેન્ટનું ટાઈટલ પોતાને નામે કરી લીધું છે. જોકોવિચનો આ ૧૭ મો ગ્રાન્ડસ્લેમ ખિતાબ હતો. ઓસ્ટ્રેલિયન ઓપનમાં જોકોવિચની ક્યારેક પણ હાર થઈ નથી. ૩૨ વર્ષીય જોકોવિચના કેરિયરનો આ ૧૭મો તો થીએમનો ત્રીજો સિંગલ્સ ગ્રાન્ડ સ્લેમ ખિતાબ છે. જોકોવિચ અને થીએમ વચ્ચે લગભગ ૩ કલાક અને ૫૯ મિનિટ આ મુકાબલો ચાલ્યો હતો જેમાં તેમણે થીએમને ૬-૪, ૪- ૨-૬, ૬-૩, ૬-૪ થી હાર આપી હતી. અત્યાર સુધી આ બન્ને ખેલાડીઓ કુલ ૧૧ વાર સામસામે આવ્યા છે તેમાં ૭ વાર નોવાક જોકોવિચની અને ૪ વાર થીએમની જીત થઈ હતી જોકોવિચે ૧ ફ્રેન્ચ ઓપન, ૫ વિમ્બલડન અને ૩ યુએસ ઓપન પણ જીતી ચૂક્યો છે. સર્બિયાઈ ખેલાડીએ સિંગલ્સમાં ૭૮ ખિતાબ પોતાને નામે કર્યાં છે.

# ICC-૨૦ રેન્કિંગ : રાહુલ બીજા નંબરે પહોંચ્યો, વિરાટ અને રોહિત ટોપ-૧૦માં

નવી દિલ્હી : ટીમ ઈન્ડિયા દ્વારા ન્યૂઝીલેન્ડની સામેની ટી-૨૦ સિરીઝ જીત્યાના એક દિવસ બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) એ ટી ૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટનું નવું રેન્કિંગ બહાર પાડ્યું છે. આઈસીસીના લેટેસ્ટ ટી-૨૦ રેન્કિંગમાં ભારતીય ટીમના ટોપ ઓર્ડર બેટ્સમેન લોકેશ રાહુલે પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. આઈસીસી રેન્કિંગમાં ૮૨૩ રેટિંગ પોઈન્ટ સાથે રાહુલે બીજા નંબરનું સ્થાન હાંસલ કર્યું છે. ન્યૂઝીલેન્ડ સામેની પાંચ મેચોની સિરીઝમાં સારા દેખાવને કારણે રાહુલના રેન્કિંગમાં સુધારો આવ્યો છે. આ રાહુલની કેરિયરનું સર્વશ્રોષ્ઠ રેન્કિંગ છે. રેન્કિંગમાં ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીએ પોતાનું અગાઉનું ૯મું સ્થાન જાળવી રાખ્યું છે તો રોહિત શર્મા ટોપ-૧૦માં જગ્યા બનાવવામાં સફળ રહ્યો છે. ટોપ-૧૦ની યાદીમાં પહેલા સ્થાને પાકિસ્તાની બેટ્સમેન બાબર આઝમ છે. શ્રોયર અય્યર ૬૩મા ક્રમેથી છલાંગ લગાવીને ૫૫મા ક્રમે આવ્યો છે તો મનીષ પાંડે ૫૮મા નંબર પર છે.

### બોલરોમાં બુમરાહ, ચહલને ફાયદો

બોલરોના રેન્કિંગમાં જસપ્રીત બુમરાહ ૨૬ સ્થાનના સુધારા સાથે ૧૧મા ક્રમે પહોંચી ગયો છે. ચહલ ૧૦ સ્થાન ઉપર ચડીને ૩૦મા ક્રમે પહોંચી ગયો છે. શાર્દૂલ ઠાકુરને પણ મોટો ફાયદો મળ્યો છે. ઠાકુર ૩૪ સ્થાનેથી ૫૭મા ક્રમે પહોંચી ગયો છે.નવદીપ સૈનીને ૭૧મા ક્રમે અને રવીન્દ્ર જાડેજાને ૭૬મા ક્રમે રખાયો છે. બોલરોમાં અફઘાનિસ્તાનના રાશિદખાન પહેલા તો મુજીબ ઉર રહેમાન બીજા સ્થાને છે.

### ભારતીય ટીમ છઠ્ઠાથી ચોથા ક્રમે આવી

ન્યૂઝીલેન્ડ સામેની ટી ૨૦ ઇન્ટરનેશનલ સિરીઝનો ક્લીન સ્વીપનો ફાયદો ભારતને આઈસીસી રેન્કિંગ તરીકે મળ્યો છે. આઈસીસી ટી–૨૦ ઇન્ટરનેશનલ ટીમ રેન્કિંગમાં ભારતીય ટીમ હવે ચોથા ક્રમે આવી ગઈ છે તો દક્ષિણ આફ્રિકી ટીમ પાંચમા સ્થાને સરકી ગઈ છે. ન્યૂઝીલેન્ડ છઠ્ઠા નંબરે, અફઘાનિસ્તાન સાતમા, શ્રીલંકા આઠમા, બાંગ્લાદેશ નવમા અને વેસ્ટઇન્ડિઝ ૧૦મા નંબરે છે.

## ધોની ઘણા લાંબા સમયથી રમ્યો નથી તેથી તેની વાપસી મુશ્કેલ : કપિલદેવ



નવી દિલ્હી : દિગ્ગજ ભારતીય ઓલરાઉન્ડર કપિલ દેવે પૂર્વ કેપ્ટન ધોનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી પર શંકા વ્યક્ત કરતાં કહ્યું કે મને નથી લાગતું કે કોઈ ઘણા લાંબા સમયથી રમતથી દૂર રહીને પછી ફરી વાર વાપસી કરી શકે. કપિલ દેવે જણાવ્યું કે જો તમે આટલા લાંબા સમય સુધી ક્રિકેટ ન રમ્યા હોય તો મને નથી લાગતું કે તમે ક્યાંયથી પણ વાપસી કરી શકો. આઈપીએલમાં ધોનીનું લયમાં હોવું ઘણું મહત્ત્વનું હશે. ધોનીએ દેશ માટે ઘણું યોગદાન આપ્યું છે પરંતુ જ્યારે તમે છ-સાત મહિના સુધી ન રમ્યા હોય તો બધાના મગજમાં શંકાનો કીડો સળવળે છે. ધોની પાસે આઈપીએલ દ્વારા તક હશે. ત્યાં તેનો લય ઘણો મહત્ત્વનો હશે અને પસંદગીકારોને જોવું પડશે કે દેશ માટે શું સર્વશ્રોષ્ઠ છે. આને કારણે ઘણી ચર્ચાવિચારણા શરૂ થાય છે જે ખરેખર ન થવી જોઈએ. પૂર્વ સ્પીકર સુનીલ ગાવસ્કરે પણ આઈપીએલમાં ધોનીના રમવા અંગે સંદેહ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ફિટનેશ એક એવી વસ્તુ છે જે અંગે કંઈ પણ ન કહી શકાય.

## વિમેન્સ હોકીઃ નવનીત કૌરના બે ગોલ, ભારતે ન્યૂઝીલેન્ડને 3-0થી હરાવ્યું

ઓકલેન્ડ : સ્ટાર સ્ટ્રાઈકર નવનીત કૌરના બે ગોલની મદદથી ભારતીય વિમેન્સ હોકી ટીમે પાંચ મેચોની શ્રોણીની અંતિમ મેચમાં ન્યૂઝીલેન્ડને ૩-૦થી હરાવ્યું હતું. નવનીત કૌરે ૪૫મી તથા ૫૮મી મિનિટે ગોલ નોંધાવ્યા હતા. શર્મિલાએ ૫૪મી મિનિટે ગોલ કર્યો હતો. પ્રથમ બે ક્વાર્ટરમાં બંને ટીમોએ સતત એકબીજા ઉપર આક્રમણ કર્યું હતું પરંતુ ગોલ નોંધાવી શકી નહોતી. નવનીતે ૪૫મી મિનિટે ગોલ કરીને ભારત માટે ખાતું ખોલ્યું હતું અને સ્કોર ૧-૦નો કર્યો હતો. શર્મિલાએ ૫૪મી મિનિટે ગોલ કરીને ભારતની લીડ બેવડી કરી નાખી હતી. મેચ પૂરી થવામાં ગણતરીની મિનિટો બાકી હતી ત્યારે નવનીતે પોતાનો બીજો ગોલ કરીને ટીમને ૩-૦થી વિજય અપાવી દીધો હતો. ભારતે કિવિ પ્રવાસના પ્રથમ મુકાબલામાં ન્યૂઝીલેન્ડ ડેવલપમેન્ટ ટીમને ૪-૦થી હરાવી હતી.

## કોરોના વાયરસની અસરઃ એફઆઈબીએ એશિયા કપની તારીખમાં ફેરફાર કર્યા

નવીદિલ્હીઃ આંતરરાષ્ટ્રીય બાસ્કેટબોલ સંઘે કોરોના વાયરસને કારણે બુધવારે એફઆઈબીએ એશિયા કપમાં ચાઈના અને મલેશિયા વચ્ચેની ક્વોલિફાયર મેચ મુલતવી રાખવાનો નિર્ણય લીધો હતો. ૨૪ ફેબ્રુઆરીએ બંને ટીમો વચ્ચે મેચ યોજાવાની હતી. આ મેચ માટેની નવી તારીખની જાહેરાત પછી કરવામાં આવશે. જો કે, ૨૧ ફેબ્રુઆરીએ જાપાન અને ચીન વચ્ચે મેચ શેડયુલ પ્રમાણે થશે. નોંધપાત્ર વાત એ છે કે કોરોના વાયરસ ચીનના વુહાન શહેરમાંથી બહાર આવ્યો છે અને એક મહિનામાં જ તે વિશ્વના ૨૦થી વધુ દેશોમાં પહોંચી ગયો છે. નિષ્ણાંતો એવી ધારણા કરી રહ્યા છે કે આ વાયરસ પહેલા કરતા વધારે લોકોને ફેલાવી શકે છે અને તેને સમાવી શકે છે. જેને કારણે એફઆઈબીએ એશિયા કપના કાર્યક્રમમાં ફેરફારનો નિર્ણય કર્યો છે.

## કોરોના વાઈરસના ભયથી ચીનમાં લોકો પાલતું જાનવરોને મારીને રસ્તા પર ફેંકી રહ્યા હોવાનો દાવો

# ચીનમાં હવે બર્ડ ફ્લુનો હુમલો : હુનાન એપી સેન્ટર

બેઈજિંગ : ચીનમાં કોરોના વાઈરસના કેર વચ્ચે હુનાન પ્રાંતના શુઆંગ કિંગ જિલ્લાના એક ફાર્મમાં ખતરનાક બર્ડ ફ્લુએ હુમલો કર્યો હોવાના અહેવાલ છે. હુબેઈ પ્રાંત કોરોના વાઈરસનું એપી સેન્ટર છે જ્યારે બર્ડ ફ્લુનું એપી સેન્ટર હુનાન પ્રાંત બન્યું છે.

ચીનના કૃષિ અને ગ્રામીણ બાબતોના મંત્રાલયના નિવેદન મુજબ આ ફાર્મમાં ૭,૮૫૦ મરઘીઓ છે, જેમાંથી ૪,૫૦૦નાં મોત થઈ ગયા છે. જોકે, એચ૫એન૧થી હજી કોઈ માણસ પર અસર થઈ હોવાનું જાણવા મળ્યું નથી. બર્ડ ફ્લુનો હુમલો એવા સમયે થયો છે જ્યારે ચીનના અધિકારીઓ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા સંઘર્ષ કરી રહ્યા છે. બીજીબાજુ ચીનમાં કોરોના વાઈરસ એટલો બધો ભયાનક થઈ ગયો છે કે હવે ત્યાં રસ્તા પર લોકોના શબ મળી રહ્યા છે. લોકો હરતા ફરતા અચાનક પડી જાય છે. આ સિવાય સ્થિતિ એટલી ભયાનક છે કે લોકો હવે તેમના પાલતુ જાનવરોને મારીને ગલીઓમાં ફેંકી રહ્યા છે. સાઉથ ચાઈના મૉર્નિંગ પોસ્ટ અખબારે શનિવારે ચીનના કૃષિ અને ગ્રામીણ બાબતોના પ્રધાન સાથેની વાતચીતના આધારે અહેવાલ આપ્યો છે કે શયોયાંગ શહેરના શુઆનક્વિંગ જિલ્લામાં એક ફોર્મમાંથી ફ્લૂ ફેલાવાની માહિતી મળી છે. ફોર્મમાં ૭,૮૫૦ મરઘીઓ છે અને ૪૫૦૦ મરઘા ચેપથી મૃત્યુ થઈ ચુક્યું છે.ચેપ ફેલાયા પછી સાવચેતીના પગલા તરીકે સ્થાનિક અધિકારીઓએ ૧૭,૮૨૮ મરઘાને મારી નાખ્યા છે. જો કે, હુનાનમાં હજી સુધી કોઈ પણ વ્યક્તિને ઊઁ૫દ્ર૧ ચેપ લાગ્યો નથી.




## થાઈલેન્ડમાં કોરોનાના ૨૫ કેસ નોંધાયા

થાઇલેન્ડમાં મંગળવારે કોરોના વાયરસના છ નવા કેસની પુષ્ટી કરવામાં આવી છે, જેમાંથી ચાર થાઈલેન્ડના નાગરિકો છે અને અન્ય બે ચીનના છે. અહીં કુલ મળીને ૨૫ કોરોના વાયરસનાં ચેપ નોંધાયાનું સમર્થન મળ્યું છે. જે ચીન બાદ સૌથી વધારે સંખ્યા છે. આ પહેલા આજે હોંગકોંગમાં એક વ્યક્તિનું મોત થયું છે. ચીનમાં કોરોના વાયરસના કહેરના કારણે અત્યાર સુધીમાં કુલ ૪૨૬ લોકોના મોત થયા છે. જ્યારે ૨૦ હજારથી વધારે મામલાની પુષ્ટી કરવામાં આવી છે. કોરોના વાયરસથી એક સંદિગ્ધ દર્દીને પંજાબના ફરીદકોટમાં જિલ્લા અદિકારીને એક સરકારી હોસ્પિટલાંથી આઈસોલેશન વોર્ડમાં દાખલ કરવા માટે સ્થાનિક પોલીસની મદદ લેવી પડી હતી. ૩૮ વર્ષનો શખ્સ ચીન થઈને કેનેડાથી પરત ફર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ચીનમાં કોરોના વાયરસે મચાવેલા હાહાકારથી અહીં રહેતા છાત્રો, વેપારીઓ, કંપનીઓમાં જોબ કરતાં કર્મચારીઓ વગેરે ભારત પરત આવી રહ્યા છે. જેને લઇ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ચીનથી પરત આવતા મુસાફરોનું પ્રત્યેક જિલ્લામાં મેડિકલ ટીમ દ્વારા સ્ક્રિનિંગ કરાઇ રહ્યું છે.

## કોરોના વાયરસથી ચીનને થયું ૧૪૦ અબજ ડોલરનું નુકસાન, વ્યાપાર-ધંધા ઠપ

એક અઠવાડિયામાં કોરોના વાયરસને કારણે ચીનને ૧૪૦ અબજ ડોલરનું નુકસાન થયું છે. ખરેખર, ચીનમાં ચંદ્ર નવા વર્ષ પછી લોકો સામાન્ય રીતે તેમના મિત્રો, સહકર્મચારીઓ અને પરિવારના સભ્યો સાથે મોજ માણવા રજા પર જાય છે. પરંતુ કોરોના વાયરસ જે કે એક ચેપી રોગ છે, તેની અસર લોકોના બિઝનેશ પર પડી છે. ગયા વર્ષે તહેવાર દરમ્યાન ખર્ચ ૧ ટ્રિલિયન યુઆન (ઇં ૧૪૩ અબજ ડોલર) થયું હતું, જે ૨૦૧૮ ની તુલનામાં ૮.૫ ટકાનો વધારે હતું. માએ કહ્યું છે કે કોરોના વાયરસ ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યો છે. દેશભરમાં ૧૭,૦૦૦ થી વધુ કેસ નોંધાયા છે. મા કહે છે કે ચાઇનીઝ નવા વર્ષ પર કંપનીઓ પર ખરાબ અસર પડી છે. ઓક્સફર્ડ ઇકોનોમિક્સ અનુસાર એક વર્ષ અગાઉની તુલનામા પ્રથમ ત્રિમાસિક ગાળામાં વાસ્તવિક ખાનગી વપરાશમાં ફક્ત ૧.૧% નો વધારો થશે. જે અગાઉના ૬.૮% વૃદ્ધિનનાં આગાઉનાં પુર્વાનુમાનથી નીચે છે. સૌથી વધુ જોખમ પર્યટન, મનોરંજન, છૂટક વેચાણ અને રેસ્ટોરાં જેવા વ્યવસાયોને થયું છે. કારણ કે વાયરસને ફેલાતા અટકાવવા માટે તેમનાં પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.

## હેડક્વાર્ટર તાઇઝોઉમાં ૧.૨ કરોડ લોકો ઘરોમાં કેદ

ચીની સત્તાવાળાઓએ ચીનના વધુ શહેરોની તાળાબંધી જાહેર કરાઈ છે. તેમાંથી એક શહેર શાંઘાઇથી ફક્ત ૧૭૫ કિલોમીટર દૂર આવેલું છે. હેંગઝોઉ પ્રાંતના તાઇઝોઉમાં લોકોને ઘરોમાં જ રહેવાનો આદેશ અપાયો છે. અલીબાબાના મુખ્યમથક ધરાવતા આ શહેરમાં જીવનજરૂરી વસ્તુઓની ખરીદી માટે દર બે દિવસે પરિવારની એક જ વ્યક્તિને બહાર જવાની પરવાનગી આપવામાં આવી છે. હેંગઝોઉના ૩ જિલ્લામાં તાળાબંધી જાહેર કરાઈ છે.

## કેથે પેસિફિકે કર્મચારીઓને કપાતા પગારે રજા લેવા કહ્યું

હોંગકોંગમાં હેડ ઓફિસ ધરાવતી કેથે પેસિફિક એરલાઇને તેના ૨૭,૦૦૦ કર્મચારીઓને ત્રણ અઠવાડિયાં માટે કપાતા પગારે રજા ઉપર ઊતરી જવા કહ્યું છે. કંપનીને ગયા વર્ષે હોંગકોંગમાં થયેલા આંદોલનના કારણે ભારે નુકસાન થયું હતું અને હવે કોરોના વાઇરસના કારણે તેનો કેશ ફ્લો અટકી ગયો છે. કર્મચારીઓ પહેલી માર્ચથી ૩૦ જૂન સુધીના સમયગાળામાં આ રજાઓ લઈ શકશે. બીજી તરફ એર બસે તેનો ચીનનો પ્લાન્ટ બંધ કરી દીધો છે.

## હોંગકોંગમાં ૧નું મોત નીપજ્યું, મલેશિયામાં પહેલો કેસ નોંધાયો

ચીનની સરહદો વટાવીને હોંગકોંગ પહોંચેલા કોરોના વાઇરસે મંગળવારે પહેલો ભોગ લીધો હતો. જ્યારે મલેશિયામાં એક કેસ મળ્યો હતો. જાન્યુઆરીમાં ચીનના વુહાન શહેરની મુલાકાત લેનાર ૩૯ વર્ષીય પુરુષનું કોરોના વાઇરસના કારણે મંગળવારે મોત થયું હતું. ચીનની બહાર કોરોનાના કારણે નોંધાયેલું આ બીજું મોત હતું. પહેલું મોત રવિવારે ફિલિપાઇન્સમાં નોંધાયું હતું. મકાઉમાં આવેલા તમામ કેસનો વધુ જાહેરાત ન થાય ત્યાં સુધી બંધ કરાયા છે. તે ઉપરાંત ૩૦,૦૦૦ બ્રિટિશરોને ચીન છોડી જવા આદેશ આપ્યો છે.

## હુબેઈ પ્રાંતમાં ૯૭ ટકા લોકોના મોતનું કારણ 'કોરોના' વાયરસ

# દુનિયાને વાયરસથી બચાવવા ચીને હુબેઈ પ્રાંત સાથે સંપર્ક તોડ્યો, ૬ કરોડ લોકો ભગવાન ભરોસે

ચીનમાં વાઈરસને કારણે સર્જાયેલી પરિસ્થિતિમાં મ્યૂઝિશિયન ઝાંગ યારૂનાં દાદીએ સોમવારનાં દમ તોડી દીધો હતો. તેઓ કોમામાં હતા. હૉસ્પિટલે તેમની સારવાર કરવાની ના કહી દીધી. જૉન ચેન કૉલેજ ગ્રેજ્યુએટ છે. તેમની માતા કોરોના વાયરસથી ચેપગ્રસ્ત છે. તે એટલી કમજોર થઈ ગઈ છે કે હૉસ્પિટલમાં સારવાર માટે લાઈનમાં ઉભી નથી રહી શકતી. ૩૦ વર્ષનો એક ડૉક્ટર ખુદ શ્વાસ ગણી રહ્યો છે. આ હદય ધ્રુજાવી દેનારી વાત હુબેઈની છે. ચીનનો એક વિસ્તાર જેની વસ્તી ૬ કરોડ છે. ચીનની સરકારે હવે આને એની કિસ્મત પર છોડી દીધો છે. કોરોના વાયરસથી મરનારા ૯૭ ટકા લોકો અહીંનાં છે. હુબેઈની રાજધાની વુહાન છે. આખા ચીનમાં આ વાયરસથી ચેપગ્રસ્ત જેટલા લોકો છે તેના ૬૭ ટકા હુબેઈમાં છે. મરનારાઓની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહી છે. લોકલ હેલ્થ સિસ્ટમની સ્થિતિ ખરાબ થઈ ચુકી છે. દર્દીઓ એટલા છે કે હૉસ્પિટલમાં પગ રાખવાની પણ જગ્યા નથી. કોરોના વાયરસનાં રહસ્યમય વાયરસે સૌથી પહેલા અહીં જ દેખા દીધી હતી. ૨૩ જાન્યુઆરીનાં રોજ ચીનની સરકારે આખા હુબેઈ પ્રાંતને એકલો-અટુલો કરી દીધો. ચીનનાં રાષ્ટ્રપતિ શી જિનપિંગે કડક નિર્દેશો આપ્યા છે. તે પ્રમાણે હુબેઈથી કોઈપણ બહાર નથી જઈ શકતુ. ઉદ્દેશ છે વાયરસને ફેલાતા રોકવો જેથી આખી દુનિયાને બચાવી શકાય. વુહાનનાં પૂર્વ ડેપ્યૂટી ડાયરેક્ટર જનરલ યાંગ ગાંગહુન કહે છે કે જો આખા રાજ્યની ઘેરાબંધી ના કરવામાં આવી તો બીમાર લોકો સારવારનાં ચક્કરમાં ગમે ત્યાં જઈ શકે છે. આનાથી આખું ચીન જીવલેણ વાયરસની પકડમાં આવી શકે છે. આનાથી લોકોનું જીવવું મુશ્કેલ થઈ ચુક્યું છે. સમજો કે આ બધુ યુદ્ધ લડવા જેવું છે.



હૉસ્પિટલમાં પગ રાખવાની પણ જગ્યા નથી : સરકારનાં આઠ હજાર મેડિકલ વર્કર હુબેઈમાં કામ કરી રહ્યા

વુહાનમાં એક કરોડથી વધારે લોકો રહે છે. વિકાસની દ્રષ્ટીએ આ શાંઘાઈ, બેઈજિંગ અને ગુઆંગઝાઉથી પાછળ છે. જ્યારે વાયરસ ફેલાવાનો શરૂ થયો તો કેટલાક દિવસ સુધી કોઈને આનો અંદાજો નહોતો. આ કારણે આ ઝડપથી ફેલાયો. ડિસેમ્બરમાં લાગ્યું કે વુહાનનાં ફૂડ માર્કેટથી આ ફેલાયો છે. ડૉક્ટરોએ જણાવ્યું કે જાનવરોમાંથી આ વાયરસ મનુષ્યોમાં આવ્યો. જાન્યુઆરી સુધી સરકારે સાર્વજનિક સમારંભ કેન્સલ કર્યા નહીં. જેને લીધે પ્રકોપ વધતો ગયો હતો. આ પહેલા ઈબોલાથી ગ્રસ્ત લાઈબેરિયાનાં એક વિસ્તારને દુનિયાથી અલગ કરી દેવામાં આવ્યો હતો. આ વાત ૨૦૧૪ની છે. ત્યારે ત્યાં દંગા ફેલાયા હતા. પેકિંગ લૉ સ્કૂલનાં પ્રોફેસર ઝાંગ ક્યાનફાનનું કહેવું છે કે લોકલડાઉનનો મતલબ એ ના થાય કે લોકોને મરવા માટે છોડી દેવામાં આવે. ત્યાં દવાઓની ઉણપ ના થવા દેવી જોઈએ. સરકારનાં ૮ હજાર મેડિકલ વર્કર હુબેઈમાં કામ કરી રહ્યા છે.

# ઍરલિફ્ટ કરાયેલા ૬૪૫ ભારતીયોને કોરોના વાઈરસનો ચેપ નથી લાગ્યો

નવી દિલ્હીઃ ચીનના વુહાન પ્રાંતમાં કોરોના વાઈરસના આતંકના પગલે ત્યાંથી ઍરલિફ્ટ કરવામાં આવેલા ૬૪૫ ભારતીયોને આર્મી બેઝ કૅમ્પ અને આઈટીબીપી કૅમ્પમાં અલાયદા વૉર્ડમાં રાખવામાં આવ્યા હતા અને વાઈરસના કથિત ચેપ માટે તેમનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટનું પરિણામ ગુરુવારે આવ્યું હતું અને તેમાંના કોઈને પણ કોરોના વાઈરસનો ચેપ નહીં લાગ્યો હોવાનું જાણવા મળ્યું હતું. ૬ ફેબ્રુઆરી સુધીમાં ૧,૨૬૫ ફ્લાઈટના ૧,૩૮,૭૫૦ પ્રવાસીઓમાં કોરોના વાઈરસના ચેપનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું, પરંતુ કોઈ પણ નવો કેસ જાણવા નથી મળ્યો. ભારતમાં અત્યાર સુધીમાં કોરાના વાઈરસના ત્રણ કેસ જાણવા મળ્યા છે. આ ત્રણે કેસ કેરળના છે. તેઓ વુહાનની મેડિકલ યુનિવર્સિટીમાં ભણતા હતા અને તાજેતરમાં ભારત પરત ફર્યા હતા.

# કોરોના વાઈરસના દર્દીઓ માટે ચીને ૧૫૦૦ બેડની બીજી હૉસ્પિટલ બનાવી

બીજિંગઃ દર્દીઓ માટે ચીને બીજી હૉસ્પિટલ તૈયાર કરી છે અને ટૂંક સમયમાં એમાં આ વાઈરસથી ગ્રસ્ત રોગીઓને સારવાર માટે દાખલ કરવામાં આવશે. દરમિયાન, હૉંગકૉંગનાં સ્વાસ્થ્ય યુનિયનોએ સરહદ બંધ કરવાની માગણી નહીં સ્વીકારાય તો સ્વાસ્થ્ય વિભાગના ૨૦,૦૦૦ કર્મચારીઓ હડતાળ પર ઊતરશે એવી ધમકી આપી છે. ચીને આંશિક લક્ષણો ધરાવતા દર્દીઓને પણ સારવાર માટે સ્પૉર્ટ્સ સેન્ટર જેવાં જાહેર સ્થળોએ શરૂ કરવામાં આવેલી હંગામી હૉસ્પિટલોમાં મોકલવા શરૂ કર્યા છે. ખાસ આ વાઈરસગ્રસ્ત રોગીઓને માટે બનાવાયેલી ૧૦૦૦ ખાટલાવાળી હૉસ્પિટલ કાર્યરત થયા બાદ નવી ૧૫૦૦ ખાટલાવાળી બીજી હૉસ્પિટલ બાંધવામાં આવી છે. વુહાનમાં ૧૨,૫૦૦ ખાટલાવાળી ૧૩૨ હંગામી હૉસ્પિટલ ખાસ આ વાઈરસથી ગ્રસ્ત દર્દીઓની સારવાર માટે શરૂ કરાઈ છે.


સસ્તી ટિકીટો અને સરસ સેવા માટે કાયમ નંબર વન
ઓછામા ઓછા ભાડાની ખાતરી આપતું એક માત્ર ટ્રાવેલ્સ
LOWEST FARES GUARANTEED
Rank One
Travels & Tours
SPECIAL SEAT SALE
www.rankonetravels.com
એર ઈન્ડિયાની ફ્લાઈટમાં
સૌથી સસ્તા દરે
મુસાફરી કરો
FARES TO
MUMBAI, AHMEDABAD,
VADODRA, KOLKATA,
DELHI, BANGALURU,
CHENNAI, HYDERABAD
AIRTRAVEL - HOTEL - VACATION PACKAGES - CRUISES - INSURANCE
CALL US TODAY!
905.672.5300 I 1-866.929.5300
Email: rajesh@rankonetravels.com
tico.ca
LIC: 50021002
49, Hillcrest Avenue,
Unit - 203, Brampton L6W 4V4
CLIA
CRUISE LINES INTERNATIONAL ASSOCIATION, INC.


AF
AAHA FOODS
www.aahafoods.ca
aahafoodscanada
India's No 1 Candy with a tangy twist Now Available in 5 flavours all across #Canada
PRAN JAAYE PAR PULSE NA JAAYE
PASS PASS PULSE
Wholesale Company of Ethnic Food Products
AAHA FOODS
(A Division of SR India Marketing INC)
Unit No. 2, 1850 Ellesmere Road,
Scarborough, ON M1H 2V5 Canada
+1 416-925-6339, +1 416-666-8525,
+1 647-831-9149
Fax: 647-351-7157
Email: siva@srimi.com , ram@srimi.com